


# મૂર્તિમંડન



આ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

## ટાઇટલ ચિત્ર પરિચય



હે નાથ ! જેઓ રાગ-દ્વેષથી ભરેલા છે તેવા હરિહર વગેરે દેવોને મેં જોયા. તે સારું જ થયું. મારા માટે, એમ હું માનું છું.

કેમકે તેઓ બધા દેવોને જોયા પછી તો મારું મન તમારામાં જ સંતોષ પામે છે આનંદ પામે છે.

પણ હે નાથ ! આપના દર્શન હવે ભવાંતરમાંય આ જગતના અન્ય કોઈ દેવ મારા મનને હરી શકશે નહીં, વશ કરી શકશે નહીં....

ભવોભવ આપનું શરણ હો.....

શ્રી ૐકારાય નમો નમઃ
દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામિને નમઃ
પૂ. લબ્ધિ-ભુવન-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ

# મૂર્તિમંડન


-: લેખક :-
પૂ.કવિકુલકિરીટ, સૂરિસાર્વભૌમ,
જૈનરત્નવ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**

-: ગુજરાતી અનુવાદક :-
**ગણિવર વિક્રમસેનવિજયજી**

પ્રકાશક : **શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાલા-છાણી**
**શ્રી લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન-છાણી**

બીજુ સંસ્કરણ (હિન્દી) : વીર સં. ૨૪૬૭, આત્મ સં. ૪૫
વિક્રમ સં. ૧૯૯૭

ત્રીજુ સંસ્કરણ (હિન્દી) : વીર સં. ૨૫૩૭, આત્મ સં. ૧૧૫
વિક્રમ સં. ૨૦૬૭
લબ્ધિ સં. ૫૦

ચોથું સંસ્કરણ (ગુજરાતી) : વીર સં. ૨૫૭૧, આત્મ સં. ૧૧૯
વિ.સં. ૨૦૭૧,
લબ્ધિ સં. ૫૪

પ્રાપ્તિસ્થાન : **રાજેશભાઈ એન. શાહ**
કાપડના વ્હેપારી, મેઈન બજાર,
પો. છાણી-૩૯૧૭૪૦ (ગુજરાત)

**શ્રીૐકાર જૈન તીર્થ**
પદમલા, વાયા-છાણી, જિ. વડોદરા

પ્રકાશન દિન : **વિક્રમ સં. ૨૦૭૧, શ્રા.સુ.-પાંચમ**
લબ્ધિ સં. ૫૪ ભદ્ર સં. ૨૪

કિંમત : ૫૦

મુદ્રણ : કિરીટ ગ્રાફિક્સ - ૦૯૮૯૮૪૯૦૦૯૧

# બે શબ્દ

**વ્હાલા સજ્જનો...!**

આજ દિવસ સુધી વાતોને સમજાવવા માટે અનેક શતાબ્દિઓ વીતી ગઈ. કિન્તુ મૂર્તિપૂજક વિરોધીઓએ સ્વયંનો કદાગ્રહ દૂર કર્યો નહીં. પરંતુ યેન કેન પ્રકારથી સ્વમતની સિદ્ધિને માટે શાસ્ત્ર પાઠોના જુદા જુદા અર્થ કરીને અજ્ઞાન જનતાને સ્વયંના મતમાં ફસાવીને રાખી છે. હવે આ ઐતિહાસિક સમયમાં તે લોકોની પોલ ચાલશે નહીં.

પ્રભુ મહાવીરના નજદિક સમયમાં નિર્માણ થયેલી મૂર્તિઓ મળી રહી છે. જેથી એટલું તો સાબિત થાય છે કે જૈન શ્રાવકોને મૂર્તિની પૂજા કરવી આજકાલથી નહીં પરંતુ પ્રાચીન છે. અને આવશ્યક છે. એટલે મૂર્તિપૂજાના વિષયમાં વિરોધ કરવો ફક્ત મૂર્ખતા છે. આ વિરોધને છોડાવવા માટે ખરેખર ઉપકાર પરાયણ અસાધારણ વિદ્વાન્ સૂરિસાર્વભૌમ કવિકુલકિરીટ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ ગુરૂદેવ આચાર્ય શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજે વારંવાર વિવિધ ભાષાઓમાં (ઉર્દુ, હિન્દી, ગુજરાતી) ઉપકારના કારણથી મૂર્તિપૂજાના મતને પોષક પુસ્તકો લખી છે. ખૂબી એ છે કે...આજે જે જે મૂર્તિની પૂજાને નહીં માનવાવાળા છે તે બધાના કથનને યુક્તિઓથી શોભિત ખંડન કરીને મધુર ભાષામાં તેનું મંડન કર્યું છે.

જેથી આ ગ્રંથનું નામ જૈન મૂર્તિમંડન, વૈદિક મૂર્તિમંડન, આદિ વિશેષરૂપથી ન રાખતા સામાન્ય રૂપથી **'મૂર્તિમંડન'** જ

નામ રાખેલ છે. આ પુસ્તકની સમાપ્તિ પછી તરત જ શૈલાનાવાલા રતનલાલ દોશીએ સ્થાનકવાસી સમાજ તરફથી જે જે દલીલો આપી છે. તે બધી પ્રાયઃ ખંડિત થવા છતાં પણ જાદુગરની માફક દુનિયા ઉપર સ્વયંનો જાદુ ફેલાવવાની ઈચ્છાથી તે જ દલીલોથી પૂર્ણ 'લોંકાશાહમત સમર્થન' નામની એક પુસ્તિકા પ્રકાશિત કરી હતી જેમાં યુક્તિઓથી મૂર્તિપૂજાના વિધાનને ઉડાવવાનો પ્રયત્ન કર્યો છે.

પરંતુ તેનું પણ આ ગ્રંથકારે પરિશિષ્ટ રૂપમાં સિદ્ધાન્ત અને યુક્તિઓથી એવું ખંડન કર્યું છે કે મધ્યસ્થી માનવ હોય તો સ્વયંનો દુરાગ્રહ છોડીને સાચો મૂર્તિપૂજક બન્યા વગર રહે નહીં. પરંતુ આ અવસરે સૂચન જરૂરી છે કે પૂજ્ય ગુરૂદેવે તત્ત્વન્યાયવિભાકર ગ્રંથની ન્યાયથી ભરેલી ટીકાની રચનાનો પ્રારંભ કરેલ છે. તેમાં તેઓ તદાકાર થયેલા છે એટલે સમયનો અભાવ છે છતાં પણ મારી વિનંતિનો સ્વીકાર કરી પૂ. ગુરૂદેવે આ માત્ર સંક્ષિપ્ત રૂપથી રતનલાલજીના પૂર્ણ પક્ષનો ઉલ્લેખ વિશેષ રૂપથી નહીં કરતા માત્ર પ્રત્યુત્તરના લક્ષ્યને નજર સમક્ષ રાખેલ છે એટલે વાંચન કરનાર ઇચ્છુકે તે પુસ્તિકા નજર સમક્ષ રાખવી આવશ્યક છે. છતાં પણ જો તે પુસ્તક પ્રાપ્ત ન થાય તો પણં મૂર્તિપૂજા વિશે શ્રદ્ધા તો અવશ્ય થશે. બસ પંડિતો માટે આટલું..

(પૂ.દાદાગુરૂદેવશ્રીના શિષ્ય)

**– વિક્રમવિજય**

• • •

# પ્રકાશકીય


શ્રી લબ્ધિ-ભુવન-જૈન સાહિત્ય સદન-છાણીના ભાગ્યોદયે ગૌરવાસ્પદ આ વર્ષ પૂ. દાદાગુરૂદેવશ્રી આ. લબ્ધિસૂ.મ.ની પુણ્યતિથિ સુવર્ણવર્ષસમાપ્તિની સ્મૃતિમાં તેઓશ્રીની રચનાના ગ્રંથોની દ્વિતીય આવૃત્તિ પ્રકાશન કરવાનો અવસર પ્રાપ્ત થયો, આવા પ્રસંગો દેવગુરૂની કૃપાથી જ પ્રાપ્ત થતા હોય છે. છાયાપુરીનગરમાં શ્રી લબ્ધિસૂરીશ્વરજી ગ્રંથમાળાએ ઘણા વર્ષો પૂ.ગુરૂદેવોના ગ્રંથોને પ્રકાશિત કરી જ્ઞાનપ્રચાર દ્વારા સેવા કરી, ત્યારબાદ સં. ૨૦૧૭ થી શ્રી લ.ભુ.જૈન સા.સ. છાણી દ્વારા ૫૦ વર્ષોથી મહાન ગ્રંથો પ્રકાશન કરી જ્ઞાનપ્રચાર કરી રહ્યા છે. પૂજ્યશ્રીના સુવર્ણવર્ષ નિમિત્તે "મૂર્તિમંડન" પુસ્તક પ્રકાશિત કરીએ છીએ.

- પૂજ્યશ્રી બાલ્યાવસ્થામાં હતા ત્યારે પૂ. વિજયાનંદસૂ. મ.નું ગુણાષ્ટક સંસ્કૃતમાં રચના કરેલ, અને પૂ.ચતુરવિજય મ. દ્વારા રચાયેલ પૂ.આ. કમલસૂ.મ., મુનિ લબ્ધિવિજય મ.નું ગુણાષ્ટકની રચના થયેલ, તેના પરથી મહાપુરૂષોના ગુણો કેવા હતા, તેનો ભાસ થાય છે.
- સુવર્ણવર્ષની પાવન પળોમાં લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન દ્વારા (૧) ચૈત્યવંદન-સ્તુતિ ચતુર્વિંશતિકા (૨)

સૂરિસાર્વભૌમના શરણમાં (૩) દયાનંદકુતર્કતિમિરતરણિ (૪) મૂર્તિમંડન (૫) નૂતનસ્તવનાવલી પ્રકાશિત થયા.

- આગામી પ્રકાશનમાં તત્ત્વો તથા ન્યાયથી ભરપૂર "તત્ત્વન્યાય વિભાકર-સટીક" ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયું. આગળ સૂત્રાર્થમુક્તાવલી ગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત થશે.
- આ પ્રકાશન પ્રગટ થવામાં પૂ.સ્વ. આ.લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરિ મ.સા.ની દિવ્યકૃપાના બળે, અમારી સંસ્થાના પરમ ઉપકારી આ.શ્રી **પુણ્યાનંદસૂરિજી** મ.ના શુભાશિષના સહારે, પૂ.ગણિવર **વિક્રમસેનવિજયજી**ના સફળ સંકલન હેઠળ સાધ્વી **હર્ષપ્રજ્ઞાશ્રીજી** દ્વારા ગ્રંથના પ્રેસકોપી, પ્રુફ સંશોધનના સહયોગથી જલ્દી કાર્ય થયું. આ અવસરે તેઓશ્રીને વંદના...
- જ્ઞાનપિપાસુ શ્રીસંઘો-ગુરૂભક્તો દ્વારા જ્ઞાનદ્રવ્યના દાનથી સુલભતાથી ગ્રંથ પ્રકાશિત થયો, સૌની અનુમોદના.
- પ્રકાશન પ્રિન્ટીંગમાં સુંદર સજાવટ સાથે પ્રગટ કરવામાં **કિરીટ ગ્રાફિક્સ**-અમદાવાદ, **નેહજ**-સપ્તર્ષિ પરિવાર-મુંબઈ સહયોગ મલ્યો, ધન્યવાદ.
- પ્રકાશનનો ઉપયોગ ગૃહસ્થે મૂળકિંમત જ્ઞાનભંડારમાં ભરીને ઉપયોગ કરવો.
- જિનાજ્ઞાદિ વિરૂદ્ધ કંઈ છપાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્...

• • •



પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ

रागद्वेषपरित्यक्ता, विज्ञाता विश्ववस्तुनः ।
सेव्यः सुधाशनेशानां, गिरीशो ध्यायते मया ॥ १ ॥

सूरिं श्रीविजयानन्दं, तं नमामि निरन्तरम् ।
यस्याभूवं प्रसादेन, बालोऽपि मुखरीतरः ॥ २ ॥

प्रणम्य सद्गुरुं भक्त्या, सूरिं श्रीकमलाह्वयम् ।
क्रियते मूर्तिपूजाया-मण्डनं दुःखखण्डनम् ॥ ३ ॥

આ સંસારમાં જેટલા મતના પ્રવર્તક પુરૂષ છે. તેઓ બધા કહે છે કે ઈશ્વર પરમાત્માનું ધ્યાન આ અસાર સંસારથી પાર પમાડનારું છે. પરંતુ આ વાતનો વિચાર નથી કરતા કે નિરાકારનું ધ્યાન કેવી રીતે થઈ શકે ? કારણ કે જેનો કોઈ આકાર જ નથી તો તેનું કોઈ પણ મનુષ્યમાત્ર સ્વયંના હૃદયમાં ધ્યાન નથી કરી શકતા. જેમ કોઈ પુરૂષને કહેવાય કે શીતલદાસ જે છે તે મોટા યોગ્ય પુરૂષ છે અને મુંબઈમાં રહે છે. તમો તેનું ધ્યાન ધરો. જે પુરૂષને શીતલદાસનું ધ્યાન ધરવા માટે કહ્યું પણ તેને શીતલદાસનું ક્યારેય પણ દર્શન નથી કરેલું તો બિચારો તેનું ધ્યાન કેવી રીતે કરી શકે ? જો તે સમયે તેને શીતલદાસનો ફોટો બતાવીને કહેવામાં આવે કે હવે તમો તેનું ધ્યાન ધરો તો તે સમયે જ તેનું તે ચિત્તથી ધ્યાન કરી શકશે. પરંતુ ફક્ત નામ માત્રથી કાર્ય થઈ શકતું નથી. જો નામ સાંભળવાથી જ કાર્ય સિદ્ધ થઈ જાય તો આર્યસ્કુલ (પાઠશાળા)માં અથવા ઈસાઈસ્કુલમાં ભણવાવાળા બાળક અથવા બાલિકાઓને વિવાહના સમયમાં એક બીજાના ચિત્ર ન દેખતા ફક્ત તે છોકરા-છોકરીના નામ જ પૂછી લેશે. પરંતુ આ પ્રમાણે નથી કરતા.

જેની સાથે વિવાહ કરવો હોય તેઓના ચિત્ર અરસ પરસ અવશ્ય દેખી લે છે. હવે વાત ધ્યાનમાં લો કે છોકરા - છોકરી તો એક પ્રત્યક્ષ વસ્તુ છે તો તેઓના ચિત્ર વિના કાર્ય થઈ શકતું નથી તો તે નિરાકાર પરમાત્મા છે. તેઓનું સ્વરૂપ ચિત્ર વિના

અવલોકન કરવું અત્યંત દુઃસાધ્ય છે અને તેનું ધ્યાન કરવું પણ ખરેખર ચિત્ર વિના કઠીન છે, જો કોઈ આ પ્રમાણે કહે કે પુરૂષ તો સ્વરૂપવાળો છે એટલે તેનું ચિત્ર બની શકે. પરંતુ ઈશ્વર પરમાત્માની તો કોઈ મૂર્તિ જ નથી તો તેઓની મૂર્તિ થઈ શકતી નથી. પુરૂષ માત્રને આ વાતનું જ્ઞાન હોવું જરૂરી છે કે અમારા ઢુંઢીયા ભાઈ તો આ પ્રમાણે કહી શકતા જ નથી, કારણે કે તેઓ પણ અમારી (મૂર્તિપૂજકની) જેમ ચોવીશ અવતારોને સાકાર (આકારવાળા) માને છે. તમો દેખાડો કે આ લોકો મૂર્તિપૂજાથી કેવી રીતે છૂટી શકે છે.

બીજા જે અન્યમતાનુયાયી છે તેઓ પણ આ મૂર્તિપૂજાથી છૂટી શકતા નથી. ફક્ત તેઓનું આ ફોગટ કહેવું છે કે અમો મૂર્તિને માનતા નથી. તો આ વાર્તા આપ સૌને યથાકથન રાજાના દૃષ્ટાન્તથી સારી રીતે ખ્યાલ આવી જશે. જો ઈર્ષ્યાના ઉપનેત્રને (ચશ્મા) ઉતારીને ધ્યાનમાં લેશો તો અવશ્ય મૂર્તિપૂજાના સૂક્ષ્મવિષયને તમો માની લેશો. હવે તમો એકચિત્ત થઈ સાંભળો...

એક નગરમાં એક રાજા હતો. તે મોટો ધર્માત્મા-જિજ્ઞાસુ અને સમદર્શી હતો. તેને બે મંત્રી હતા. તેમાંથી એક મંત્રી મૂર્તિપૂજાને માનતો હતો અને બીજો માનતો નહોતો. અને રાજા સ્વંય મૂર્તિપૂજા કર્યા કરતાં હતાં. રાજા પ્રતિદિન પ્રાતઃ કાલમાં ઇષ્ટ દેવની ભક્તિપૂજા કરીને રાજસભામાં આવતા હતા. એટલે પ્રાયઃ કરીને હંમેશા આવવામાં વિલંબ થતો

હતો. એક દિવસ મૂર્તિપૂજાને ન માનવાવાળા મંત્રીએ હાથ જોડીને કથન કર્યુ કે હે મહારાજ! આપ બહુ મોડા રાજસભામાં આવો છો ? તો તેનું કારણ શું છે ? શ્રી મહારાજે જવાબ આપ્યો કે હું ભક્તિપૂજા કરીને આવુ છું. માટે પ્રાયઃ મોડું થઈ જાય છે. ત્યારે મંત્રીએ કહ્યું કે હે મહારાજ ! અપમાન ન સમજતા, આપ જેવા બુદ્ધિમાન થઈને મૂર્તિપૂજા કરો છો ? મૂર્તિપૂજાથી કોઈપણ પ્રકારનો લાભ નથી (મૂર્તિપૂજા શા માટે કરો છો) કારણ કે જડવસ્તુને ઈશ્વર માનીને પૂજવી તે બુદ્ધિશાળીઓનું કર્તવ્ય નથી. અંતમાં તે મંત્રીએ ઘણી ઘણી વાતો સંભળાવી જેથી રાજાનો ખ્યાલ તરત જ બદલાઈ ગયો અને મૂર્તિપૂજા કરવાની છોડી દીધી. જ્યારે બે ચાર દિવસ ગયા તો મૂર્તિપૂજાવાળા મંત્રીએ પણ આ વાત જાણી કે રાજાએ મંત્રીના મૂર્તિપૂજાના નિષેધક ઉપદેશથી મૂર્તિપૂજા કરવાની છોડી દીધી છે. ત્યારે એક દિવસ અવસર પામીને મૂર્તિપૂજક મંત્રીએ મહારાજને નિવેદન કર્યું કે સ્વામિન ! હે નાથ શું વાત છે ? સાંભળ્યુ છે કે આપશ્રીએ ભગવાનની મૂર્તિનું પૂજન કરવાનું છોડી દીધું છે ત્યારે મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે, હા તે સત્ય વાત છે, હવે હું જડપૂજા નહી કરૂં. જડવસ્તુ અમોને કાંઈ પણ આપી શકતી નથી મૂર્તિપૂજક મંત્રીએ કહ્યું કે હે સ્વામિન્ ! જો આ પ્રમાણે છે તો આપ પહેલા મૂર્તિપૂજા શા માટે કરતા હતા. ત્યારે રાજાએ જવાબ આપ્યો કે પહેલા હું અજ્ઞાનમાં હતો પરંતુ હવે મને બીજો મંત્રી સન્માર્ગ પર

લાવ્યો છે. એટલે મેં આ કાર્ય છોડી દીધું છે. મૂર્તિપૂજક મંત્રીએ કહ્યું મહારાજ ! આ સંસારમાં પ્રાયઃ એવો કોઈ પણ મત છે કે મૂર્તિપૂજનથી રહિત હોય ? અને કોઈપણ દશામાં તે મૂર્તિપૂજા ન માનતો હોય ?

રાજાએ કહ્યું તમારૂં કહેવું અસત્ય છે કારણકે અમારો બીજો મંત્રી મૂર્તિપૂજનને માનતો નથી અને ઢુંઢિયા-યવન-શિખ-આર્ય-ઈસાઈ ઇત્યાદિ મતવાલા મૂર્તિપૂજાને માનતા નથી. રાજાએ કહ્યું કે હા ! મને બીજા મંત્રીએ કહેલું છે કે અમે લોકો મૂર્તિને માનતા નથી. મૂર્તિપૂજક મંત્રીએ કહ્યું હે મહારાજ ! આંખો અને કાનની વચ્ચે ચાર આંગળનું છેટું છે આપે તો મંત્રી પાસેથી ફક્ત સાંભળ્યું છે. પરંતુ નિરીક્ષણ નથી કર્યું કે સાચુ શું છે? આ લોકો મૂર્તિપૂજાને માનતા નથી. જો તમો પ્રત્યક્ષ દેખી લો તો બધી વાત તમોને ખબર પડી જાય કે આ લોકો શું શું કરે છે? હું આપને સારી રીતે બતાડી શકું છું કે આ લોકો મૂર્તિપૂજાથી ક્યારેય પણ દૂર ન થઈ શકે.

રાજાએ કહ્યું કે હા ! અત્યંત હર્ષની વાત છે કે જો તમો યુક્તિપ્રમાણથી સિદ્ધ કરીને દેખાડશો તો ખરેખર તે ઉપરના ધર્માવલંબી મૂર્તિપૂજાને માને છે તો હું તરત જ તે જ ક્ષણમાં મૂર્તિની પૂજા કરવા લાગીશ અને માની લઈશ.

મૂર્તિપૂજક મંત્રીએ કહ્યું કે હે સ્વામિન્ ! બહું જ સારૂં. ત્રીજા દિવસે આપ એક રાજસભા બોલાવો અને ઢુંઢિયા-શિખ-યવન અને આર્ય આ ધર્માવલંબિયોના ચાર સુયોગ્ય

પુરૂષોને રાજસભામાં બોલાવો. રાજાએ આ વાતને સ્વીકારી લીધી. અને નક્કી કરેલા દિવસે રાજસભા બોલાવી, અને સર્વમતાનુયાયી સજ્જનો એકત્રિત થઈ ગયા. અને તે તે ધર્મના ચાર સજ્જનોને પણ બોલાવ્યા હતા. આ બધું થયા બાદ રાજાએ મૂર્તિપૂજક મંત્રીને આજ્ઞા આપી કે હવે આપ આવેલા ચાર મતાનુયાયીને પ્રશ્ન-ઉત્તર કરો અને મૂર્તિપૂજાને સિદ્ધ કરો.

મૂર્તિપૂજક મંત્રી ઢુંઢિયા ભાઈની સન્મુખ થયા અને કહ્યું. હે ભ્રાતૃગણ! શું આપ મૂર્તિપૂજાને નથી માનતા?

**ઢુંઢિયા :-** ના, અમો જડમૂર્તિને માનતા નથી કારણ કે મૂર્તિપૂજા કોઈપણ યુક્તિથી સિદ્ધ થતી નથી. અમારા કોઈપણ સૂત્રોમાં તીર્થંકરપ્રભુએ મૂર્તિપૂજાના વિષયમાં કોઈ ઉલ્લેખ કર્યો નથી.

**મંત્રી :-** પ્રથમ તો હું તમોને યુક્તિથી સિદ્ધ કરીને દેખાડું છું તો તમો સાંભળો. શું આપ સાકરમાંથી બનાવેલ "હાથી-ઘોડા-વૃષભ" આદિ રમકડા ખાવો છો કે નહીં ?

[૧]**ઢુંઢીયા :-** દેખો સાહેબ..? હું એકદમ સ્પષ્ટ કહી દઉ છું કે અમો ક્યારેય ખાતા નથી પરંતુ જ્યારથી મૂર્તિપૂજાની

૧. જે મનુષ્યને આમાં શકા હોય તો તે કોઈ એક ઢુંઢિયા ભાઈને આપની સમક્ષ ખાંડના રમકડા ખવડાવો તે ક્યારેય નહી ખાય આ જ કારણ છે કે ખરૂં તો તેઓ મૂર્તિપૂજાને માને છે. ફક્ત ઈર્ષ્યામાં જકડાઈ આકરી હઠ પકડીને કાંઈક પરમાર્થનો ખ્યાલ કરતા નથી.

વિપત્તિ અમારા ગળામાં પડવા માંડી ત્યારે તે સમયે અમારે એવું કહેવું પડે છે કે હા અમો તે ખાઈયે છીયે.

**મંત્રી :-** વાહ રે વાહ ઠીક છે મનુષ્યોના ભયથી તમોએ તમારૂં મંતવ્ય છોડી દીધું. આ વાતોથી સર્યું, જરા આપ એ તો બતાવો કે માળાના કેટલા મણકા હોય છે.

**ઢુંઢીયા :-** ૧૦૮ (એકસો આઠ)

**મંત્રી :-** ઓછા નહી અને વધારે પણ નહીં. એકસો આઠની સંખ્યા નિયત શા માટે ?

**ઢુંઢીયા :-** મને ખબર નથી આના માટે હું તમોને મારા ગુરૂજીને પૂછીને નિવેદન કરી શકુ તેમ છું.

**મંત્રી :-** સારૂં, જાવ.. પરંતુ જલ્દી પધારજો, બહું મોડું ન થાય.

**ઢુંઢીયા :-** શ્રીમાન્..! હું પૂછીને આવી ગયો છું

**મંત્રી :-** બોલો શું છે ?

**ઢુંઢીયા :-** ગુરૂજીએ કહ્યું છે કે અરિહંત પ્રભુના બાર ગુણ સિદ્ધપ્રભુનાં આઠ ગુણ અને આચાર્યજીનાં છત્રીશ, ઉપાધ્યાયજીના પચ્ચીશ, અને સાધુમહારાજના સત્તાવીશ, આ બધાનો સરવાળો કરવાથી એકસો આઠ ગુણ થાય છે એટલા માટે નવકારવાળીના મણકા એકસો આઠ રાખ્યા છે.

**મંત્રી :-** તમો કાંઈ સમજ્યા ?

**ઢુંઢીયા :-** નહીં શ્રીમાનજી, હું કાંઈ સમજ્યો નથી.

**મંત્રી :-** તમો ધ્યાન દઈ સાંભળો, હું તમોને સમજાવું છું પંચ પરમેષ્ઠીના ગુણ એકસો આઠ હોવાથી માળા (નવકારવાળી)ના પણ ૧૦૮ મણકા બનાવીને તેમાં તે મહાત્માઓના ગુણોની સ્થાપના (મૂર્તિ) શું નહીં મનાય ? જરૂરથી માનવી જ પડે. (જૈન ધર્મનો જે મૂલમંત્ર છે. જે નવકારમંત્રના નામથી પ્રસિધ્ધ છે.)

**ઢુંઢીયા :-** આ વાત તો ઠીક છે બીજી કોઈ યુક્તિઓ છે. ?

**મંત્રી :-** જરા આ વાત પર ધ્યાન આપો અને બતાવો કે તમારા લોકોના ગુરુ અને ગુરુણીના ચિત્ર હોય છે ? કે નહીં ?

**ઢુંઢીયા :-** હા સાહેબ, તેઓના સેંકડો ચિત્ર મલી શકે છે. પરંતુ અમે તો ફક્ત તેઓના દર્શન જ કરીયે છીયે ફળ-ફુલ આદિ ચઢાવી કાચા પાણી દ્વારા સ્નાન કરાવી. હિંસા તો નથી કરતા.

**મંત્રી :-** બરાબર..! જો તમે લોકો હિંસા નથી કરતા તો તમારા ગુરુ કરતા હશે.

**ઢુંઢીયા :-** તે કેવી રીતે ?

**મંત્રી :-** જે સમયે ફોટો લેવામાં આવે છે તે તમો જાણતા નથી કે કાચા પાણીથી તે ફોટાને ધોવો પડે છે જેથી

અસંખ્ય જીવોનો નાશ થાય છે. તમારા ગુરુ જાણી જોઈને ફોટો પડાવે છે તો તે સ્વંય જાણવા છતાં હિંસા કરાવે છે. જેથી તમારા ગુરુ હિંસાથી અલગ થઈ શકતા નથી અને હિંસા સમજીને ઈશ્વર-પરમાત્માની મૂર્તિની પૂજાથી હટી જવું તે તમારી મોટી મૂર્ખતા છે. ફોટો પડાવવાથી મૂર્તિનો સ્વીકાર કરવો તે પ્રત્યક્ષ પ્રતિત થાય છે.

મોટા ખેદની વાત છે કે તમે લોકો ઈશ્વર-પરમાત્માની મૂર્તિઓ નથી બનાવતા અને તેઓની સામે માથું નથી નમાવતા. પરંતુ ગુરુજીની મૂર્તિની સામે મસ્તક નમાવો છો તો આ વાતોથી તમારા ગુરુઓમાં અભિમાન પણ દેખાય છે જે સ્વયંના ફોટા ખેંચાવીને 'તે ફોટા સામે તમે લોકો મસ્તક ઝુંકાવો છો.' તો તમોને ના નથી પાડતા અને મૂર્તિપૂજા નથી બતાવતા શું ઈશ્વરની સાથે જ શત્રુતા છે ?અને શું તે તીર્થંકર પ્રભુ જે જગદ્ગુરુ કહેવાય છે. અને તેનાથી પણ શું તમારા ગુરુ મોટા છે ?

જો તમો લોકો પક્ષપાત છોડીને ધ્યાન આપશો તો મૂર્તિપૂજાથી ક્યારેય પણ દૂર નહીં થઈ શકો. સજ્જન ! બીજી એક વાત હું આપને પૂછું છું કે જે સ્થાનમાં સ્ત્રીની મૂર્તિ હોય ત્યાં બ્રહ્મચારી સાધુ રહે કે ન રહે ?

**ઢુંઢીયા :-** ક્યારેય પણ ત્યાં ન રહે, કારણ કે જૈન શાસ્ત્રોમાં લખ્યું છે કે જે સ્થાનમાં સ્ત્રીની મૂર્તિ હોય તે જગ્યા

પર સાધુ ઉતરે નહીં રહે નહીં. આ વાત અમે લોકો પણ માનીયે છીએ.

**મંત્રી :-** જરા તમો થોડું ધ્યાન તો આપો કે સૂત્રોમાં નિષેધ કેમ લખેલ છે. 'विना प्रयोजनं मन्दोऽपि न प्रवर्तते' અર્થાત્ મૂર્ખ પણ વિના પ્રયોજન કોઈ કામ કરતો નથી તો પછી સૂત્રોમાં સર્વજ્ઞો દ્વારા પ્રરૂપિત જ્ઞાન છે. શા કારણથી નિષેધ કરેલ છે ?

**ઢુંઢીયા :-** સૂત્રોમાં તે માટે જ નિષેધ કરેલ છે કે વારંવાર સ્ત્રીની મૂર્તિ સામે દેખવાથી ખરાબ ભાવો ઉત્પન્ન થાય છે.

**મંત્રી :-** તો શું વીતરાગ પરમાત્માની મૂર્તિ દેખવાથી શુદ્ધભાવ ઉત્પન્ન ન થાય ? ચોક્કસ અવશ્ય ખરેખર ઉત્પન્ન થશે. એટલા માટે જ સૂત્રોમાં નિષેધ કરેલ છે કે જે દિવાલ ઉપર સ્ત્રીની મૂર્તિ (ચિત્ર) હોય તે સાધુ અથવા બ્રહ્મચારીએ ન દેખવું જેમ મધ્યાહ્નનો સૂર્ય દેખતા જ આપણી દૃષ્ટિ તરત જ પાછી હટાવી લઈએ છીએ. આ પ્રકારે જ મુનિ સ્વયંની દૃષ્ટિ પાછી ખેંચી લે કારણ કે દીવાલ પર રહેલી સ્ત્રીની મૂર્તિ (ચિત્ર) દેખીને સાક્ષાત્ તે સ્ત્રીનું સ્મરણ થાય છે કે તે આ સ્ત્રીની મૂર્તિ છે.

હવે તમો ધ્યાનથી દેખો કે જ્યારે તુચ્છ સ્ત્રીની મૂર્તિને દેખીને સાક્ષાત સ્ત્રીનું ભાન થાય છે તો શું તીર્થંકર ભગવાનની

મૂર્તિને દેખીને તેઓનું સ્મરણ શું નહીં થાય ? અવશ્ય જ સ્મરણ થશે. અને તમે લોકો સ્વયંના ગુરુઓના ફોટાનું સન્માન તો કરો જ છો, જો તેઓના ચિત્રોનું અપમાન કરો તો તમોને ખરેખર અયોગ્ય પ્રતીતિ થાય છે તો પછી શું પરમાત્માની મૂર્તિ પ્રત્યે દ્વેષ છે જો આપ કહેશો કે અમો અમારા ગુરુઓની મૂર્તિનું સન્માન નથી કરતા, તો આપની આ વાત ખરેખર ખોટી છે. કારણ કે આ વાત અમે તો માનીએ ત્યારે કે જ્યારે તમારા ગુરૂની મૂર્તિ કોઈ એવા અપવિત્ર સ્થાનમાં પડી હોય અને તેને તમો ત્યાંથી ન લો. તો ચોક્કસ અમે પણ સંદેહ વગર માનશું કે તમો લોકો ગુરુની મૂર્તિનું સન્માન નથી કરતા. તમે લોકો તો તેને કાચની ફ્રેમ કરાવી તમારા નિવાસ સ્થાનમાં તમારા મસ્તક પર લટકાવો છો. એટલે કે ઉચ્ચ સ્થાને રાખો છો.

જેમ સતી પાર્વતીજી અને ઉદયચંદજી તથા સોહનલાલ આદિ સ્વયંના ગુરુઓના ચિત્ર કેમ બનાવે છે ? કારણ કે આપની ધાર્મિક યુક્તિથી મૂર્તિનું સન્માન કરવું અને મસ્તક ઝુકાવવું એ બધું વિરૂદ્ધ છે. કારણ કે તે પણ તો શાહી અને કાગળ વિના બીજી કોઈ વસ્તુ નથી જેવી રીતે તમો તીર્થંકર ભગવંતની મૂર્તિઓને જડ કહો છો. તેવી રીતે તે પણ છે તો જડ જ ને ? એટલા માટે તમારા ગુરુઓએ પણ ફોટો પડાવવો યોગ્ય નથી. કારણ કે તે બનાવવામાં અસંખ્ય જીવોનો નાશ થાય છે. તમે લોકો મૂર્તિથી કાંઈક લાભ થાય એ સમજતા

જ નથી. તમારા ગુરુ રાત્રે પાણી રાખવું તે હિંસા માને માટે તે રાખતા નથી. પરંતુ ફોટોગ્રાફરના મસાલાથી અસંખ્યજીવોની હિંસાના ભાગી થાય છે. તો આ વાત વિચારને માંગે તેવી છે. હઠવાદ ને છોડો અને પક્ષપાત છે તેનાથી મુખ બીજી તરફ વાળો. અને સન્માર્ગના અનુરાગમાં જોડાઈ જાવ.

**ઢુંઢીયા :-** જી સાહેબ...! યુક્તિથી તો સંદેહ વગર સિદ્ધ થઈ ગયું. પરંતુ સૂત્રપાઠ વિના અમો માની નથી શકતા.

**મંત્રી :-** જો જૈન ધર્મના સૂત્રોથી મૂર્તિપૂજા સિદ્ધ થઈ જાય તો આપ માની જશો ?

**ઢુંઢીયા :-** જી સાહેબ ..! અવશ્ય અવશ્ય માનીશું.

**મંત્રી :-** ધ્યાન આપો, આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં લખેલ છે કે ભરતચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર જિનમંદિર બનાવી ૨૪ તીર્થંકરની મૂર્તિઓ બિરાજમાન કરી.

**ઢુંઢીયા :-** શ્રીમાન્, થોડી ધીરજ રાખો, અમો નિર્યુક્તિ ભાષ્ય-ચૂર્ણી ટીકા ઇત્યાદિ નથી માનતા. અમો ને તો મૂલપાઠ જ સ્વીકાર્ય છે.

**મંત્રી :-** તમો ગભરાવ છો કેમ ? સાંભળી લો, શ્રીભગવતી સૂત્રમાં સ્પષ્ટ લખેલ છે કે નિર્યુક્તિને માનવી જોઈએ. જે લોકો નથી માનતા. તેઓ સૂત્રના, અર્થના શત્રુ છે. જો આ વાતમાં સંદેહ (શંકા) હોય તો શ્રી ભગવતી સૂત્રનો પાઠ સાંભળી લો... પાઠ આ છે...

**सुत्तन्थो[१] खलु पढमो बीओ निज्जुत्ति मिस्सओ भणिओ ।
तइओ य णिरवसेसो एस विही होइ अणुओगे ॥**

આ પાઠમાં સ્પષ્ટ લખેલ છે કે પહેલા સૂત્રાર્થને કહેવો પછી નિર્યુક્તિની સાથે બીજીવાર અર્થ કહેવો અને ત્રીજીવાર નિર્વિશેષ અર્થાત્ પુરેપુરો અર્થ કહેવો આ કથનથી સ્પષ્ટ થાય છે કે આ પાઠથી નિર્યુક્તિ માનવી જ જોઈએ. એમ સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

**ઢુંઢીયા :-** ભરત મહારાજાએ ધર્મને જાણ્યા વગર જ પિતાજીના મોહના કારણે મંદિર અને મૂર્તિઓ બનાવી છે.

**મંત્રી :-** તમારૂં આ કથન સાવ જુઠ્ઠું છે. કારણ કે ભરત મહારાજાએ ઋષભદેવ પ્રભુની જ નહીં પરંતુ ત્રેવીશ તીર્થંકર પ્રભુની મૂર્તિઓ પણ બનાવેલી હતી. તમોએ તો નિર્યુક્તિ, ભાષ્ય ટીકા અને ચૂર્ણી આ જે પાંચ અંગો છે. તેમાંથી ફક્ત આપે સૂત્રને જ માન્ય રાખ્યા છે. બાકીના છોડી દીધા છે. આ કારણથી તમો જૈન શ્વેતાંબર ધર્મના અનુયાયી નથી. જેમ વૈદિક ધર્મમાં સ્વામી દયાનંદજીએ વેદના મૂલ પાઠોને માન્યા. ટીકા અને ભાષ્યને નહી માન્યા અને નવો મત પ્રકાશિત કર્યો. અને મુસલમાનના મતમાં જેઓએ કુરાનને માન્યું અને હદીસને ન માન્યા. તે રાફજી મત કહેવાયો.

---

૧. ભગવતીસૂત્ર શતક ૨૫ ઉદ્દેશ-૩.

તેવી રીતે જ તમોએ પણ સાચી વાતને ન માનીને ખોટી વાતો માની માટે ઢુંઢિયા કહેવાયા.

**બીજું પ્રમાણ** :- શ્રી સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુત સ્કંધની નિર્યુક્તિમાં લખેલ છે કે આર્દ્રકુમાર જિનપ્રતિમા દેખવાથી પ્રતિબોધ પામ્યા.

**ત્રીજું પ્રમાણ** :- પ્રભુ મહાવીર સ્વામીજીના સમક્ષ અંબડ પરિવ્રાજકે અરિહંતની મૂર્તિને નમસ્કાર કરવાનો સ્વીકાર કરેલ છે. પાઠ આ છે....

**अंबडस्सणं[1] परिवायगस्स नो कप्पइ अण्णउत्थिएवा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थिय परिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा णण्णत्थ अरिहंते वा अरिहंतचेइआणि वा ॥**

આ પાઠનો આશય આ છે કે મારે અન્ય મતના દેવોની મૂર્તિ અને જો અન્ય ધર્માવલંબી લોકોએ અર્હન્તની મૂર્તિ લઈને સ્વયંના દેવ માની લીધા હોય તેઓને વંદના-નમસ્કાર કરવાનું સ્વીકાર કરેલ નથી. પરંતુ અરિહંત અને અરિહંતની મૂર્તિને વંદના-નમસ્કાર કરીશ.

**ચોથું પ્રમાણ** :- આનંદ શ્રાવકના પાઠથી પ્રત્યક્ષ જણાય છે કે તેઓશ્રી તીર્થંકર મહાવીરસ્વામીજીના સન્મુખ ગયા. અને તેઓએ આ નિયમનો સ્વીકાર કર્યો કે મારે અન્ય

---

૧. ઔપપાતિક સૂત્ર.

મતની મૂર્તિઓને અને મારા પ્રભુની મૂર્તિને જો અન્યધર્મીએ સ્વીકાર કરી હોય તો તેઓને વંદના-નમસ્કાર કરવાનો સ્વીકાર નથી. 'શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, નો તે પાઠ વાચક ગણોને પ્રતીત થાય માટે જ નીચે લખાયો છે જે પાઠ આ છે.'

**[૧]नो खलु मे भंते ! कप्पइ अज्जप्पभइणं अन्नउथ्थियाए वा अन्नउथ्थिय देवयाणि वा अन्नउथ्थिय परिग्गहियाइं अरिहंतचेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा पुव्विं अणालित्तेणं आलवित्तए वा संलवित्तए वा तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा णण्णथ्थ रायाभिओगेणं गणाभिओगेणं बलाभिओगेणं देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तिकंतारेणं कप्पइ मे समणे निग्गंथे फासुएणं एसणिज्जेणं असणपाणखाइमसाइमेणं वथ्थपडिग्गहकंबलपायपुच्छणेणं पाडिहारिय पीढफलगसेज्जासंथारएणं ओसहभेसज्जेण य पडिलाभेमाणस्स विहरित्तए तिकट्टु इमं एयाणुरुवं अभिग्गहो अभिगिण्हइ ॥**

**પંચમ પ્રમાણ :-** "શ્રી જ્ઞાતાસૂત્રમાં" લખેલ છે કે જે જિનમંદિરોમાં (દેરાસર) જઈને જિનપ્રતિમાની દ્રોપદીએ સત્તરભેદી પૂજા કરી અને 'નમુત્થુણં'નો પાઠ બોલી તે પાઠ આ છે...

---

૧. ઉપાસકદશાંગ અ.૧

**तएणं सा दोवइ रायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ मज्जणघरमणुपविसइ ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धपावेसाइं वत्थाइं परिहियाइं मज्जणघराओ पडिणिक्खमइ जेणेव जिणघरे तेणेव उवागच्छइ जिण-**

**घरमणुपविसइ पविसइत्ता आलोए जिणपडिमाणं पणामं करेइ लोमहत्थयं परामुसइ एवं जहा सुरियाभो जिणपडिमाओ अच्चेइ तहेव भाणियव्वं जाव धुवं डहइ धुवं डहइत्ता वामं जाणु अंचेइ अंचेइत्ता दाहिण जाणु धरणी तलंसि निहट्टु तिखुत्तो मुद्धाणं धरणीतलंसि निवेसेइ निवेसइत्ता इसिं पच्चुणमइ करयल जावकट्टु एवं वयासि नमोथ्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं वंदइ नमंसइ जिणघराओ पडिणिक्खमइ ॥**

**છટ્ઠું પ્રમાણ :-** શ્રી મહાનિશીથસૂત્રમાં લખેલ છે કે જે પુરૂષ જિનમંદિર બનાવશે તેને બારમાં દેવલોકની ગતિ પ્રાપ્ત થશે. દેખી લો આ સૂત્રમાં જિનમંદિર નિર્માણ કરવાવાળાને બારમા દેવલોકની ગતિ મળે તેવું પ્રત્યક્ષ પ્રમાણ છે.

**ઢુંઢીયા :-** અમો શ્રી મહાનિશીથસૂત્રને માનતા નથી.

**મંત્રી :-** શ્રી નંદીસૂત્રને તમો માનો છો કે નહીં ?

**ઢુંઢીયા :-** હા સાહેબ ! અમો તેને માનીએ છીએ.

**મંત્રી :-** તે શ્રી નંદીસૂત્રમાં શ્રી મહાનિશીથસૂત્રનું નામ લખેલ છે. મોટા દુઃખની વાત છે કે જે શ્રી નંદીસૂત્રને તમો

માનો છો તેના જ મૂલપાઠમાં શ્રી મહિનિશીથસૂત્રનું નામ લખેલુ છે. તો પછી તમો તે સૂત્રને કેમ માનતા નથી ?

**સાતમું પ્રમાણ :-** શ્રી મહાકલ્પસૂત્રના પાઠથી પ્રત્યક્ષ સિદ્ધ છે કે સાધુ અને શ્રાવક હંમેશા જિનમંદિરમાં જાય, આ પાઠ ઉપર શ્રી ગૌતમસ્વામિજીએ પ્રભુ મહાવીરને પૂછ્યું કે જો જિનાલય ન જાય તો શું દંડ (પ્રાયશ્ચિત) આવે. પ્રભુએ જવાબ આપ્યો કે જો પ્રમાદ આદિના કારણે ન જાય તો છઠ્ઠતપ (બે ઉપવાસ)નું પ્રાયશ્ચિત આવે છે. ફરીથી શ્રી ગૌતમસ્વામિજી એ પૂછ્યું કે હે ભગવાન્ ! બ્રહ્મચારી શ્રાવક પૌષધમાં હોવા છતાં જિનમંદિર જાય ખરો ? પ્રભુએ ઉત્તર આપ્યો કે હે ગૌતમ તે જાય...

પછી શ્રી ગૌતમસ્વામિજીએ પ્રભુને પૂછ્યું કે તે મંદિરમાં શા માટે જાય. પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો કે જ્ઞાન-દર્શન-ચારિત્રને માટે જાય શ્રી મહાકલ્પસૂત્રનો આ પાઠ છે.

**"से भयवं तहारूवे समणे वा माहणे वा चेइयघरे गच्छेज्जा ? हंता ! गोयमा ! दिणे दिणे गच्छेज्जा । से भयवं जत्थ दिणे ण गच्छेज्जा तओ किं पायच्छित्तं हवेज्जा? गोयमा ! पमायं पडुच्च तहारूवे समणे वा माहणे वा जो जिणघरं न गच्छेज्जा तओ छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा । से भयवं समणोवासगस्स पोसहसालाए पोसहिए पोसहबंभयारी किं जिणहरं गच्छेज्जा? हंता ! गोयमा ! गच्छेज्जा । से भयवं केणट्ठेणं**

**गच्छेज्जा ? गोयमा ! णाणदंसणचरणट्ठाए गच्छेज्जा । जे केइ पोसहसालाए पोसहबंभयारी जओ जिणहरे न गच्छेज्जा तओ पायच्छित्तं हवेज्जा ? गोयमा ! जहा साहू तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा ॥"**

**ढुंढीया :-** મહોદય ! આ સૂત્ર પણ અમારા બત્રીશ સૂત્રમાં નથી, એટલે અમો માનતાં નથી.

**મંત્રી :-** હે ભાઈ ! શ્રી નંદીસૂત્રના મૂલપાઠમાં આનું નામ છે કે નહીં ?

**ढुंढीया :-** હાં શ્રી નંદીસૂત્ર મૂલપાઠમાં તો અવશ્ય છે.

**મંત્રી :-** તો પછી તમો શ્રી નંદીસૂત્રને માનો છો કે નહીં ?

**ढुंढीया :-** હાં, અમો માનીયે છીયે.

**મંત્રી :-** તો મોટા દુઃખની વાત છે કે તો પછી તમો શ્રી મહાકલ્પસૂત્રને કેમ નથી માનતા.

**આઠમું પ્રમાણ :-** શ્રી ભગવતી સૂત્રમાં લખેલ છે કે શ્રી તુંગીયા નગરીના શ્રાવકોએ શ્રી જિનપ્રતિમાનું પૂજન કરેલ છે.

**નવમું પ્રમાણ :-** શ્રી રાયપસેણી સૂત્રમાં લખેલ છે કે સૂર્યાભ દેવતાએ પણ જિનપ્રતિમાની પૂજા કરી છે.

**દશમું પ્રમાણ :-** શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની નિર્યુક્તિ અધ્યયન ૧૦માં લખેલ છે કે શ્રી ગૌતમસ્વામીજી અષ્ટાપદની યાત્રા કરવા ગયા.

**અગ્યારમું પ્રમાણ :-** શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં લખેલ છે કે વગ્ગુર શ્રાવકે શ્રી મલ્લિનાથ પ્રભુનું જિનાલય બનાવ્યું આ સૂત્રમાં લખેલ છે કે ફુલોથી જો જિનપૂજા કરાય તો સંસારમાં આવાગમન ન થાય અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય. આ જ સૂત્રમાં લખેલ છે કે ઉદાયન રાજાની રાણી શ્રાવિકા પ્રભાવતીએ જિનમંદિર બનાવેલ અને તે જિનાલયમાં શ્રી જિનપ્રતિમાની આગળ નાટક કરેલ આ સૂત્રમાં જ લખેલ છે કે શ્રેણિક રાજા હંમેશા સોનાના જવલા બનાવડાવીને શ્રી જિનપ્રતિમા સમક્ષ સાથિયો કરતા હતા. (પ્રભુ વીર જે દિશામાં વિચરતા હોય તે દિશામાં ભાવથી સોનાના જવલાથી સ્વસ્તિક કરતા હતા.)

**બારમું પ્રમાણ :-** શ્રી પ્રથમ અનુયોગમાં અનેક શ્રાવક-શ્રાવિકાઓએ જિનમંદિર નિર્માણ કરાવ્યા અને જિનપ્રતિમાની પૂજા કરી છે એ વૃત્તાંત છે.

**ઢુંઢીયા :-** મહોદયજી ! આપે તો પ્રમાણ ઉત્તમમાં ઉત્તમ આપ્યા પરંતુ "ચૈત્ય" શબ્દ પર અમોને શંકા છે. કારણ કે આનો અર્થ મૂર્તિ અથવા પ્રભુની પ્રતિમા એવો અર્થ ન થઈ શકે એવું લાગે છે.

**મંત્રી :-** તો પછી બીજો કયો અર્થ થઈ શકે ?

**ઢુંઢીયા :-** આ શબ્દનો અર્થ સાધુ થાય છે.

**મંત્રી :-** કોઈપણ શબ્દ કોશમાં "ચૈત્ય" શબ્દનો અર્થ સાધુ કરેલ નથી. શબ્દકોશમાં તો "**चैत्यं जिनौकस्तद्बिम्बं**

**चैत्यो जिनसभातरुः''**. અર્થાત્ જિનમંદિર અને જિનપ્રતિમા ને ચૈત્ય કહેલ છે. અને જિનેશ્વર ભગવાનની સભાનું જે વૃક્ષ છે. તેનું નામ ચૈત્ય કહેલ છે. આપે જે ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરેલ છે. તે કોઈ પણ પ્રકારે બેસતો નથી. કારણ કે સૂત્રોમાં તો કોઈ સ્થાન પર સાધુને ચૈત્ય કહીને બોલાવેલ નથી. સૂત્રોમાં તો **''निग्गंथाणं वा निग्गंथीणं वा'' साहु वा साहुणी वा'' भिक्खु वा भिक्खुणी वा''** આ પ્રમાણે લખેલ છે **''चैत्यं वा चैत्यानि वा''** આ પ્રમાણે તો કોઈ પણ સ્થાનમાં લખેલ નથી. જો ચૈત્ય શબ્દનો અર્થ સાધુ થતો હોય તો ચૈત્ય શબ્દ સ્ત્રીલિંગમાં બોલાતો નથી. તો પછી સાધ્વીને શું કહેવાશે ?

પ્રભુ મહાવીરસ્વામીજીના ૧૪,૦૦૦ સાધુ કહ્યા છે. પણ ચૈત્ય નથી કહેલા. અને પ્રભુ ઋષભદેવજીના ૮૪,૦૦૦ સાધુ કહેલ છે. પરંતુ ચૈત્ય કહેલ નથી. આ પ્રકારે સૂત્રોમાં ઘણે ઠેકાણે આચાર્યોની સાથે આટલા સાધુ છે. આ પ્રમાણે કહેલ છે. પરંતુ કોઈપણ સ્થાનમાં આટલા ચૈત્ય છે. એમ કહેલ નથી. ફક્ત તમો તમારી ઈચ્છાથી જ ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરેલ છે. તે તદ્દન જુઠ્ઠું છે. જ્યાં જ્યાં ચૈત્ય શબ્દનો અર્થ સાધુ કરો છો ત્યાં જો સાચા અર્થને જાણવાવાળા વિદ્વાન્ દેખશે તો તેઓને ખબર પડશે કે તમોએ કરલે અર્થ વિભક્તિ સહિત વાક્ય યોજનામાં કોઈ રીતિથી પણ મળતો નથી. અને જ્યારે બધે **'देवयं चेईयं'**નો અર્થ સાધુ અને

તીર્થંકર માનતા હોય તો શ્રી ભગવતી સૂત્રમાં દાઢોના વર્ણનમાં પ્રભુવીરે શ્રી ગૌતમસ્વામિજીને કથન કરેલ છે કે જિનેશ્વર ભગવાનની દાઢાઓ દેવતાઓને પૂજા કરવા યોગ્ય છે. '**देवयं चेईयं पज्जुवासामि**' આ સ્થાનમાં '**चेइयं**' શબ્દનો અર્થ શું કરશો ? જો સાધુ અર્થ કરશો તો આ દૃષ્ટાંત દાઢોના વર્ણનને ઘટી શકતું નથી.

જો તીર્થંકર એવો અર્થ કરશો તો, દાઢો શ્રી તીર્થંકર પ્રભુ તુલ્ય સેવા પૂજા કરવા યોગ્ય થઈ ગઈ. જ્યારે તીર્થંકર મહારાજાની દાઢાઓ સેવા પૂજા કરવાને યોગ્ય થઈ ગઈ તો પછી તીર્થંકરપ્રભુની મૂર્તિ શું પૂજા કરવાને યોગ્ય નથી થઈ શકતી. ? અવશ્ય પૂજા કરવાને યોગ્ય છે. જેથી અમોએ ચૈત્ય શબ્દનો અર્થ કરેલ છે તે બરાબર જ છે. અને પૂર્વાચાર્યોએ આ જ અર્થ કરેલ છે.

**ઢુંઢીયા :-** ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન પણ થઈ શકે છે. મૂર્તિ અથવા પ્રતિમા ન થઈ શકે.

**મંત્રી :-** આ આપનું કથન પણ સર્વ પ્રકારથી ફોગટ (જુઠ્ઠું) છે. કારણ કે સૂત્રોમાં જ્ઞાનને કોઈપણ સ્થાનમાં ચૈત્ય કહેલ નથી. શ્રી નંદીસૂત્રમાં તથા જે જે સૂત્રોમાં જ્ઞાનનું વર્ણન છે. ત્યાં સર્વ ઠેકાણે જ્ઞાનનો વાચક '**नाण**' શબ્દ લખેલ છે. અને સૂત્રોમાં જે જે સ્થાનોમાં જ્ઞાની મુનિમહારાજનું વર્ણન છે. ત્યાં '**मइनाणी**' '**सुअनाणी**' '**ओहिनाणी**' '**मणपज्जवनाणी**' **केवलनाणी**' આ પ્રમાણે કહેલ છે. પરંતુ

'**मतिचैत्यी**' '**श्रुतचैत्यी**' આદિ કોઈપણ સ્થાનમાં આ પ્રમાણે કહેલ નથી જે જે સ્થાનોમાં પ્રભુજીને અને સાધુઓને '**अवधिज्ञान मन:पर्य्यवज्ञान – परम अवधिज्ञान**' અને '**केवलज्ञान**' ઉત્પન્ન થવાનું વર્ણન છે. તે જગ્યાએ જ્ઞાન ઉત્પન્ન થયું એ પ્રમાણે કહેલ છે. પરંતુ '**अवधिचैत्य**' **मन:पर्य्यवचैत्य** અને '**केवलचैत्य**' આદિ આ પ્રમાણે કોઈપણ સ્થાનમાં કહેલ નથી અને સમ્યક્દષ્ટિ શ્રાવક આદિને '**जातिस्मरणज्ञान**' અને '**अवधिज्ञान**' ઉત્પન્ન થયું એ પ્રમાણે કહેલ છે. પરંતુ '**जातिस्मरणचैत्य**' અથવા '**अवधिचैत्य**' ઉત્પન્ન થયું આ પ્રમાણે વિધાન કોઈપણ જગ્યાએ કહેલ નથી.

આ કથનથી સિદ્ધ થાય છે કે સૂત્રોમાં કોઈપણ સ્થાનમાં જ્ઞાનને '**चैत्य**' કહેલ નથી. એટલે આપનું કથન ઘણા પ્રકારથી (મિથ્યા) ફોગટ છે. અને સાંભળો ચમરેન્દ્રના વર્ણનમાં '**अरिहंते वा, चेइआइ वा**' અને '**अणमाहिए वा**' આ પ્રમાણે પાઠ લખેલ છે. આ પાઠથી પણ સ્પષ્ટ '**चेइयं**' શબ્દનો અર્થ '**प्रतिमा**' જ સિદ્ધ થાય છે.

કારણ કે આ પાઠમાં સાધુ પણ અલગ અને અરિહંત પણ અલગ બતાવેલ લખેલા છે. અને '**चेइयं**' અથવા શ્રી જિનપ્રતિમાનું પણ અલગ વર્ણન છે. એટલે જ આ સ્થાનમાં બીજો કઈ અર્થ થઈ શકતો નથી. તમો જે ખરેખર ત્રણેય સ્થાનોમાં ફક્ત '**अर्हन्त**' આ પ્રમાણે અર્થ કરો છો. તે તમારી મૂર્ખતા છે. તમો સ્વયં વિચાર કરી લો, કારણ કે

કોઈ સાધારણ મનુષ્ય પણ શબ્દના અર્થને જાણવાવાળો ક્યારેય પણ કહેશે નહીં કે ત્રણેય સ્થાનોમાં ફક્ત અર્હન્ત જ અર્થ થઈ શકે.

**ઢુંઢીયા :-** જો ઉપરના વર્ણનમાં ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાનો અર્થ હોય તો અને ચમરેન્દ્ર પ્રભુ પ્રતિમાનું શરણ લઈને સુધર્મ દેવલોક સુધી ગયો હોય તો. પછી નીચેના લોકમાં અને દ્વીપોમાં શાશ્વતી જિનપ્રતિમા હતી અને ઉર્ધ્વલોકમાં મેરૂપર્વત ઉપર અને સુધર્મ દેવલોકમાં અને સિદ્ધાયતનમાં નજદીકમાં જ શાશ્વતી જિનપ્રતિમા હતી તો જે સમયે શક્રેન્દ્રએ ચમરેન્દ્ર ઉપર વજ્રપાત કર્યો હતો તે સમયે જિનપ્રતિમાના શરણમાં શા માટે ન ગયો ? અને શ્રી મહાવીરસ્વામીના શરણમાં શા માટે ગયો?

**મંત્રી :-** આ પણ આપણી હોંશિયારી ફક્ત ભોળા લોકોને જ છેતરવા માટે છે. પરંતુ ધ્યાન દઈને સાંભળો. આનો જવાબ પ્રત્યક્ષ છે કે જે કોઈ પણ જેનું શરણ લઈને જાય છે. અને પાછો આવે છે. ત્યારે તે તેઓની પાસે જ જાય છે. ચમરેન્દ્ર શ્રી મહાવીરસ્વામી પ્રભુનું શરણ લઈને ગયો હતો. જ્યારે શક્રેન્દ્રએ તેના ઉપર વજ્રપાત કર્યો ત્યારે ચમરેન્દ્ર શ્રી મહાવીર પ્રભુના શરણે આવ્યો. જો આપણો એવો ખ્યાલ હોય કે માર્ગમાં આવતા નજદિકમાં જ શાશ્વતી પ્રતિમા અને સિદ્ધાયતન તો પણ ચમરેન્દ્ર તેઓની પાસે કેમ ન ગયો? તો આ આપનો ખ્યાલ પણ ફક્ત આપની જ

અજ્ઞાનતાનો દ્યોતક (પ્રકાશક) છે. શું માર્ગમાં શ્રી સીમંધરસ્વામી અને બીજા વિહરમાન તીર્થંકર વિદ્યમાન નહોતા ? તેઓના શરણમાં ચમરેન્દ્ર કેમ ન ગયો ? પછી તો આપની બુદ્ધિ અનુસાર વિહરમાન તીર્થંકર શરણ લેવા માટે યોગ્ય નથી વાહ રે વાહ ! આવી આપની બુદ્ધિ ઉપર ખેદ છે.

**ઢુંઢીયા** :- વન આદિને "**चैत्य**" કહી શકાય છે.

**મંત્રી** :- જે વનમાં યક્ષ આદિનું મંદિર હોય છે. તે વનને સૂત્રોમાં "ચૈત્ય" કહેવાય છે. બીજા કોઈ વનને સૂત્રોમાં ચૈત્ય કહેલ નથી. એટલે આપનું આ કહેવું પણ ફોગટ (મિથ્યા) છે.

**ઢુંઢીયા** :- યક્ષને પણ ચૈત્ય કહેલ છે.

**મંત્રી** :- આપણું આ કહેવુ તદ્દન જુઠ્ઠું છે. કારણ કે જૈન સૂત્રોમાં કોઈ પણ સ્થાનમાં યક્ષને 'ચૈત્ય' કહેલ નથી જો કહેલ છે. તો તમે સૂત્ર પાઠ બતાવો. આ પ્રમાણેની વાતો કરવાથી મનાય નહી અને જો તમો મૂર્તિને નથી. માનતા તો તમારે કોઈ પુસ્તકનું વાંચન ન કરવું જોઈએ કારણ કે પુસ્તક પણ ફક્ત જ્ઞાન સ્થાપના છે. જ્ઞાન એક અરૂપી પદાર્થ આત્માનો જ્ઞાનગુણ છે. ક-ખ-ગ અથવા આ-બ-પ-ત આદિ અક્ષરોમાં સ્થાપના બનાવેલી છે. એટલે જ તો તેને પણ જૈનશાસ્ત્રોમાં અક્ષરશ્રુત જ્ઞાન માનેલ છે.

આ વાતને તમો પણ માનો છો, હવે તમો જરા ધ્યાન આપો કે જ્યારે પત્ર અને મસી (શાહી) જડ પદાર્થોને

અક્ષરજ્ઞાન માન્યા તો ભગવાનની મૂર્તિને ભગવાન કેમ ન મનાય ? અને જેમ સન્માન તથા પૂજાભક્તિ શાસ્ત્રની કરાય છે. તે પ્રમાણે જ ભગવાનની મૂર્તિની પૂજા કેમ નથી કરતા ?

**ઢુંઢીયા :-** અક્ષરને અમો શ્રુતજ્ઞાન નથી માનતા, પણ તેના દ્વારા જે જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેનું નામ શ્રુતજ્ઞાન છે.

**મંત્રી :-** અમારૂં પણ આ કહેવું છે કે અમો પણ મૂર્તિને ભગવાન નથી માનતા પણ તેનાથી જે પદાર્થનું જ્ઞાન થાય છે તેને જ અમો ભગવાન માનીએ છીએ. હવે તમારે ધ્યાન આપવું જોઈએ કે તમો બધા શાસ્ત્રને ભણવાવાળા મૂર્તિપૂજાથી કેવી રીતે દૂર થઈ શકો છો. કારણ કે બધા શાસ્ત્રો પણ જડસ્વરૂપ છે. અને જ્ઞાનની સ્થાપના છે.

જો પ્રત્યેક ભાષામાં અક્ષરોની બનાવટ જુદી-જુદી પણ કેમ ન હોય ? પરંતુ અક્ષરોના આકારને તો પછી પણ જ્ઞાનનું કારણ સ્વીકારવું જ પડશે. ચાહે ઉર્દુ-નાગરી-અરબી આદિ ભાષા કેમ ન હોય. એ પ્રમાણે જ મૂર્તિઓ પણ અલગ-અલગ શ્રી ઋષભદેવસ્વામી અને શ્રી મહાવીરસ્વામીની કરેલ છે. આ મૂર્તિઓને પણ જેઓની આ મૂર્તિયો છે. તેઓનાં જ્ઞાનનું કારણ સ્વીકારવું જ પડશે. કારણ કે અમોએ ઈશ્વરની આકૃતિ દેખી નથી, તેથી તેઓની મૂર્તિ વિના ઈશ્વર આકૃતિના સ્વરૂપનો બોધ અમોને કોઈપણ રીતે થતો નથી. જે લોકો મૂર્તિને નથી માનતા તે ઈશ્વર પરમાત્માનું ધ્યાન ક્યારેય કરી શકતા નથી.

**ઢુંઢીયા :-** અમે લોકો સ્વંયના હ્રદયમાં પરમાત્માની મૂર્તિની સ્થાપના કરી લઈયે છીએ.

**મંત્રી :-** વાહ રે વાહ.. તમારી સમજણ કેવી છે. અરે ભાઈ જ્યારે તમો હ્રદયમાં કલ્પના કરી લો છો. તો પછી બહાર કેમ નથી કરતા ? આ તો ફક્ત કહેવાની વાત છે. કે અમો મૂર્તિ વગર ધ્યાન ધરી શકીએ છીએ. મૂર્તિ વિશેષ પ્રભાવશાલી છે. જો મૂર્તિ કંઈ પ્રભાવશાળી ન હોય તો તમને લોકોને પરમાત્માની મૂર્તિ દેખીને દ્વેષભાવ કેમ પ્રગટ થાય છે. આથી સિદ્ધ થાય છે કે મૂર્તિ વિશેષ પ્રભાવ રાખે છે.

દ્વેષિઓને દ્વેષભાવ અને રાગીયોને રાગ ઉત્પન્ન થાય છે. જો તમોને દ્વેષ થાય છે તો અમોને મૂર્તિ જોઈને આનંદ આવે છે જ્યારે પરમાત્માની મૂર્તિ અમોને આ સંસારમાં આનંદ આપે છે. તો પછી પરલોકમાં પણ આનંદાયક થશે. તમો આ સંસારમાં પરમાત્માની મૂર્તિને દેખીને અપ્રસન્ન થાવ છો. તો પરલોકમાં પણ અપ્રસન્ન રહેશો જે લોકો આ સંસારમાં ધર્મ કરવાથી પ્રસન્ન છે. તેઓ પરલોકમાં પણ અવશ્ય પ્રસન્ન અને સુખી થશે. અને જે લોકો આ જગતમાં ધર્મ કરવાથી રોષાયમાન (રુષ્ટ) રહે છે તેઓ પરલોકમાં પણ અવશ્ય દુઃખી થશે. આથી સિદ્ધ થાય છે કે પરમાત્માની મૂર્તિ બંને લોક માટે લાભદાયી છે અને મૂર્તિ ને ન માનવાવાળાને દુઃખદાયક છે.

**ઢુંઢીયા :-** તો પછી ભગવાન વીતરાગ સિદ્ધ અવસ્થાને ન પામ્યા કહેવાય કારણ કે તેઓ સુખ-દુઃખ આપે છે.

**મંત્રી :-** પરમાત્માની મૂર્તિ તો એકપ્રકારનું સાધન છે વાસ્તવિક્તા તો એ છે કે તારવાવાળી અમારી આંતરિક ભાવના જ ખરેખર મુખ્ય છે.

જે મનુષ્ય પરમાત્માની મૂર્તિને દેખીને પરમાત્મભાવ લાવે અને તેઓના ઈતિહાસ ઉપર ધ્યાન આપે અને શુભ ભાવનામાં રહે તો તે ચોક્કસ ખરેખર આ ફળને પામે છે. અને જે પરમાત્માની મૂર્તિને દેખીને દ્વેષ કરે છે અને અશુભ ભાવ ભાવે છે. તે અવશ્ય ખરાબ ફળને પામે છે.

**ઢુંઢીયા :-** જડવસ્તુથી સારા અને ખરાબ ભાવ કઈ રીતે આવી શકે છે ? તમો દૃષ્ટાંત દ્વારા સમજાવો.

**મંત્રી :-** એક રૂપવાન સુંદરસ્ત્રી જંગલમાં એકલી જઈ રહી હતી. માર્ગમાં બિચારીને સાપ કરડ્યો. સાપ ભારે વિષ યુક્ત હતો. એટલે તરત જ તે બિચારી મરી ગઈ અચાનક આ માર્ગથી એક માણસ જઈ રહ્યો હતો. તે મરેલી સ્ત્રીના શરીરને દેખીને પોતાના દિલમાં વિચાર કર્યો કે અહો..! આ કેટલી રૂપવાન સુંદરી છે. પરંતુ ખેદની વાત છે. કે આ મરેલી છે જો જીવિત હોત તો હું ચોક્કસ આનાથી મારી ઈચ્છા પૂરી કરત નમ્રતાથી અથવા લોભથી અથવા મીઠી મીઠી વાતોથી મારી વાત માની જતી તો સારૂં નહિં તો હું

એને હઠથી પણ છોડત નહીં, ભલે પછી મારે જેલમાં જવું પડે આવો ખરાબ વિચાર હૃદયમાં વિચારતો આગળ નીકળી ગયો. થોડી વાર પછી આ માર્ગથી બીજા એક મુસાફરનું આગમન થયું. તે કોઈ મોટો ધર્માત્મા હતો. અને સદાચારી હતો. જ્યારે આ મુસાફરે તે મરેલી સ્ત્રીને દેખી તો તે મોટા શોક સાગરમાં ડુબી ગયો અને હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે આ સંસાર અસાર છે. આ સંસારમાં જન્મ-જરા-મરણ-રોગ-શોક આદિ પ્રાણિયોને હંમેશાં દુઃખ આપી રહ્યા છે.

આ બધા દુઃખોમાં મૃત્યુનું દુઃખ વધારે લાગે છે. યોગીશ્વર પુરૂષોને ધન્ય છે. જેઓએ આ સંસારની અસારતા જાણીને ત્યાગ કરી દીધો. આ તો કોઈ મોટી સદાચારિણી સારા ભાવોવાળી, મધુરભાષિણી ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી દેખાય છે. અને એવું લાગે છે કે બિચારી કોઈ આવશ્યક કાર્ય માટે જઈ રહી હતી. હાય ! કર્મ કેવું બલવાન છે કે આ બિચારી એકલી આ ભયાનક નિર્જન વનમાં સર્પના કરડવાથી મરી ગઈ. જો હું તે સમયે આ બિચારીની નજીદીક હોત તો અવશ્ય આ સદાચારિણીને બચાવવા માટે હૃદયથી પ્રયત્ન કરત તો સંભાવના હતી કે આ બિચારી મૃત્યુને વશ ન થાત. અને સ્વયંના નિત્ય ધર્મ કર્મ કરીને જન્મને સફળ કરતી રહેતી હોત. જુઓ કેવી મોહિની સુંદર મૂર્તિ છે આ તો કોઈ સાક્ષાત દેવી છે. આ પ્રમાણે વિચાર કરીને તે મનુષ્ય આગળ ચાલ્યો ગયો.

હવે આ વાત પર વિચાર કરવો જોઈએ કે બન્ને મનુષ્યોએ આ મરેલી તથા જડ સ્ત્રીના શરીરને દેખીને અલગ અલગ ભાવનાના વશથી પાપ-પુણ્યનો બંધ કર્યો આ દાખલાથી સિદ્ધ થાય છે કે પાપ-પુણ્યનું ફલ ફક્ત આપણી આંતરિક ભાવનાથી જ મલે છે. ભગવાન વીતરાગ તો ન કોઈને સુખી અને ન કોઈને દુઃખી કરે છે અને ન તો કોઈને પુણ્ય અને ન તો કોઈને પાપ આપે છે. ભગવાન તો ખરેખર વીતરાગ જ છે.

કોઈ વસ્તુને દેખીને જે ભાવ ઉત્પન્ન થાય છે. તે વસ્તુ તો તે ભાવોને ઉત્પન્ન થવામાં નિમિત્ત કારણ છે. આ પ્રમાણે જ ભગવાનની મૂર્તિ પણ નિમિત્ત કારણ છે. ખરેખર તારવાવાળી તો આપણી આંતરિક ભાવના જ છે. પરન્તુ નિમિત્ત વિના ભાવના આવી શકતી નથી. તે કારણથી ભગવાન વીતરાગની મૂર્તિ પણ વિશેષ નિમિત્ત કારણ છે, જે કોઈને પણ જે પ્રમાણે નિમિત્ત પ્રાપ્ત થાય છે. તેઓને તે પ્રમાણે જ ભાવ પ્રગટ થાય છે. મૂર્તિપૂજક તો શુભભાવ આવવાથી પુણ્યનું ઉપાર્જન કરી લે છે અને મૂર્તિનિંદક ભગવાન વીતરાગની મૂર્તિને દેખીને ભ્રકુટી (ભવાં) ચઢાવીને દુષ્ટભાવ હૃદયમાં લાવીને પાપનું ઉપાર્જન કરી લે છે. હવે તમો જરાક સાંસારિક વ્યાપાર તરફ પણ દૃષ્ટિ કરો કે ત્યાં પણ મૂર્તિ વિના ક્યારેય ચાલી શકે નહીં...

**ઢુંઢીયા :-** આ વાત પણ દૃષ્ટાંતની સાથે સમજાવો કારણ કે દૃષ્ટાંત દ્વારા વાત હૃદયમાં આરૂઢ (બેસી) થઈ જાય છે.

**મંત્રી :-** જ્યારે કોઈ મકાનને (લીલામ) વેચવું હોય અથવા કોઈ ઘર ઉપર દાવો કરવો હોય તો તેનો નકશો(ચિત્ર) બનાવીને ન્યાયાલયમાં આપવું પડે છે. શું ન્યાયાલયમાં ઘરનો વૃતાંત સંભળાવીને ચિત્ર (નકશો) આપ્યા વિના કાર્ય ન ચાલે ? માન્યવર ! ન્યાયાલયમાં જો કહે કે ચિત્રની આવશ્યક્તા નથી. અમો સ્વયંના મુખથી બધો ઈતિહાસ સમજાવી દઈએ છીએ તો તરત જ મોઢા ઉપર લાફો લગાવે છે અને ધક્કા મારે છે. અને કહી દે છે કે જાઓ નકશો બનાવીને લાવો નકશો (ચિત્ર) લાવ્યા વિના કાર્યનું થવું અસંભવ છે. અને જ્યારે કોઈને લાંબો પ્રવાસ કરવો હોય તો પ્રાયઃ પહેલા તો રેલ્વેના નકશાને જોઈ લે છે. અને અમુક માર્ગ (રેલ્વે લાઈન) ક્યાંથી અલગ પડે છે અને અમુક નગર કઈ તરફ છે તે ચિત્ર વિના કંઈ પણ સમજ પડતી નથી.

અને સ્કુલોમાં પણ બાળકોને ચિત્રનો સહારો લઈ નગરોની માહિતી સમજાવે છે તમોએ શુદ્ધ ચિત્તથી વિચાર કરવો જોઈયે કે જ્યારે સાંસારિક કાર્ય પણ મૂર્તિ વિના ચાલી શકતું નથી. તો પછી પરોક્ષ રૂપે પરમાત્માનું ધ્યાન મૂર્તિ વિના ક્યાંથી થઈ શકે. ?

અને મોટા ખેદની વાત છે કે તમો લોકો તમારા ગુરુની સમાધિ બનાવો છો. તેમાં ફક્ત પત્થર અને ચૂના સિવાય

બીજું કાંઈ હોતું નથી. છતાં પણ તમો મસ્તક વડે નમસ્કાર કરો છો અને તે જગ્યાએ પ્રસાદ વ્હેંચો છો. પરંતુ ફક્ત પરમાત્મા વીતરાગની મૂર્તિ સન્મુખ જ મસ્તક ઝુકાવવું તમોને વ્યર્થ (ફોગટ) લાગે છે. સમાધિ આદિનો સત્કાર કરાય છે. કેમ કે કોઈની તાકાત નથી કે ત્યાં ચંપલ આદિ લઈને જાય.

**ઢુંઢીયા :-** કેમ સાહેબ..! અમો ગુરુની સમાધિ ઉપર ચંપલ કેવી રીતે લઈ જવા દઈએ અને તેઓનું અપમાન અમો કેવી રીતે કરી શકીએ.

**મંત્રી :-** વીતરાગ પરમાત્માની મૂર્તિ જે છે તે જગદ્‌ગુરુની મૂર્તિ છે. શું તેના ઉપર દ્વેષ છે ? તમો લોકો વીતરાગ પરમાત્માની મૂર્તિનું સન્માન શા માટે નથી કરતા, અને તેને નમસ્કાર કેમ નથી કરતા, અને નિંદા શા માટે કરો છો ? આ તો ફક્ત તમારી મૂર્ખતા છે અમોને એવો ખ્યાલ આવે છે કે આપણા ગુરુઓમાં સંયમ પણ નથી કારણ કે તેઓમાં માન કષાય દેખાય છે અને જે સ્થાનમાં માન કષાય હોય ત્યાં સંયમ રહી શકતું નથી.

**ઢુંઢીયા :-** અમારા ગુરુઓમાં માન કષાય છે તે કેવી રીતે સિદ્ધ થાય છે.

**મંત્રી :-** તમારા ગુરુ તેઓના સ્વયંનાં ચિત્રનો સત્કાર કરાવે છે, સ્વયંના ચિત્રનું અપમાન ક્યારેય સહન કરી

શકતા નથી, અને તમો લોકો તમારા ગુરુઓની સમાધિની[૧] પૂજા કરો છો તો તેઓના વિદ્યમાન શિષ્ય આવી ખોટી વાતોને કેમ નથી રોકતા ? અને સમાધિ જ્યારે બનાવી તે વખતે કેમ નહીં રોક્યા ? કે સમાધિ ઇત્યાદિ જડવસ્તુઓનું નિર્માણ ન કરો.

વીતરાગ પરમાત્માની મૂર્તિની સમક્ષ માથું નમાવવાનો નિષેધ કરો છો, અને સોગંદ આપીને કહો છો કે મંદિરોમાં જવું નહીં, તો પછી આ બધું માનકષાય અને ઈર્ષ્યાના લીધે જ બધું થતું દેખાય છે. હવે વિશેષ ક્યાં સુધી કહેવાય, તમોએ પક્ષપાત છોડીને સદ્‌વિદ્યા ગ્રહણ કરશો તો સારી રીતે જ્ઞાન થશે કે મૂર્તિપૂજા કરવામાં કોઈ જીવ બાકી નહીં હોય જે લોકો કહે છે કે અમો મૂર્તિપૂજાને નથી માનતા તેઓ તો ફક્ત ખોટીં વાતો જ કરવાવાળા છે.

ઢુંઢિયાભાઈ ઉત્તર આપવાની શક્તિ વિનાના થવાથી શાંત થઈ ગયા ત્યાર બાદ મંત્રીજી મૌલવી સાહેબ તરફ ધ્યાન આપવા લાગ્યા.

**મંત્રી :-** શું છે મૌલવી સાહેબ ! તમો પણ મૂર્તિને નથી માનતા ?

---

૧. "રાયકોટ અને જગરાઓમાં રુપચંદની સમાધિઓ વિદ્યમાન છે.દૃ ત્યાં તે જગ્યાએ ઢુંઢિયાભાઈ જઈને લાડુ-પ્રસાદ તરીકે આપે છે. અને માથું નમાવે છે. પાઠકગણો ! તે મૂર્તિપૂજા જ છે ને કે બીજું કાંઈ ? જે મતવાસિયોને શંકા હોય તો સ્વયં દેખીને નિશ્ચય કરી શકે છે.

**મૌલવી :-** અપરાધક્ષમા કરજો, તમોને કંઈ પણ સમજ નથી. એમજ તમોને મંત્રી પદવી મલી ગઈ છે. તમો આ વાતને નથી જાણતા કે અમારો મત મૂર્તિપૂજક નથી આ વાત તો પ્રત્યક્ષ સ્પષ્ટ છે કે અમે લોકો હિન્દુજાતિની માફક મૂર્તિપૂજા નથી કરતા. શું પત્થર પણ ક્યારેય ખુદા (ભગવાન) થઈ શકે ? અને કોઈ બુદ્ધિમાન જડમાં પરમાત્માની સ્થાપના કરી શકે છે ? તમો અમને કેમ આવી વાતો પૂછો છો ?

**મંત્રી :-** મૌલવી સાહેબ ! આટલા ન ગભરાવો, થોડી ધીરજ રાખી સાંભળો, અમારી પાસે આ પત્ર (કાગળ) નો ટુકડો છે. આની ઉપર ખુદા લખેલું છે. તો શું આપ આ પત્રના ટુકડા ઉપર તમારા સ્વયંના પગ સ્થાપિત કરી શકો છો. ?

**મૌલવી :-** ગુસ્સામાં લાલ આંખો કરીને કહેવા લાગ્યા, મોટા ખેદની વાત છે કે તમો આવી રીતે નિર્ભય થઈને બુદ્ધિથી પ્રતિકૂળ કઠોર શબ્દો શા માટે કહો છો ? શું તમોને પરમાત્માનો ભય નથી. અને મૃત્યુનો પણ ભય નથી ? તમો મંત્રીપદને ગ્રહણ કરીને આવું અભિમાન હૃદયમાં ધારણ કરી બેઠા છો કે પ્રત્યેક સ્થાનમાં અમારો અધિકાર ચાલી જશે, ધર્મને માટે પ્રાણ ન્યોચ્છાવર કરવા કોઈ મોટી વાત નથી.

**મંત્રી :-** વાહ રે વાહ ! ખેદ છે. મૌલવી સાહેબ, જરાક ધ્યાન તો આપો કે મેં પહેલા શું કહ્યું, અને હમણાં શું કહી

રહ્યો છું, મેં જરાપણ આપને સારૂં-ખોટું નથી કહેલ, ફક્ત આટલું જ પૂછ્યું છે કે તમો આ કાગળના ટુકડા પર તમારા પગ સ્થાપન કરી શકો છો ? જે વાક્ય ઉપર તમો આટલા ઉછળી પડ્યા. અને ઘણા ગુસ્સામાં આવી ગયા, હવે તો તમારા મુખથી જડવસ્તુનું સન્માન કરવા માંડ્યા, આ શું ?

**મૌલવી :-** અમે ક્યારે જડમૂર્તિનું પૂજન માન્યું છે ?

**મંત્રી :-** શું કાગળ અને શ્યાહી જડ વસ્તુ નથી ?

**મૌલવી :-** હા... હા... જડ નથી તો શું છે. ?

**મંત્રી :-** મૌલવીજી જો આ પ્રમાણે છે. તો કાગળ અને શ્યાહી બંને એકઠા કરીને ખુદા લખી શકાય છે આમાં કાગળ અને શ્યાહી સિવાય ત્રીજી કોઈ વસ્તુ છે નહી, ન તો તેમાં ખુદાનો હાથ છે, અને ન તો તેમાં ખુદાના પગ છે. તો પછી તમોને ગુસ્સો કેમ આવ્યો ?

**મૌલવી :-** હાં જી હાં ! બસ તેમાં પરમાત્માનું નામ પ્રત્યક્ષ લખેલું છે. તેથી તેના પર અમો પગ કેવી રીતે મુકી શકીએ.

**મંત્રી :-** જ્યારે તમો કાગળ અને મસી દ્વારા લખાયેલ પરમાત્માના નામ પર પ્રાણોનું બલિદાન કરવા લાગ્યા છો, તો પછી પરમાત્માની મૂર્તિ પર કેમ બલિદાન નથી આપતા, અને તમો કેવી રીતે કહી શકો કે અમો જડવસ્તુને નથી માનતા, ચાલો... મૌલવીસાહેબ...! એક વાત તમો બીજી બતાવો કે તમો લોકો માળાના મણકા ગણો છો કે નહી ?

**મૌલવી :-** હાં...જી ! જરૂર ગણીએ છીએ.

**મંત્રી :-** માળાના મણકાની જે વિશેષ સંખ્યા નક્કી છે તો તેમાં જરૂર કોઈ કારણ છે જેથી ચોક્કસ થાય છે કે અવશ્ય કોઈને કોઈ વાતની સ્થાપના છે. ઘણા લોકો કહે છે કે ખુદાના નામ એકસોને એક છે. એટલે માળાના મણકા ૧૦૧ રાખેલ છે. અભિપ્રાય આ છે કે કોઈને કોઈ કારણથી વિશેષ સંખ્યા અવશ્ય નિશ્ચિત છે બસ આ જે નિશ્ચિત કરી લેવું તેને જ કહેવાય. નામ સ્થાપના, બસ જેને સ્થાપનાનો સ્વીકાર કરી લીધો તેઓએ અવશ્ય મૂર્તિને માની લીધી. ફક્ત આકારનો ભેદ છે. કોઈક મૂર્તિને સાક્ષાત્ માને અને કોઈક જુદી રીતે માને છે. પરંતુ મૂર્તિ વિના નિર્વાહ કોઈનો પણ થતો નથી. એટલે તમો પણ મૂર્તિથી જુદા ક્યારેય પણ થઈ શકતા નથી, આ તો ફક્ત આપની અજ્ઞાનતા છે. જ્યારે તમો લાકડાના અથવા પત્થરના ટુકડામાં પરમાત્માના નામની સ્થાપના માનો છો. તો આ નામવાળી સ્થાપના કેમ નથી માંનતા ?

**મૌલવી :-** જ્યારે કોઈ પરમાત્માનો આધાર જ નથી તો પછી તેની મૂર્તિ કઈ રીતે બની શકે છે.

**મંત્રી :-** કુરાન શરીફમાં લખેલ છે કે મેં પુરૂષને મારા આકાર પર ઉત્પન્ન કર્યો, અથવા જેને પુરૂષના આકારની પૂજા કરી તેને પરમાત્માના આકારની પૂજા કરી. અને આનાથી પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે પરમાત્માનો આકાર અવશ્ય

છે કુરાન શિક્ષા આ છે કે ખુદા ફરીસ્તોની લાઈનની સાથે મોટા વિશાલસ્થાનમાં આવશે. અને તેના સિંહાસનને આઠ ફરિસ્તોએ ઉંચકેલું હશે. અરે ભલા માણસ જો પરમાત્મા મૂર્તિમાત્ર નથી તો પછી તેના સિંહસનને આઠ દેવતાઓ (ફરિશ્તા) એ ઉંચકવાનો શો અર્થ છે અને મૂર્ત્તિમાન આકાર વિના થઈ પણ શકાતું નથી, અને તમો લોકોનું માનવું છે કે પરમાત્મા એકાદશ અર્શમાં સિંહાસન પર બેઠેલાં છે. બહુ સારૂં...મૌલવીજી થોડું આ તો બતાવો કે શું તમોએ ક્યારેય હજયાત્રા કરી છે ?

**મૌલવી :-** હજ કરવાથી સ્વર્ગ મળે છે. પછી કાબા શરીફનો હજ કેમ ન કરવો જોઈએ મેં તો બે વાર કરી છે.

**મંત્રી :-** શું ! મૌલવી સાહેબ ! ત્યાં શું વસ્તુ છે. તેનું થોડું વર્ણન કરો.

**મૌલવી :-** હજ મક્કા શરીફમાં થાય છે. ત્યાં એક કાલો પથ્થર છે. જેની ચૂમી કરાય છે અને કાબાના કોટની પ્રદક્ષિણા કરાય છે.

**મંત્રી :-** શું આ મૂર્તિપૂજા નથી,

**મૌલવી :-** ક્યારેય નહીં,

**મંત્રી :-** પત્થરને ચૂમી કરવી અને પ્રદક્ષિણા કરવી અને ત્યાં જઈને મસ્તક ઝુકાવવું તે ખરેખર મૂર્તિપૂજા જ છે. મૌલવી સાહેબ ! તમો જે ખુદાના ઘરનો આ પ્રમાણે સત્કાર

કરો છે, તો પછી પરમાત્માની પ્રતિમાનો સત્કાર કેમ નથી કરતા ? અને તેની મૂર્તિને કેમ નથી માનતા ? અરે ભલા ! મૌલવીજી તમો જે તાજીયા કાઢો છો । તે સાક્ષાત્ સાબિતી દેખાય છે. નહીં તો બીજું શુ ? અને તમો કાબાની દિશામાં મુખ કરીને નમાઝ ભણો છો, તે પણ એક પ્રકારની મૂર્તિપૂજા જ ખરેખર છે.

**મૌલવી :-** કાબા એ તો ખુદાનું ઘર છે. એટલે અમો તેની સમક્ષ મુખ રાખીયે છીયે.

**મંત્રી :-** શું બીજા સ્થાનો ઈશ્વરથી ખાલી છે ? તો આ તમારૂં કહેવું છે કે પરમાત્મા બધા સ્થાનમાં છે. તે વાત ઉડી જશે.

મૌલવી :- કાબાની સામે અમો એ માટે મુખ કરીએ છીએ કે કાબા ખુદાનું ઘર છે. તેની તરફ મુખ કરવાથી દિલમાં પ્રસન્નતા થાય છે. અને મન સ્થિર રહે છે.

**મંત્રી :-** કાબા એ તો પરોક્ષ વસ્તુ છે જે આપણને દૂરથી દૃષ્ટિગોચર નથી થતી. ઈશ્વરની મૂર્તિ તો સામે હોવાથી અને દૃષ્ટિગોચર થવાથી ધ્યાન બરોબર લાગશે. અને સ્થિર રહેશે. કોઈપણ તમો લોકો જે નમાઝ ભણો છો જે કે કોઈ એવી જગ્યા ઉપર નમાઝ કરવા બેસો અને ત્યાં પુરુષોને તમારી આગળથી જવાની ચાલવાની સંભાવના છે. તો તમો લોકો તમારી આગળ મધ્યમાં લોટો અથવા વસ્ત્ર યા બીજી કોઈ

વસ્તુ રાખી લો છો. જેથી નમાઝ ભણતી વખતે વિઘ્ન ન આવે. આ જે વસ્ત્ર અથવા લોટો આદિ સ્થાપના વસ્તુ રખાય છે. તે પણ એક પ્રકારની ખુદાને માટે જેલ છે. માનીએ કે સંભાવના કરેલી વસ્તુ છે. મૌલવીસાહેબ ! તમો એક દૃઢતાવાળું પ્રમાણ વધારાનું સાંભળો, 'મૂઅલ્લિફ કિતાબ દિલબસ્તાન મુજાહિબ' સ્વયંનાં પુસ્તકમાં લખે છે કે મુહમ્મદસાહેબ જોહરા. અર્થાત્ શુક્કરની પૂજા કરતા હતા.

આ પ્રમાણેના ઉલ્લેખથી જણાય છે કે ખરેખર શુક્રવારના યવન પુરૂષ પવિત્ર જાણીને પ્રાર્થનાનો દિવસ સમજે છે. અને મુહમ્મદ સાહિબના પિતા મૂર્તિની પૂજા કરતા હતા.

મૌલવી સાહેબ! તમારો કોઈ મતાનુયાયી તાજીયાની પૂજા કરે છે. અને કોઈ કુરાનની પૂજા કરે અને કોઈ કબરની પૂજા કરે છે. અરે મૌલવીસાહેબ! તમો જરા પક્ષપાતને છોડીને વાત કરો તો તમારા લોકોનો પણ મૂર્તિપૂજા વિના નિર્વાહ કદાચિત્ નહીં થાય મૌલવી સાહેબ! લજ્જિત થઈને મૌન થઈ ગયા.

મંત્રીજી પછીથી શિખસાહેબની તરફ ધ્યાન આપીને કહેવા લાગ્યા કે અરે ભાઈ સાહેબ ! તમો મૂર્તિપૂજાને કેમ નથી માનતા ?

**શીખ :-** નહીં જી ! અમો જડમૂર્તિને કોઈપણ પ્રકારથી નથી માનતા.

**મંત્રી :-** કેમ ભાઈ ! તમો તો ગુરૂનાનકજી અને ગુરૂગોવિંદસિંહની મૂર્તિઓને દેખીને પ્રસન્ન (ખુશ) થાવ છો કે નહીં ?

**શીખ :-** ભલા છો તમો, સાહેબ ! ગુરૂની મૂર્તિ દેખીને કોઈ પુરુષ ક્રોધિત કેવી રીતે થઈ શકે ? અમો તો ખુશ થઈએ છીએ. કારણકે તેઓએ ધર્મની રક્ષા માટે પ્રાણોની પણ પરવા નહીં કરેલી, અને ગુરૂ નાનકજી સાહિબ તથા ગુરૂગોવિંદસિંહને ભવિષ્ય પુરાણમાં પણ અવતારોને માન્યા છે. ભોલાભાઈ ! તેઓના ચિત્ર દેખીને શું અમો ક્રોધિત થઈએ ખરા ? અને જો ક્રોધિત થતા હોત તો રૂપિયા ખર્ચ કરીને તેઓના ફોટા અમારા ઘરમાં શું કામ રાખતે ? અને ચિત્રકારોને રૂપિયા આપીને ગુરુઓના ફોટા દિવાલ ઉપર શું કામ બનાવતે ?

**મંત્રી :-** કેમ ભાઈ ! તમો લોકો તમારા ગુરુઓની મૂર્તિની આગળ મસ્તક ઝુકાવો છો કે નહીં, અને તેઓનું સન્માન કરો છો કે નહીં ?

**શીખ :-** જરૂર અમો કરીએ છીએ.

**મંત્રી :-** મૂર્તિની સમક્ષ મસ્તક ઝુકાવવું અને તેઓનું સન્માન કરવું શું મૂર્તિપૂજા નથી ? મૂર્તિ સમક્ષ મસ્તક ઝુકાવવું અને સન્માન કરવું એ ખરેખર મૂર્તિપૂજા જ છે. કોઈ અલગ પ્રકારથી કરે છે. કોઈ અલગ આકારમાં માને

છે. કોઈ કારણથી કોઈ છુટી શકતું નથી. તમો લોકો ગુરુગ્રંથસાહિબને તો સારા-ઉત્તમ વસ્ત્રોથી વીંટાળીને ટેબલ ઉપર રાખો છો, ને તેની સમાપ્તિ થાય ત્યારે ભોગ ગ્રહણ કરો છો. અને તેની આગળ ધૂપાદિ સળગાવીને ઘંટાનો રણકાર કરો છો. અને બીજું પણ રાગ અને શબ્દાદિ તેની સન્મુખ બોલો છો. અને બીજી ઘણા પ્રકારે તેઓની પૂજા કરો છો, તો પછી તમો મૂર્તિપૂજાથી કેવી રીતે છુટી શકો, કારણ કે જો મૂર્તિ જડ છે. તો ગ્રંથસાહિબ પણ કોઈ ચેતનવાળુ નથી જ તે પણ ફક્ત કાગળ અને શ્યાહી મેળવીને બનાવેલ છે.

ગ્રંથસાહિબ મુકવા માટે જે ટેબલ છે એને પણ તમો લોકો મંજા સાહિબનાં નામથી જાણો છો. હવે તમોએ જરાક ધ્યાન આપવું જોઈએ કે તમો જડની કયા પ્રકારે પૂજા કરો છો!

હે ભાઈ સાહેબ ! જ્યારે આની સાથે સ્પર્શ કરનારી વસ્તુની પદવી આ પ્રકારે વિશેષ થઈ જાય છે. તો પછી પરમાત્માની મૂર્તિની પદવી બધાથી વિશેષ અધિક કેમ ન મનાય અને તેની પૂજા કેમ ન કરી શકાય ?

**શીખ :-** મહોદય ! તે ગુરૂઓની વાણી છે એટલે અમો તેનું સન્માન તથા પૂજા કરીએ છીએ.

**મંત્રી :-** હે ભાઈ ! જેવી રીતે તમો ગુરુઓની વાણી તથા ગુરુસાહિબનું સન્માન અને પૂજા કરો છો, એ પ્રમાણે

અમો પણ પરમાત્માની મૂર્તિનું સન્માન અને પૂજા કરીએ છીએ, અને જ્યારે તમો ગુરુઓની તથા તેઓની વાણીની પ્રશંસા કરો છો. તો પછી તમોને પરમાત્માની મૂર્તિ તો ગુરુઓની વાણીથી પણ અધિક પવિત્ર છે. પૂજા અને સન્માન તેનું કરવું જોઈએ, પરંતુ તમો સાહેબ ઉપરના વૃતાંતથી જડવસ્તુની પૂજા કરવા છતાં પણ મૂર્તિપૂજા કરનાર ઉપર આક્ષેપ કરો છો, તે અત્યંત અયોગ્ય અને સમજની બહાર છે. અંતમાં શીખભાઈ તો નિરુત્તર થઈને મૌન થઈ ગયા, પરંતુ એક આર્યસાહેબ મૂંછો પર હાથ ફેરવતા..ફેરવતા તત્ક્ષણ આગળ વધ્યા, અને તેઓની સાથે મંત્રીજીના નીચેના લખેલા પ્રશ્નોત્તર થયા.

**મંત્રી :-** શું મહાશયજી ! ભલા તમો મૂર્તિપૂજાને માનો છો કે નહીં ?

**આર્ય :-** નહીં શ્રીમાન્ ! અમો તો મૂર્તિને ક્યારેય માનતા નથી કારણ કે મૂર્તિતો જડ છે જડવસ્તુથી કોઈ લાભ પ્રાપ્ત થઈ શકતો નથી.

**મંત્રી :-** મહાશયજી ! આ તો ફક્ત કહેવાની ફોગટ વાતો છે કે અમો મૂર્તિને માનતા નથી જો ઈર્ષ્યાભાવને છોડીને વિચારાય તો, આપ તો શું ? પરંતુ કોઈપણ મત મૂર્તિપૂજાથી કોઈ પ્રકારે છૂટી શકતો નથી. મહાશયજી મને આ વાતમાં શંકા છે કે તમો પણ ઈસાઈ સાહિબાનની માફક તો નથી કહેતા, જેઓનું આ કહેવું છે કે અમે લોકો મૂર્તિપૂજક

નથી, વસ્તુતઃ તો તેઓનો એક રોમન કૈથલિક મત સારા પ્રકારે મૂર્તિપૂજક છે. કારણકે તેઓ હજરત મસીહ અને મરિઅમના ચિત્રોને ગિર્જાઘરમાં રાખીને ફલ-ફુલાદિ ચઢાવે છે. અને તેની પૂજા કરે છે. અને રૂસદેશના તો બધા મતાનુયાયી મૂર્તિપૂજક છે. ત્યારબાદ મુઅલ્લિફ કિતાબ દિલ્લબસ્તાન મજાહિબ સ્વયંના પુસ્તકમાં લખે છે કે હજરત ઈસામસીહ સૂર્યની પૂજા કરતા હતા અને એટલે જ ઈસાઈ લોકો આદિત્યવારના દિવસે પૂજા અને સન્માન કરવાનો દિવસ માને છે.

**આર્ય :-** નહીં શ્રીમાન્ ! નહી અરે ભલા અમો સ્વામી દયાનંદના અનુયાયી થઈને જડની પૂજા કરીએ ખરા ? ક્યારેય નહીં, ત્રણેય કાળમાં આ વાત અસંભવ છે.

**મંત્રી :-** હે મહાશયજી ! મૂર્તિપૂજા જડપૂજામાં ભેગી નથી કારણ કે જડની પૂજા નથી થતી, ખરેખર તે તો ચેતનની પૂજા થાય છે.

આર્ય :- હે શ્રીમાન્ ! જો આમ છે. તો તમો કોઈ દૃષ્ટાંત આપીને સારી રીતે સમજાવો.

**મંત્રી :-** ભાઈ ! જરા સાવધાન થઈને સાંભળો કે જો કોઈ આર્યસમાજી પરમ વિદ્વાન્ સંન્યાસીની વિવિધ પ્રકારથી સેવા કરે છે. જ્યારે સંન્યાસી મહારાજ આખો દિવસ જ્ઞાન-ધ્યાનના કારણે થાકી જાય છે. તો સમાજી સેવક તેઓના

પગ તથા શરીર આદિને અંત્યત દબાવે છે હે મહાશયજી ! હવે તમો બતાવો કે તે આર્ય સમાજીને ઉપર બતાવેલ દિવસ-રાતની પરમ ભક્તિ અને સેવાનું કંઈક ફલ પ્રાપ્ત થશે કે નહીં ?

**આર્ય :-** અરે કેમ નહીં, અવશ્ય ફલ પ્રાપ્ત થશે. કારણ કે જો આવા મહાત્માની સેવા કરવાથી ફલ પ્રાપ્ત ન થાય તો બીજા કોની સેવા કરવાથી ફલ પ્રાપ્ત થશે.

**મંત્રી :-** વાહ ! ભાઈ ! વાહ..! આ સેવા તો જડશરીરની કરી હંતી, જો જડની સેવા નિષ્ફળ જાય છે. તો પછી તમો આ સેવાનું ફલ કેવી રીતે માનો છે ?

**આર્ય :-** હે શ્રીમાન્ ! વિદ્વાન્નું શરીર ક્યારેય જડ હોતું નથી, કારણ કે આમાં તો જીવાત્મા વિદ્યમાન છે.

**મંત્રી :-** સત્ય છે શરીરમાં જીવાત્મા હોવાથી ચેતનની જ સેવા મનાય છે. પરંતુ સેવા તો ખરેખર જડશરીરની જ કરાય છે. જીવાત્માની સેવા થતી જ નથી અને આ પ્રમાણે મૂર્તિપૂજામાં પણ જાણવું જોઈએ અથવા જેમ વિદ્વાન્ના શરીરમાં જીવાત્મા મનાય છે. તે પ્રમાણે જ મૂર્તિમાં પણ આપના મતની અનુસાર ઈશ્વર મનાય છે. કારણ કે ઈશ્વર સર્વ વ્યાપક છે. એવું તમો કહો છો. આ કારણથી મૂર્તિમાં પણ ઈશ્વરનું સ્થાન હોવું ચોક્કસ છે. આથી સિદ્ધ થયું કે મૂર્તિપૂજા તે જડપૂજા નથી, કારણ કે મૂર્તિપૂજા કરતી વખતે

બધા મતવાળા ભક્તો આ જ પ્રાર્થના કરે છે કે હે સચ્ચિદાનંદ! હે જ્યોતિસ્વરૂપ ! હે ઈશ્વર ! હે પરમાત્માન્ ! હે વીતરાગ! હે દેવેશ ! હે પરબ્રહ્મ ભગવાન્ ! અમોને આપની કૃપાથી આ સંસાર સાગરથી પાર કરો, અને આ પ્રમાણે કોઈપણ નથી કહેતું કે હે જડપત્થર ! અથવા હે મૂર્તે ! તું અમોને આ સંસાર સમુદ્રથી પાર કર, અથવા અમારૂં કલ્યાણ કર ! એથી સ્પષ્ટ થાય છે કે પૂજા મૂર્તિની જ થાય છે અને મૂર્તિથી ફક્ત જે મૂર્તિવાલા છે. તેનો જ અનુભવ થાય છે. અથવા આ પ્રમાણે કહી શકીએ કે જેમ વિદ્વાન્ની સેવામાં વિદ્વાન્નું શરીર જ એક કારણ છે. તે પ્રમાણે જ મૂર્તિવાળાની સેવામાં અથવા પૂજામાં મૂર્તિ પણ કારણ છે. અને જેમ શરીર વિના ફક્ત એકલા જીવાત્માની સેવા અસંભવ છે. કારણ કે જીવાત્મા નિરાકાર વસ્તુ છે તે પ્રમાણે જ ઈશ્વર પરમાત્માની સેવા અથવા પૂજા પણ જે જીવાત્માથી ઘણા સૂક્ષ્મ છે. મૂર્તિ વિના ક્યારેય થઈ શકતી નથી,

**આર્ય :-** અરે ભલા ભાઈ ! સચ્ચિદાનંદની સેવામાં જડને કારણ બનાવવાની શું આવશ્યક્તા છે. વેદની શ્રુતિઓથી મૂર્તિ વિના ઈશ્વરની પ્રશંસા અને પૂજા શું નથી થઈ શકતી ?

**મંત્રી :-** વાહ સાહેબ ! શું વેદની શ્રુતિઓ ચૈતન્ય છે ? તે પણ જડ અક્ષરોનો સમૂહ જ છે ને ? આ પ્રકારે ઈશ્વરપૂજાનું કારણ જડ જ છે તે સિદ્ધ થયું ને ?

**આર્ય :-** શ્રીમાન્ ! અમો તે જડ અક્ષરોથી જ ઈશ્વરોનો જાપ કરીએ છીએ.

**મંત્રી :-** મહાશયજી ! અમો પણ તો મૂર્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપનું જ સ્મરણ કરીએ છીએ, અથવા જેમ આપે જડઅક્ષરોમાં ઈશ્વરનો જાપ કર્યો. તેમજ અમોએ પણ ઈશ્વરની જડમૂર્તિ દ્વારા ઈશ્વરના સ્વરૂપને જ સ્મરણ કર્યુ. ભાઈ સાહેબ..! વાત તો એક જ છે. તમારે પણ મૌલવીસાહેબની માફક ચક્કર ફરીને મૂલસ્થાન પર તો આવવું જ પડશે. અથવા મૂર્તિ પૂજાને માનવી જ પડશે.

**આર્ય :-** બહુ જ સારું. અમો વેદની શ્રુતિઓનું પઠન પણ ન કરીએ અને ફક્ત સ્વયંના મુખથી ઈશ્વરની સેવા અને પ્રશંસા કર્યા કરશું કે હે પરમાત્મન્ ! તું અમોને તારી દે, ઈત્યાદિ... તો પછી આમાં શું વાંધો છે ?

**મંત્રી :-** વાહ સાહેબ...! તમારા દ્વારા આ પ્રમાણે કહેવાથી તો આ સિદ્ધ થાય છે કે તમો વિદ્યાથી રહિત છો કારણ કે ફક્ત વિદ્યાના પ્રભાવથી જે કઈ મુખથી બોલાય તેને પદ કહેવાય છે. અને ઘણાં અક્ષરો મળવાથી પદ થાય છે. તો પછીથી આપે જે કહ્યું કે આ પ્રમાણે તું છે, તું આ પ્રમાણે છે, અમોને તારી દે, ઈત્યાદિ, શું તે પદ નથી કે શું ? અને તે જડ નથી કે શું ? બધા પદો, ભલે કોઈ પણ ભાષાના હોય તે જડ જ કહેવાશે, આથી સિદ્ધ થયું કે ઈશ્વરની પ્રશંસા અને ઉપાસના કરવી જડ વિના અસંભવ

છે, કારણ કે જો આપ જડ વિના કારણ ઈશ્વરની ઉપાસના કરવા ચાહો છો તો તમોને હું, હાં, કોણ અને શું આદિ પદોનોં ત્યાગ કરીને મૌન થઈને મોક્ષ માર્ગને સિદ્ધ કરવો પડશે.

**આર્ય :-** તમો માનો કે પદ જડ છે. પરંતુ આનાથી અમો પ્રશંસા તો સચ્ચિદાનંદની જ કરીએ છીએ.

**મંત્રી :-** હે મહાશયજી ! શંકા વગર આ પ્રકારથી તો અમો પણ માનીએ છીએ કે મૂર્તિ જડ પદાર્થ છે. પરંતુ આ કારણથી અમો મૂર્તિવાળા ઈશ્વરની પૂજા કરીએ છીએ, અને અમારી પ્રાર્થના પણ મૂર્તિના કારણથી ઈશ્વર પરમાત્માની જ થાય છે. તે કારણ થી મૂર્તિપૂજાના વિરૂદ્ધ હોવું યોગ્ય નથી, કારણ કે તત્ત્વપદાર્થને પ્રાપ્ત કરવામાં જડ પણ કારણ હોઈ શકે છે. સારૂં, હવે તમો એ બતાવો કે જો કોઈ મહર્ષિના શુદ્ધભાવથી દર્શન કરીએ તો તેનું ફળ સારૂં પ્રાપ્ત થશે કે નહીં ?

**આર્ય :-** કેમ નહીં, અવશ્ય સારૂં ફલ પ્રાપ્ત થાય છે.

**મંત્રી :-** હવે તમો બતાવો કે મહાત્માના જીવાત્માનું દર્શન થયું કે જડ શરીરનું ? તેના જવાબમાં તમારે કહેવું પડશે કે અરૂપી જીવાત્માનું દર્શન તો થઈ શકતું નથી, મહાત્માના શરીરનું જ દર્શન થયું, હવે તમારે વિચારવું જોઈયે કે જો મનુષ્ય જડ શરીરના દેખવાથી પુણ્ય ઉત્પન્ન કરી

શકે છે તો શું પરમાત્માની નિર્દોષ મૂર્તિથી પુણ્યબંધ નહીં કરી શકે ? અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

**આર્ય :-** હે શ્રીમાન્ ? મહર્ષિનું દૃષ્ટાંત તો મૂર્તિથી કદાચિત સંબંધ નથી રાખતું કારણ કે મહર્ષિના દર્શનના તો હેતુથી પુણ્ય થાય છે અને તેઓ અમોને શિક્ષાયુક્ત વાતોનો ઉપદેશ કરે છે તે શિક્ષાને જીવનમાં રાખીને વર્તન કરવાથી અમો ઘણો લાભ ઉઠાવી શકીએ છીએ. પરંતુ મૂર્તિ અમોને કંઈપણ ઉપદેશ કરતી નથી અને કંઈ લાભ નથી આપી શકતી, એટલે મૂર્તિને માનવી યોગ્ય નથી.

**મંત્રી :-** હે મહાશયજી ! તમારું આ કથન સાચું છે કે મહર્ષિજી સારી વાતો અને સારો ઉપદેશ સંભળાવે છે. જેથી અમોને લાભ થાય છે. પરંતુ તમો આ તો બતાવો કે જો અમો મહર્ષિએ કરેલ કથન પ્રમાણે વર્તન ન કરીએ તો શું મહર્ષિના દર્શનથી અમોને કોઈ લાભ યા ફલ મળી શકશે ? ક્યારેય નહીં, કારણ કે જો મહર્ષિના કથન પર ધ્યાન ન આપીએ અને કથન અનુસાર વર્તન જ ન કરાય અને તેઓની વાતો પર નિશ્ચય પણ નહીં કરાય તો ફક્ત મહર્ષિના મુખને દેખીને અમારૂં કલ્યાણ ક્યારેય થઈ શકશે નહી.

આનાથી સિદ્ધ થયું કે ફલને મેળવવું અથવા ન મેળવવું એ બધું અમારે જ આધીન છે. અને જ્યારે અમોને નિશ્ચય આપવાવાળા અને વર્તન કરવાથી જ શિક્ષા મળી શકે છે.

તો પછી આમાં મહર્ષિની શું મોટાઈ થઈ કારણ કે ફલને પ્રાપ્ત કરવું અમારા હાથમાં જ છે. આ રીતે અમો અમારી ભાવના એ કરીને મૂર્તિ પાસે પણ સારૂં ફલ પ્રાપ્ત કરી શકીએ છીએ. અમો વીતરાગ ઈશ્વર મૂર્તિની વીતરાગની આકૃતિને દેખીને વીતરાગ બનવાની ઈચ્છા અથવા પ્રયત્ન કરીને તેઓના ગુણોનું સ્મરણ કરીને અને તેઓના ગુણોને ગ્રહણ કરીને રાગ-દ્વેષના પરિણામને રોકીએ તો શંકા વગર મૂર્તિ અમોને તારવાવાળી થાય છે. તમો પણ આ વાત ઉપર સંમત થયા છો કે જો અમો શિક્ષા માનીને તેના પર વર્તન કરીશું તો અમોને જ લાભ થશે. અને સાંભળો, હું તમોને એક દૃષ્ટાંત સંભળાવું છું. અને આ સિદ્ધ કરીને બતાવુ છું કે એક ચૈતન્ય પુરૂષથી પણ અમોને આટલો લાભ પ્રાપ્ત નથી થઈ શકતો. જેટલો કે જડવસ્તુથી થાય છે.

જેમ એક મનુષ્ય જે મોટો વિદ્વાન્ છે. અને સારી-સારી શિક્ષાઓ આપે છે કે જેનું વર્ણન કરવું શક્તિથી બહાર છે. પરંતુ સ્વયંના મતના ઉપદેશને ન સમજવાથી અથવા તેનું વર્ણન સ્વયંના મતને પ્રતિકુલ દેખીને અને તેઓના વચનો પર નિશ્ચય ન કરવાના કારણે અમો તેઓના ઉપદેશ ઉપર વર્તન નથી કરતા. આવા વિચારકો મૂર્ખાઓ પ્રાયઃ ઉપદેશકો ફરતા જ હોય છે. હવે તમો બતાવો કે શું આ ચૈતન્યથી શું અમારૂં કલ્યાણ થઈ શકે ? ક્યારેય નથી થઈ શકતું અને જો અમો તેઓના ઘરે બેસીને સ્વયંના મતના જડપુસ્તકો ને

વિચારીએ અથવા વાંચીએ અને તેઓની વાતો ઉપર સ્વયંનું ધર્મશાસ્ત્ર હોવાના કારણે નિશ્ચય કરીને તે કથન પર વર્તન કરે તો શંકાવગર તે જડ પુસ્તક દ્વારા ઘણો લાભ પ્રાપ્ત થઈ શકે છે. હવે તમો ન્યાયથી કહો કે ચૈતન્ય લાભ આપવાવાળો થયો કે જડ શાસ્ત્ર ? આપનું આ કહેવું છે કે જડથી કંઈ લાભ પ્રાપ્ત થતો નથી. તમારી શંકા વ્યર્થ અને મિથ્યા સિદ્ધ થઈ.

**આર્ય :-** હાં સાહેબ ! આપની યુક્તિ તો વસ્તુતઃ સત્ય છે. પરંતુ આમાં ફક્ત આટલો જ સંદેહ છે કે નિરાકાર ઈશ્વરનો આકાર કેવી રીતે બની શકે ?

**મંત્રી :-** હે મહાશયજી ! જો તમો ધ્યાનથી વિચાર કરશો તો ચોક્કસ સમજી જશો કે નિરાકાર સાકાર પણ હોઈ શકે છે. તમારા કથન અનુસાર ઈશ્વર નિરકાર છે. પરંતુ સાકારવાલા ઓંકાર શબ્દમાં જ આનો સમાવેશ થઈ જાય છે. અને દેખો તમો જે હંમેશા કહ્યા કરો છો કે ઈશ્વર સર્વ વ્યાપક છે અને તે પરિચ્છિન્ન મૂર્તિમાં ક્યારેય નથી આવી શકતા. હવે વિચારવું જોઈએ કે જ્યારે સર્વ વ્યાપક ઈશ્વર એક નાનાશા ઓંકાર શબ્દમાં સમાઈ જાય છે. તો શું તે મૂર્તિમાં ન સમાઈ જાય ! અને જ્યારે એક નાનો ઓંકાર શબ્દ સર્વ વ્યાપક ઈશ્વરનો બોધ કરાવી શકે છે તો પછી મૂર્તિ કેમ ન કરાવી શકે ? જેમ કે નિરાકાર ઈશ્વર ઓંકારના સ્વરૂપમાં જ લખાય છે. અને મનાય છે. તે જ પ્રમાણે જો પત્થર અથવા ધાતુની મૂર્તિમાં પણ તેની સ્થાપના માની લો

તો કઈ હાનિની વાત છે. ઈશ્વરજ્ઞાન નિઃસંદેહ નિરાકાર છે. આ પ્રમાણે પણ તમો માનો છો અને દેખો સાકાર જડ વેદોમાં પણ ઈશ્વરનું જ્ઞાન માનો છો. અરે ભલા શું આ સ્થાપના નથી તો બીજું શું છે ? એટલે તમોને આ પ્રમાણે તો ચોક્કસ માનવું પડશે કે નિઃસંદેહ પરમાત્માના નિરાકાર જ્ઞાનની સાકાર વેદોમાં સ્થાપના કરેલી છે. અને ઈશ્વર પરમાત્માનું જ્ઞાન નિઃસંદેહ અનંત છે. પરંતુ પ્રમાણવાળા શાસ્ત્રોમાં તો તેઓની સ્થાપના કરવી જ પડે છે. અથવા કહેવું પડશે કે વેદોમાં પરમાત્માનું જ જ્ઞાન છે.[1] આ પ્રકારે જો નિરાકર ઈશ્વરની પ્રતિમા બનાવે. તો શું દોષ છે ? અને સાંભળો આર્ય પ્રતિનિધિ સભામાં પંજાબના બનાવેલ જીવનચરિત્ર સ્વામી દાયાનંદજી ના પેજ ૩૫૯માં લખેલ છેકે ઈશ્વરનું કોઈ રૂપ નથી. પરંતુ જે કંઈ આ સંસારમાં દેખાય છે તે આવું જ રૂપ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિ પણ પરમાત્માનું જ રૂપ છે. જ્યારે સંસારની જે બધી આકારવાળી વસ્તુ પરમાત્માનું રૂપ છે. તો શું મૂર્તિ પરમાત્માના રૂપથી અલગ રહી ગઈ ?

**આર્ય :-** આ વાત તો તમારી સાચી છે. પરંતુ જડની પૂજા કરવાથી ચેતનનું જ્ઞાન ક્યારેય થઈ શકતું નથી.

**મંત્રી :-** હે મહાશયજી ! જો આ પ્રમાણે માનીએ તો જડ વેદોથી પણ ચેતન ઈશ્વર પરમાત્માનું જ્ઞાન ન થવું

---

૧. આર્ય સિદ્ધાંતાનુકુલમાં લખેલ છે. જનતાને માન્ય નથી.

જોઈએ, પરંતુ તમારો વિશ્વાસ છે કે વેદોથી ઈશ્વર પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે સિદ્ધ થાય છે કે જડ પદાર્થથી ચેતનનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

**આર્ય :-** અરે ભલા માણસ જો કોઈ તમારી મૂર્તિઓના આભૂષણ ચોરીને લઈ જાય અથવા મૂર્તિઓને તોડી નાંખે અથવા તેનો આદર કરે નહીં તો તે મૂર્તિ તેઓને કાંઈ પણ નુકશાન કરી શકતી નથી. તો પછી અમોને તે શું લાભ આપી શકે છે ?

**મંત્રી :-** હે મહાશયજી ! જો તમો આ પ્રમાણે માનો છો તો પછી તમોએ ઈશ્વર-પરમાત્માને પણ ન માનવા જોઈએ. કારણ કે ઘણા નાસ્તિકો ઈશ્વરને માનતા નથી. સારૂં ખોટું કહે છે. ઈશ્વર કોણ છે ? અને શું વસ્તુ છે. ઈત્યાદિ પરંતુ ઈશ્વર પરમાત્મા આનું કંઈ કરી શકતા નથી. એટલે તમારા વિશ્વાસના અનુસાર તો ઈશ્વરને પણ ન માનવા જોઈએ, અને શું ઈશ્વર પરમાત્મા પહેલા નહોતા જાણતા કે આ પુરૂષ મારી ઘણી નિંદા કરશે તો પછી ઈશ્વર પણ ઘણો મૂર્ખ છે. જાણવા છતાં સ્વયંના શત્રુને પેદા કરે છે. અને તે જાણતો નહોતો તો પછી ઈશ્વર બ્રહ્મજ્ઞાની ન રહ્યો કહેવાય હે મહાશયજી ! આ પ્રમાણે માનવાથી તો તમોએ માનેલ ઈશ્વર પર ઘણા પ્રકારે આક્ષેપ થઈ શકે છે. પરંતુ ખરેખર તો ફક્ત એટલી વાત છે કે જે કાંઈ થાય છે. તે બધુ સ્વયંની ભાવનાથી થાય છે. એટલે મૂર્તિના આભૂષણ ચોરવાવાળો અથવા

તોડવાવાળો અને મૂર્તિનું ખંડન કરવા વાળાને તો એના સંકલ્પના અનુસાર તે પ્રમાણે જ ફળ મળે છે. અને ઈશ્વર પરમાત્માના આદેશના પ્રતિકૂલ ચાલવું અથવા નિંદા કરવી અને ન માનવાવાળાને તેઓની ભાવના અનુકૂલ તે પ્રમાણે જ ફળ મળે છે.

**આર્ય :-** હે શ્રીમાન ! મૂર્તિ તો સ્વયંના ઉપર બેઠેલી માખીને પણ ઉડાડવાની તાકાત ધરાવતી નથી તો તેઓની ભક્તિથી શું લાભ થઈ શકે ?

**મંત્રી :-** વાહ ભાઈ વાહ..! સારૂં સંભળાવ્યું, તમારા વેદ પણ જડ છે. તે પણ મૂર્તિની માફક સ્વયંના ઉપર બેઠેલી માખી પણ ઉડાડવાની તાકાત ધરાવતા નથી. જેનાથી તમો પરમપદ મુક્તિનું ફળ પ્રાપ્ત કરવાનું માની રહ્યા છો, જો તમો કહેશો કે વેદોથી તો જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો અમો આ પૂછીએ છીએ કે શું વેદ સ્વયં જ્ઞાન કરાવવામાં સમર્થ છે. અથવા પુરુષ સ્વયંની બુદ્ધિથી પ્રાપ્ત કરી શકે ? જો તમો કહેશો કે વેદ સ્વયં જ જ્ઞાન કરાવવામાં સમર્થ છે. તો આ તમારૂં કહેવું ક્યારેય પણ સત્ય નથી, કારણ કે જો આ પ્રમાણે જ હોય તો મૂર્ખ પુરુષ પણ સ્વયંના પાસે વેદ રાખવાથી જ્ઞાનથી યોગ્ય થઈ જશે. પરંતુ આવું ક્યારેય દેખવામાં આવતું નથી. કારણ કે વેદોને પોતાની પાસે રાખવાવાળા હજારો છે. પરંતુ તેને સમજવાવાળા સેંકડોમાંથી એક અથવા બે વ્યક્તિ જ હશે. અને જો તમો કહેશો કે

સ્વયંની બુદ્ધિથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તો મૂર્તિથી પણ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. જેમકે તે પુરૂષે હાથી દેખ્યો નથી છતાં હાથીની મૂર્તિ દેખીને હાથીનું જ્ઞાન થઈ જાય છે કે હાથી આવો જ હોય અને જો ફક્ત તેને હાથીનું નામ જણાવવામાં આવે તો તેને હાથીનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી કે હાથી કેવો હોય. આ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે કે મૂર્તિ અવશ્ય માનવી જોઈએ. બીજું પણ તમારા ગુરુ સ્વામી દયાનંદજીએ બનાવેલ સત્યાર્થપ્રકાશથી સિદ્ધ થાય છે કે મૂર્તિ અવશ્ય માનવી જોઈએ.

**આર્ય :-** હાં સાહેબ ! તમોએ તો આશ્ચર્યજનક વાત કહી સંભળાવી, ભલા માણસ આ વાત થઈ શકે કે અમારા સ્વામીજી મૂર્તિને માનવાનું લખે ? ક્યારેય નહીં ?

**મંત્રી :-** તમો કેમ વ્યાકુળ થઈ જાવ છો, જો અમારા કહેલ વચન પર તમોને વિશ્વાસ ન આવતો હોય તો સત્યાર્થ પ્રકાશના પાના નં-૩૭ ઉપર દેખી લો, જ્યાં અગ્નિહોત્રીની વિધિ અને તેના સંબંધમાં આવશ્યક સામગ્રીનું વ્યાખ્યાન કરેલ છે. આટલી લાંબી-પહોળી-ચોખંડી વેદી અને પ્રોક્ષણી પાત્ર અને આ પ્રકારે ઘીનું પાત્ર, આ પ્રમાણે આજ્યથાળી અને આ નમૂનાનો ચમચો બનાવો જોઈએ. તો જરાક વિચારો કે જો સ્વામિજી મૂર્તિને નહોતા માનતા તો તેઓ પોતાના સેવકો દ્વારા ઉપર બતાવેલ વસ્તુના ચિત્ર વિના તેના સ્વરૂપને કેમ સમજાવી ન શક્યા.

**આર્ય :-** હે શ્રીમાન્ ! અમો આ ચિત્રોનો નિશ્ચય કરીને વેદી આદિ તો નથી માનતા, અમો તો ફક્ત આ ચિત્રોનો અસલી વેદી આદિના જ્ઞાન થવામાં નિમિત્ત માનીયે છીએ.

**મંત્રી :-** અમો પણ આ પ્રમાણે જ કહીએ છીએ કે મૂર્તિ ઈશ્વર તો નથી પરંતુ ઈશ્વરના સ્વરૂપનું સ્મરણ કરાવવામાં કારણ છે.

**આર્ય :-** વેદી ઈત્યાદિ વસ્તુ તો સાકાર છે. તેનું ચિત્ર બનાવવું યોગ્ય છે. પરંતુ ઈશ્વર હૃદયમાં ચિંતનીય છે. આના માટે આની મૂર્તિ કેવી રીતે બની શકે ?

**મંત્રી :-** જો આપ ઈશ્વરને હૃદય માત્રથી ચિંતનીય અને અરૂપી માનો છો તો ઓમ્ પદનો સંબંધ ઈશ્વરની સાથે નહીં રહે, કારણ કે ઓમ્ પદરૂપી છે. અને ઈશ્વર અરૂપી છે તો પછી તે પદના ધ્યાન અને ઉચ્ચારણથી તમોને શું લાભ થશે ?

**આર્ય :-** જે સમયે અમો ૐ પદનું ધ્યાન અને ઉચ્ચારણ કરીયે છીએ તે વખતે અમારા આંતરિક ભાવ જડરૂપ ૐ શબ્દમાં નથી રહેતા પણ તે પદના વાચ્ય-ઈશ્વરમાં ભાવ રહે છે.

**મંત્રી :-** જ્યારે આપનો ભાવ 'વાચક' ૐ પદને છોડીને વાચ્ય ઈશ્વરમાં રહે છે. તો પછી તમોને 'વાચકપદ' ૐની શું આવશ્યકતા છે ?

**આર્ય :-** હે શ્રીમાન ૐ ! પદની આવશ્યકતા એટલા માટે છે કે ! ૐ શબ્દ વિના ઇશ્વરનું જ્ઞાન થતું નથી.

**મંત્રી :-** જે પ્રકારે ૐ પદની સ્થાપના વિના ઇશ્વરનું ધ્યાન થઈ શકતું નથી, તે પ્રમાણે જ મૂર્તિ વિના ઈશ્વરનું પણ જ્ઞાન થઈ શકતું નથી, કારણ કે જ્યાં સુધી મનુષ્યને કેવલજ્ઞાન થાય નહીં, ત્યાં સુધી મૂર્તિના દર્શન વિના ઇશ્વરના સ્વરૂપનો બોધ થવો અસંભવ છે. અને આ વર્ણન પહેલા પણ થઈ ગયેલું છે કે એક માનવે તો હાથી દેખેલો છે. અને બીજાએ કેવલ નામ સાંભળેલું છે. પરંતુ સાચો હાથી ક્યારેય દેખેલો નથી, હવે ખ્યાલ આવે કે જે બીજા માણસે ફક્ત હાથીનું નામ જ સાંભળેલું છે. જ્યાં સુધી હાથીની પ્રતિમા ન દેખાડો ત્યાં સુધી સાચા હાથીનું જ્ઞાન તેને ક્યારેય થઈ શકશે નહીં. આ પ્રમાણે અમોએ અને તમોએ ફક્ત ઈશ્વરનું નામ સાંભળેલુ છે પરંતુ દેખેલ નથી એટલે જ ઈશ્વરમૂર્તિ વિના ઈશ્વરનું જ્ઞાન ક્યારેય થઈ શકતું નથી જો તમો કહેશો કે મૂર્તિ બનાવવાવાળાએ ઈશ્વરને ક્યારે અને ક્યાં દેખ્યા તો તમારૂં કહેવું ઠીક નથી. કારણ કે નકશો બનાવવાવાળાએ ક્યાં બધા દેશ - શહેર - તાલુકા - ગામડા - સમુદ્ર - નદી ઇત્યાદિ દેખેલા હોય છે ? ક્યારેય નહીં. જે પ્રમાણે નકશો બનાવવાવાળાએ બધા દેશ ઇત્યાદિ નથી દેખેલા હોતા પરંતુ તેને બનાવેલ નકશાને દેખવાવાળાને બધા દેશ-નગર આદિનું જ્ઞાન થઈ જાય છે. આ પ્રકારે મૂર્તિમાં પણ સમજવું. કે મૂર્તિ

બનાવવાવાળએ ઈશ્વરને દેખેલા નથી. પરંતુ આ મૂર્તિને દેખવાથી અમોને ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**આર્ય :-** કેમ સાહેબ..! જ્યારે શાસ્ત્રોથી જ ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે તો પછી મૂર્તિથી શું આવશ્યક્તા છે ?

**મંત્રી :-** હે મહાશયજી ! આ તમારૂં કહેવું પણ ફોગટ છે. સાંભળો, એક માણસને મુંબઈની માહિતીથી સાવધાન કરાય કે આ નગરનું અમુક દ્વાર તો પૂર્વદિશા તરફ અને અમુક દરવાજો પશ્ચિમ તરફ છે અને કોઈક ઘર સ્ટેશનથી અમુક દિશામાં છે. ઇત્યાદિ અને બીજા માણસને મુંબઈ નગરનું ચિત્ર બતાવવામાં આવે અને તેની માહિતી પણ સંભળાવાય તો તમો કથન કરો કે મુંબઈનગરનું વિશેષ જ્ઞાન કયા મનુષ્યને થયું. સ્પષ્ટ કહેવું પડશે કે સમાચાર સાંભળીને ચિત્ર દેખવાવાળાને વિશેષ જ્ઞાન થયું.

**આર્ય :-** કેમ ભાઈ ! જો તમો પત્થરની મૂર્તિને દેખીને શુભ પરિણામ આવી શકે છે તેવું માનો છો, તો તેના જડતાના ભાવ પણ તમારામાં અવશ્ય આવી જશે, અને જ્યારે બુદ્ધિ પત્થર થઈ જશે. તો તમો પણ પત્થરની માફક જડ થઈ જશો.

**મંત્રી :-** હો...હો... હે ભાઈ ! તમારી બુદ્ધિ અને તર્કનું શું કહેવું છે થોડી આંખ તો ખોલીને દેખો અતિમૂર્ખ પણ જાણે છે કે સ્ત્રીની પ્રતિમા દેખીને કામ તો નિઃસંદેહ

ઉત્પન્ન થાય છે. પરંતુ તે મનુષ્ય સ્ત્રી નથી બની જતો. આ પ્રકારે વીતરાગ દેવની શાંતદાંત મૂર્તિને દેખીને શાંતદાંત તો થઈ શકે છે. પણ જડ બની જતા નથી. અને જો તમારો ભાવ એવો જ છે તો પછી તમો પણ જડરૂપ ૐ શબ્દને દેખીને જડ થઈ શકો છો. અને તમોએ તો અનેકવાર ૐ શબ્દને દેખ્યો હશે. પરંતુ જડ થયા નહીં.

**આર્ય :-** નારે ના, તમારૂં કહેવું અસત્ય છે. કારણ કે ૐ ને દેખવાથી તો અમોને પરમાત્માનું સ્મરણ થાય છે.

મંત્રી :- હે મહાશયજી ! આ પ્રમાણે અમોને પણ મૂર્તિને દેખવાથી ઈશ્વર પરમાત્મા સ્મરણમાં આવે છે. અને આ પ્રસિદ્ધ નિયમ છે કે કોઈ કાર્ય કારણ વિના ક્યારેય થઈ શકતું નથી. તે પ્રમાણે ભાવ પણ કારણ વિના ઉત્પન્ન થઈ શકતા નથી.

**આર્ય :-** હે શ્રીમાન ! સાંભળો, મૂર્તિના વિષયમાં બીજો પણ એક મોટો ભારે આક્ષેપ છે કે મૂર્તિ તો જડ હોય છે. તો પછી તે જડ મૂર્તિથી ચેતનને ઈશ્વરનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?

**મંત્રી :-** હે મહાશયજી ! અમો જડમૂર્તિથી ચેતનનું કામ નથી લેતા, કારણ કે પરમાત્માની મૂર્તિ તો 'જે જડરૂપ છે' ફક્ત સારા ભાવોને ઉત્પન્ન કરવાવાળી છે. અને શાસ્ત્ર તથા મૂર્તિ પરસ્પર સંબંધ રાખવાવાળા છે. કારણકે શાસ્ત્રો તો

જુગરાફિયાની માફક વૈરાગ્યભાવ અને ઈશ્વરના સ્વરૂપને વર્ણન કરવાવાળા અને મૂર્તિ એજ તેની પ્રતિમા બનાવેલી છે. જેમ કે શાસ્ત્ર જડ છે. પરંતુ સારા ભાવોને ઉત્પન્ન કરવાવાળા છે. તે જ પ્રમાણે મૂર્તિ પણ શંકા વગર જડ છે. પરંતુ સારા ભાવોને (જિનથી ઈશ્વરનું જ્ઞાન થાય છે.) ઉત્પન્ન કરવાવાળું છે. અને સંસારમાં એવો કોઈ મત નથી કે જે મૂર્તિને કોઈપણ પ્રકારે માનતો જ હોય. અને પૂજા કરતો હોય. તો પછી વેદ - કુરાન - અંજલિ ઈત્યાદિ સ્વયંની પુસ્તકો જે આકારવાળી છે. તેને અવશ્ય માને છે. અને સન્માન કરે છે.

**આર્ય :-** હે શ્રીમાન ! કારણ કે મૂર્તિ જડ છે. એટલે તેની ઉપાસનાથી મનુષ્ય પણ જડ થઈ જશે.

**મંત્રી :-** મોટા ખેદની વાત છે કે મારા વડે અનેક યુક્તિઓ દ્વારા આ વાતને સિદ્ધ કરી દીધી છે. પરંતુ તમો વારંવાર એજ પ્રશ્ન કરો છો, ચાલો કંઈ વાંધો નહીં બીજા બે ચાર દૃષ્ટાંત (દાખલા) દ્વારા તમોને સમજાવું છું કે જડ પદાર્થની પૂજાથી મનુષ્ય જડ થઈ નથી જતો. ઉપરની આ વાતની વિરૂદ્ધ જડ પદાર્થોથી બહુલાભ પ્રાપ્ત થાય છે દેખો કે બ્રાહ્મી નામની ઔષધિ તે જડ પદાર્થ છે. પરંતુ તેને ખાવાથી ચૈતન્યતા વધે છે. આનાથી સિદ્ધ થયું કે જડમાં પણ જ્ઞાન વધારવાની શક્તિ છે અને દેખો કે કોઈકવાર જડ ચેતન કરતા પણ અધિક લાભ અપાવી શકે છે. જેમ આત્માનો

જ્ઞાનગુણ છે. એટલે પદાર્થોને આત્મા જ દેખી શકે છે. પરંતુ તો પણ આત્માને ચક્ષુ આદિ ઈન્દ્રિયોની સહાયતાની આવશ્યક્તા પડે છે. કારણ કે જ્યારે ચક્ષુ કોઈ હેતુથી નાશ થઈ જાય છે. તો પદાર્થોના દર્શન થઈ શકતા નથી હવે ધ્યાન કરી વિચારવું જોઈએ કે પદાર્થોના દર્શન કેમ થતા નથી. શું દેખવાવાળો આત્મા વિદ્યમાન નથી ? કહેવું તો પડશે જ કે આત્મા તો ચોક્કસ વિદ્યમાન છે. પરંતુ સહાયક ચક્ષુઓનો નાશ થવાથી પદાર્થોના દર્શન થતા નથી. હવે તમો જ ન્યાયથી કહો કે જડનો કેટલો પ્રભાવ છે કે જે ન હોવાથી આત્મા પણ પદાર્થોને દેખી શકતો નથી. લો હવે બીજું સાંભળો કે આંખો સચેતન હોવા છતાં પણ સ્વયં સ્વયંને દેખી શકતી નથી પરંતુ જ્યારે અરિસો તેની સામે કરાય તો જલ્દીથી આંખો સ્વયં સ્વયંને દેખી લે છે. આમ કહો કે સ્વયંની આંખો સ્વયંને નજર સમક્ષ દેખવા લાગે છે. દેખો કે આ જગ્યાએ જડ લાગતુ એવું દર્પણ ક્યા પ્રકારે લાભ અપાવે છે. આ પ્રમાણે જ મૂર્તિ પણ ઈશ્વર પરમાત્માનો બોધ કરાવી શકે છે. હજુ પણ દેખો કે મનુષ્ય સ્વયંને દેખવાની સંપૂર્ણ શક્તિ હોવા છતાં પણ એક કે અડધા માઈલથી વધારે દૂર ક્યારેય નથી દેખી શકતો. પરંતુ દુરબીન લગાવીને દેખીયે તો દસ-દસ માઈલ કરતા પણ વધારે દૂરની વસ્તુ દષ્ટિગોચર થાય છે. સમજો દૂરબીન એક જડપદાર્થ છે. પરંતુ તેમાં કેટલી શક્તિ છે. અને કેટલો લાભ

આપવાવાળી વસ્તુ છે. હે ભાઈ ! ન્યાયની દૃષ્ટિથી તો મારી આ યુક્તિઓ અને પ્રમાણોથી તમારે માની લેવું જોઈએ કે મૂર્તિપૂજા ખરેખર ઠીક છે.

**આર્ય :-** હા સાહેબ, હવે આ વાતનો તો સ્વીકાર કરૂં છું કે મૂર્તિને અવશ્ય માનવી જોઈએ અને આ વાત પણ છે કે નિરાકાર ઈશ્વર-પરમાત્માની મૂર્તિ બની શકે છે તમોએ ઉપર બતાવેલ યુક્તિઓ દ્વારા બરાબર સિદ્ધ કરીને બતાવી દીધું છે હવે પ્રશ્ન ફક્ત એટલો જ છે કે તમો વેદોના મંત્રો (પ્રમાણ)થી આ વાતને સિદ્ધ કરીને બતાવો કારણ કે અમોને વેદો પર વધારે વિશ્વાસ છે.

**મંત્રી :-** હે સાહેબ ! તમારા કથન અનુસાર હવે હું આપને વેદની શ્રુતિઓ દ્વારા જ આ વાતને સિદ્ધ કરીને બતાવું છું જરા ધ્યાન આપીને સાંભળો, 'યજુર્વેદ' ૧૬માં અધ્યાય ૪૯ નંબરના મંત્રમાં મૂર્તિપૂજા સિદ્ધ છે, જેમકે

**"याते रुद्र शिवातनूरघोरापापकाशिनी"**

હે રુદ્ર, તારૂં શરીર કલ્યાણ કરવાવાળું છે. સૌમ્ય છે અને પુણ્યફળ આપવાવાળું છે. દેખો કે યજુર્વેદોના ત્રીજા અધ્યાયના ૬ નંબરના મંત્રમાં આ પ્રમાણે લખેલ છે.

**त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्द्धनम् ।**
**उर्वारुकमिव बन्धनान् मृत्योर्मुक्षीयमामृतात् ॥**

तथा च निरुक्तम् । अ० १३ पा० ४ खण्ड-

**त्रीणि अम्बकानि यस्य स त्र्यम्बको रुद्रस्तं त्र्यम्बकं यजामहे ( सुगन्धिं ) सुष्ठुगन्धिम् ( पुष्टिवर्द्धनम् ) पुष्टिकारकमिवोर्वारुकमिव फलं बन्धनादारोधनात् मृत्योः सकाशान्मुञ्चस्व मां कस्मादित्येषामितरैषा पराभवति ।**

અર્થ - આ મંત્રના રચયિતાએ પણ આનો અર્થ એજ કરેલ છે. આનો સીધો અક્ષરાર્થ આ છે કે ત્રણ નેત્રોવાળા શિવજીની પૂજા અમો કરીએ છીએ. સુગંધવાળુ પુષ્ટિકારક તડબુચ જેમ સ્વયંની લતાથી અલગ થઈ જાય છે. તે પ્રમાણે અમોને મૃત્યુથી બચાવીને મોક્ષપદની પ્રાપ્તિ કરાવો ઈતિ. દેખો આ વાક્યથી ઈશ્વર શરીરધારી છે તે સિદ્ધ થાય છે. કારણ કે આંખો હોવી તે શરીર વિના અસંભવ વાત છે. પરંતુ સ્વામીદયાનંદે ત્ર્યંબક પદનો અર્થ ત્રણલોકની રક્ષા કરવાવાળા લખેલ છે. પરંતુ આ પદનો અંર્થ કોઈ પ્રકારથી પણ થઈ શકતો નથી. અને દેખો મનુસ્મૃતિના ચોથા અધ્યાયના ૧૨૫ નં ના શ્લોકમાં પણ લખેલ છે આ પ્રમાણે -

**मैत्रं प्रसादनं स्नानं दन्तधावनमज्जनम् ।**
**पूर्वाण्ह एव कुर्वीत देवतानाञ्च पूजनम् ॥**

આનો અર્થ આ છે કે શૌચાદિ સ્નાન અને દંતધાવન આદિ કરવું અને દેવતાઓનું પૂજન પ્રાતઃકાલ (સવારમાં) કરવું જોઈએ દેખો અહિયાં પણ દેવતાઓની પૂજાથી મૂર્તિપૂજા સિદ્ધ થાય છે. આ પ્રમાણે...

**नित्यं स्नात्वा शुचिः कुर्य्याद्देवर्षि पितृतर्पणम् ।**
**देवताऽभ्यर्चनं चैव समिदाधानमेव च ॥**

**અર્થ :-** હંમેશા સ્નાન કરીને પહેલા દેવ, ઋષિ તથા પિતૃઓનું તર્પણ સ્વયંના ઘરની વિધિથી કરે ત્યારબાદ શિવાદિ દેવ પ્રતિમાઓને અભ્યર્ચન નામની સન્મુખ પૂજા કરે ત્યારબાદ વિધિપૂર્વક સમિદાધાન કર્મ કરે. અહીંયા દેવતાભ્યર્ચન પદથી માતા-પિતા-ગુરૂ આદિ કોઈપણ મનુષ્યોનો આદર સત્કાર એટલે નથી લેવાતો કે આ મનુસ્મૃતિના બીજા અધ્યાયમાં માતા-પિતા-ગુરૂ આદિ માન્યવરોની પૂજા આદર-સેવા અલગ-અલગ પ્રકારે કહેલી છે.

અગ્નિહોત્રનું વિધાન સ્ત્રીસહિત ગૃહસ્થોને માટે છે. અગ્નિહોત્રના સ્થાનમાં બ્રહ્મચારી માટે સમિદાધાન કર્મ છે. પાણિનીય અષ્ટાધ્યાયી અધ્યાય પ.પાનાઉ સૂત્ર ૯૯ના અનુસાર વાસુદેવ તથા શિવની પ્રતિમાઓના નામ પણ 'કન્' પ્રત્યયનો 'લુપ' થવાથી વાસુદેવ તથા શિવ જ થાય છે. આના અનુસાર દેવતાની પ્રતિમાના નામ પણ કન્નો લોપ થવાથી દેવતા જ ખરેખર બોલી શકાશે.

**वासुदेवस्य प्रतिकृतिर्वासुदेवः ।**
**शिवस्य प्रतिकृतिः शिवः ।**
**देवतायाः प्रतिकृतिर्देवता ।**
**तस्या अभ्यर्चनं देवताभ्यर्चनम् ।**

મનુમાં કહેલ દેવતાભ્યર્ચન પદનો સ્પષ્ટાર્થ વિષ્ણુ-શિવાદિ દેવોની પ્રતિમાઓનું પૂજન બ્રહ્મચારીએ નિયમથી કરવું જોઈએ આ જ સિદ્ધ થાય છે. મનુના ટીકાકારોની સમ્મતિ પણ દેવ-પ્રતિમાનું પૂજન કરવું સ્પષ્ટ છે જે પ્રમાણે...

**ગોવિંદરાજ** :- देवतानां हरादिनां पुष्पादिनामर्चनम् ।

**મેધાતિથિ** :- अतः प्रतिमानामेवैतत्पूजन विधानम् ।

**સર્વજ્ઞનારાયણ** :- देवतानामर्चनम् पुष्पाद्यै : ।

**કૂલ્લૂક** :- प्रतिमादिषु हरिहरादिदेवपूजनम् ।

મનુસ્મૃતિના ટીકાકાર પં.ગોવિંદરાજજી કહે છે કે અહીંયા જે દેવતા શબ્દ છે તે શિવાદિ દેવતા લેવા યોગ્ય છે પુષ્પાદિથી પૂજન કરવું તે દેવતાભ્યર્ચન કહેવાય છે.

મેધાતિથિ કહે છે કે અહીંયા પ્રતિમાઓનું પૂજન જ અભિમત છે. સર્વજ્ઞનારાયણ અને કૂલ્લૂક ભટ્ટને પણ આ મત સ્વીકાર્ય છે. એટલે આ પ્રમાણોથી દેવતાઓની પૂજા કરવાથી મૂર્તિપૂજા સિદ્ધ છે.

**આર્ય** :- ના રે ના, અમારા ધર્મશાસ્ત્રોમાં તો દેવતાઓનો અર્થ વિદ્વાન્ કરેલ છે. તે કારણથી તમારૂ કહેવું યુક્તિયુક્ત નથી

**મંત્રી** :- હે મહાશયજી ! તમોએ જરા ધ્યાન આપવું જોઈએ કે જો અહીયાં દેવતાઓથી વિદ્વાન્ અર્થ સિદ્ધ થાય છે. તો સવારના પહોરમાં તો દેવતાઓનું પૂજન કરવું જોઈએ.

એ પ્રમાણે શું કામ લખેલ છે. અને જો કોઈપણ પ્રકારે આ વાતને સ્વીકારી પણ લે દેવતા અર્થ અહીયાં વિદ્વાન્ જ છે તો પછી પણ તમો જડપૂજાથી અલગ કોઈપણ પ્રકારે થઈ શકતા નથી કારણ કે જો તમો કોઈ વિદ્વાન્‌ની પૂજા કરશો તો આત્મા તો નિરાકાર હોવાના કારણે તે વિદ્વાન્‌ના શરીરની જ પૂજા કરશો ને ? પરંતુ શરીર જડ છે. એટલે તે પણ જડની જ પૂજા થઈ. જો તમો કહેશો કે શરીરમાં ચેતનાવંત આત્મા હોય છતાં ચૈતન્યવાળું શરીર પૂજવાથી અમો જડની પૂજા કરનારા થઈ શકતા નથી, તો પછી અમો પણ મૂર્તિ પૂજવાના કારણે જડની પૂજા કરનારા કોઈ પણ પ્રકારે થઈ શકતા નથી કારણ કે તમારી માન્યતાની અનુકૂળ ઈશ્વર સર્વવ્યાપક હોવાથી મૂર્તિમાં પણ ઈશ્વર વિદ્યમાન છે. અને દેખો મનુસ્મૃતિના નવમાં અધ્યાયમાં ૨૮૦ નં ના શ્લોકમાં લખેલ છે. આ પ્રમાણે...

**कोष्ठागार-युधागार-देवतागार-मेदकान् ।**
**हस्त्यश्वरथहर्न्तृश्च हन्यादेवाविचारयन् ॥**

**અર્થ :-** આનો આશય એ થયો કે કોશ, કારાગાર, દેવતાઓના મંદિરોને તોડવાવાળા છે. અથવા વસ્તુઓની ચોરી કરવાવાળા ચોર છે. તે બધાને રાજા વગર વિચાર્યે મારી નાંખે અને દેખો કે મનુસ્મૃતિના નવમાં અધ્યાયના ૨૮૫ નં.ના શ્લોકમાં લખેલ છે કે

**( सङ्क्रमध्वसयष्टीनां प्रतिमानां च भेदकः )**

આ શ્લોકમાં મનુજીએ રાજાના માટે આદેશ કરેલ છે કે નાળા ઉતરવા માટે જે પુલ બનાવેલ હોય છે તેને ધ્વજાયષ્ટી નામ તળાવમાં જે પાણી હોય તેને માપવા માટેની લાકડી હોય છે, તેને અને દેવતાઓની પ્રતિમાને તોડવાવાળાને રાજા દંડ આપે. દેખો આ સ્થાનો ઉપર પણ દેવમંદિરનું નામ હોવાના કારણે પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે મૂર્તિપૂજાનો પ્રચાર મનુજીના સમયમાં વિદ્યમાન હતો. માટે જ ખરેખર મનુજીને આ પક્ષ સ્વીકાર્ય હતો.

**આર્ય** :- હે મહાશયજી ! દેવમંદિરથી અમો વિદ્વાન્‌નું સ્થાન એ પ્રમાણે અર્થ લઈએ છીએ.

**મંત્રી** :- અમોએ તમોને જવાબ આપેલ છે કે તમો દેવશબ્દનો અર્થ વિદ્વાન્ કરી શકતા નથી. અને તમોએ આ વાક્ય "विद्वांसो वै देवाः" શતપથ બ્રાહ્મણ ભાગથી લીધેલ છે. અને આ પ્રમાણથી જ દેવતાનો અર્થ વિદ્વાન્ કરો છો. પરંતુ આ શતપથ બ્રાહ્મણભાગ નામ ગ્રંથની ૬ કંડિકામાં મત્સ્ય અવતારાદિકા વિસ્તારથી વર્ણન કરેલ છે. જો તમો શતપથ બ્રાહ્મણના પ્રમાણથી જ દેવતાનો અર્થ વિદ્વાન્ કરો તો તમારે છઠ્ઠી કંડિકાને પણ માનવી પડશે. જેમાં અવતારોની સિદ્ધિનું વર્ણન છે. જ્યારે અવતારોને માની લીધા તો મૂર્તિનો સ્વીકાર કરવો સ્વયં સિદ્ધ થઈ ગયું અને મનુસ્મૃતિના અધ્યાય-૮, શ્લોક-૨૪૮ થી પણ પ્રત્યક્ષ જણાય છે કે દેવતા શબ્દનો

અર્થ પ્રત્યેક સ્થાન ઉપર વિદ્વાન્ થઈ શકતો નથી શ્લોક આ છે. જે પ્રમાણે...

**"तडागान्युदपानानि वाप्यः प्रश्रवणानि च ।**
**सीमासन्धिषु कार्याणि देवतायतनानि च" ॥ इति ॥**

અને દેખો યજુર્વેદના ૧૬માં અધ્યાયમાં અષ્ટમ મંત્રમાં આ લખેલ છે.

**"नमस्ते नीलग्रीवाय सहस्त्राक्षाय मीढुषे**
**अथो ये अस्य सत्वानो हन्तेभ्यो करन्नमः"**

**मन्त्रार्थ :-**

**ભાવાર્થ :-** નીલકંઠ હજારનેત્રથી બધા જગતને દેખવાવાળો ઈન્દ્રરૂપ અથવા વિશાલરૂપ સેચનમાં સમર્થ વરસવા રૂપ અથવા વરૂણરૂપ રૂદ્રના નિમિત્ત નમસ્કાર થાઓ અને આ રૂદ્ર દેવતાના જે અનુચર (પાછળ ચાલનારા) દેવતા છે તેઓને હું નમસ્કાર કરૂં છું દેખો આ શ્રુતિમાં 'હજાર આંખવાળા અને કાળી ડોકવાળા' આ લેખ ઈશ્વરે શરીર ધારણ કરેલ છે તે પ્રત્યક્ષ સિદ્ધ કરી રહ્યા છે. કારણકે શરીરવિના નેત્ર અને કંઠ કોઈપણ પ્રકારે હોઈ શકતા નથી. અને દેખો યજુર્વેદના ૧૬માં અધ્યાયમાં નવમા મંત્રમાં આ પ્રમાણે લખેલ છે.

**प्रमुञ्च धन्वनस्त्वमुभयो रात्र्योज्यार्म् ।**
**पार्श्वे ते हस्त इषवः परा ता भगवो वप ॥**

**मंत्रार्थ :-**

**भगवः धन्वनः उभयोः रात्न्योंः ज्याम् त्वम् प्रमुञ्च च याः ते हस्ते इषवः ताः परा वप ।**

**ભાવાર્થ :-** હે ષાડૈશ્વર્યસંપન્ન ! ભગવાન ! તમો ધનુષ્યની બંને કોટિઓમાં જે રહેલી છે તે જયા ને દૂર કરો (ઉતારી લો) અને જે આપણા હાથમાં બાણ છે તેમને દૂર ત્યાગી દો. અને અમારા નિમિત્તથી સૌમ્યમૂર્તિ થઈ જાઓ આનાથી પણ ઈશ્વર શરીરધારી સિદ્ધ થાય છે. કારણ કે શરીર વિના હાથ અને પગનું હોવું તે અસંભવ વાત છે. અને દેખો યજુર્વેદના ૧૬માં અધ્યાયના ૨૯નં. ના મંત્રમાં આ પ્રમાણે લખેલ છે.

**'नमः कपर्दिने च इत्यादि'**

**અર્થ :-** આ મંત્રમાં કપર્દી શબ્દ છે તેનો અર્થ 'જટા જુટધારીને' નમસ્કાર થાઓ. આ પ્રમાણે કરેલ છે હવે વિચારવું જોઈએ કે જટા મસ્તક વિના હોય જ નહી આનાથી પણ ઈશ્વર શરીરધારી છે. તે સિદ્ધ થયું. અને દેખો, યજુર્વેદના ૩૨નં. અધ્યાયમાં આ પ્રમાણે લખેલ છે જેમકે-

**एषोहदेवः प्रदिशोऽनुसर्वाः पूर्वोंहजातः सउगर्भे अन्तः ।**
**स एव जातः स जनिष्यमाणः प्रत्यङ्जनास्तिष्ठति सर्वतो मुखः॥**

**અર્થ :-** આ જે પૂર્વે કહેલ પુરૂષ-ઈશ્વર બધી દિશા-વિદિશાઓમાં વિવિધ પ્રકારના રૂપોને ધારણ કરીને રહેલો છે તે પહેલી સૃષ્ટિના આરંભમાં હિરણ્યગર્ભના રૂપમાં ઉત્પન્ન થાય અને તે જ ગર્ભની અંદર આવ્યા અને તે જ ઉત્પન્ન થયા અને તે જ ઉત્પન્ન થશે જે બધાની અંદર અંતઃકરણમાં

રહેલો છે. અને જે વિવિધરૂપ ધારણ કરીને બધા સન્મુખ મુખવાળા થઈ રહ્યા છે અને બીજું પણ દેખો, જેમકે-

**"आयो धर्माणि प्रथमः ससाद ततो वपूंसि कृणुपे पुरुणि,"** અથર્વ ૫/૧/૧/૨॥.

અર્થ- હે ઈશ્વર ! જે તમોએ પ્રથમ સૃષ્ટિના આરંભમાં ધર્મોનું સ્થાપન કર્યું. તેને જ તમોએ ઘણાં વપુ નામક શરીર અવતાર રૂપથી ધારણ કરેલા છે વપુ નામ શરીરનું સંસ્કૃતમાં પ્રસિદ્ધ છે તે આ પ્રમાણે છે.

**"एह्यश्मानमातिष्ठाश्माभवतु ते तनुः"** । અથર્વ ૨/૧, ૨/૪

**અર્થ** :- હે ઈશ્વર ! તમો આવો અને આ પત્થરની મૂર્તિમાં સ્થિર થાઓ અને આ પત્થરની મૂર્તિ તમારા તનૂ નામ શરીર બની જાય એટલે કે શરીરમાં જીવાત્મા તુલ્ય આ મૂર્તિમાં રહો આની પુષ્ટિમાં ઉપનિષદ્ તથા બ્રાહ્મણ ભાગાદિના સેંકડો પ્રમાણ મળી શકે છે.

અને દેખો યજુર્વેદના ૧૩માં અધ્યાયમાં ૪૦નં. ના મંત્રમાં તે લખેલ છે કે...

**"आजित्यं गर्भं पयसा समङ्धि सहस्त्रस्य प्रतिमां विश्वरूपम् । परवृङ्धि हरसामाभिमं ᳐ स्थाः शतायुषं कृणुहि चीयमानः"** ॥

આનો અર્થ આ પ્રમાણે છે હજાર નામવાળો જે પરમેશ્વર છે. તેની સ્વર્ણઆદિ ધાતુઓથી બનાવેલ મૂર્તિને પહેલા અગ્નિમાં નાંખીને તેનો મેલ દૂર કરવો જોઈએ.

આના પછી દૂધથી તે પરમાત્માની મૂર્તિને ધોઈને શુદ્ધ કરવી જોઈએ કારણ કે શુદ્ધ અને સ્થાપના કરેલ મૂર્તિ પુરૂષને દીર્ઘ આયુષ્યવાળો અને મોટો પ્રતાપી બનાવી શકે છે દેખો કે આ વેદપાઠથી પ્રત્યક્ષ મૂર્તિપૂજા સિદ્ધ થાય છે. જો કે હવે પણ આ ન માનો તો શું કરી શકયા પછી તો એમ લાગે કે તમારી હઠ જ છે લો હજુ સાંભળો કે સામવેદના પાંચમા પ્રપાઠકના દશમાં ખંડમાં લખેલ છે કે-

**"यदा देवतायतनानि कम्पन्ते दैवताः प्रतिमा हसन्ति रुदन्ति नृत्यन्ति स्फुटन्ति खिद्यन्ति उन्मीलन्ति निमीलन्ति" ॥**

આ શ્લોક શ્રુતિનો આશય આ છે કે જે રાજાના રાજ્યમાં અથવા જે સમયમાં શયન અવસ્થામાં અથવા જાગૃત અવસ્થામાં આમ પ્રતીત થાય કે દેવમંદિર ધ્રુજી રહ્યા છે તો તે દેખવાવાળાને ખરેખર જરૂરથી કોઈ કષ્ટ મળશે અથવા દેવતાની મૂર્તિ રોતી નાચતી અંગવગરની હોય આંખોને ખોલતી અને બંધ કરતી દેખાય તો સમજવુ જોઈએ કે શત્રુ તરફથી કોઈ કષ્ટ દુઃખ જરૂર આવશે જૂઓ કે આ શ્રુતિથી પણ પ્રત્યક્ષ પ્રતીત થાય છે કે મૂર્તિપૂજા પહેલા પણ હતી અને વેદોમાં પણ છે એટલે તમો મૂર્તિપૂજાને અયોગ્ય કોઈપણ પ્રકારથી કહી શકતા નથી અને એક વાત આ પણ છે કે તમો લોકો વૈદિક આદિ બનાવીને અગ્નિ માંથી આદિ ઉત્તમ ઉત્તમ વસ્તુઓ નાંખીને સળગાવો છો. (અથવા હોમ કરો

છો) આનાં પરથી અમો કહી શકીએ કે તમો અગ્નિપૂજક છો અથવા અગ્નિને ઈશ્વરની સ્થાપના સમજીને પૂજો છો.

**આર્ય :-** ના રે ના, અમો સ્થાપના નહી સમજતા, અમારો તો આ ખ્યાલ છે કે હોમ કરવાથી વાયુ શુદ્ધ થઈ જાય છે જેની વાસના જગતમાં દૂર દૂર સુધી પહોંચી જાય છે અને અશુદ્ધ વાયુ પવિત્ર થઈ જાય છે અને લોકો બિમારીથી બચી જાય છે.

**મંત્રી :-** હે મહાશયજી ! જો આ પ્રમાણે જ છે તો વેદી આદિ બનાવવાની શું આવશ્યક્તા છે અને અમુક કલરની હો અને વેદીકા બાર અંગુલપ્રમાણ હો આ વાતોનો શું અભિપ્રાય છે સીધે સીધુ ચૂલામાં જ આ બધી વસ્તુઓને સળગાવી દો સુગંધિ સ્વયમેવ (આપમેળે) વિસ્તાર પામી જશે અને આ વાત સ્વીકાર પણ કરાય તો પછી આમ અગ્નિહોત્ર કરતી વખતે શ્રુતિઓ મંત્ર ઈત્યાદિ શા માટે ભણો છો વાયુ તો આમ ખરેખર વેદીમાં ઘી ઈત્યાદિ વસ્તુ નાંખીને બાળવાથી શુદ્ધ થઈ શકે છે. બસ આ કારણથી જણાય છે કે જેમ અમો લોકો ઈશ્વરની પ્રશંસામાં શ્લોક ભણીએ છીએ અને મૂર્તિની પૂજા કરીએ છીએ તેમ તમો પણ ઈશ્વરની પ્રશંસામાં હોમ ઈત્યાદિ કરવાથી અગ્નિપૂજક સિદ્ધ થાઓ છો ફક્ત ભેદ એટલો છે કે અમારી પૂજાની સામગ્રી તો કોઈ પૂજારી આદિના કામમાં આવી જાય છે. અને તમારી સામગ્રી ભસ્મીભૂત થઈને માટીમાં મળી જાય છે

હે મહાશયજી ! તમો લોકો ક્યારેય છૂટી ન શકો અને દેખો કે તમારા સ્વામી દયાનંદજીના બનાવેલ સત્યાર્થપ્રકાશમાં લખેલ છે કે મનને દઢ કરવા માટે પાછળના હાડકામાં ધ્યાન લગાવવું જોઈએ હમણાં સભાનું ધ્યાન કરવું જોઈએ કે ભલા પરમાત્માની મૂર્તિમાં ધ્યાન લગાવવાથી તો પરમાત્મા પ્રત્યે પ્રીતિ થશે અને તેઓના ગુણોનું સ્મરણ થશે. પરંતુ સત્યાર્થપ્રકાશમાં સાતમા સમુલ્લાસમાં 'शौचसंतोषतपः स्वाध्यायेश्वरः' આ યોગસૂત્રનો અર્થ કરતી વખતે સ્વામી દયાનંદજીએ લખેલ છે કે જયારે મનુષ્ય ઉપાસના કરવાની ઈચ્છા કરે તો એકાંત સ્થાનમાં આસન લગાવીને બેસે અને પ્રાણાયામની રીતથી બાહ્યઈન્દ્રિયોને રોકી મનને નાભિપ્રદેશમાં રોકી અથવા હૃદય કંઠ આંખ શિક્ષા અથવા પીઠની મધ્યના હાડમાં મનને સ્થિર કરે આ હાડકાની પૂજાથી તો મૂર્તિપૂજા સારી છે પીઠના હાડકાને દેખવાવાળાને તેમાં ધ્યાન લગાડવાવાળાને શું લાભ થઈ શકે આ માટે તમોએ પીઠની અસ્થિને છોડીને પરમાત્માની મૂર્તિમાં ધ્યાન લગાવવું જોઈએ કારણ કે તમારા પીઠના હાડકાથી પરમાત્માની મૂર્તિ હજારગુણો લાભ આપવાવાળી છે.

આ બધા પ્રમાણોથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા સર્વથા વેદને અનુકૂળ છે તથા વૈદિક મતાનુયાયિઓનું પહેલુ કર્તવ્ય છે હવે બીજા એક બે ઉદાહરણથી વાતને બતાવે છે કે તમારા લોકોના પૂર્વજો પ્રતિમા પૂજનને વ્યવસ્થિત માનતા રહે અને તેઓના તદનુકૂલ આચારણ પણ કર્યું મહાભારતના આદિ પર્વમાં

એક ઉપાખ્યાન તે સમયનું મળે છે જયારે કે હસ્તિનાપુરમાં દ્રોણાચાર્યજી પાંડવ અને કૌરવોએ શસ્ત્રઅસ્ત્રની શિક્ષા આપી રહ્યા હતા તેઓની પ્રશંસા સાંભળીને પ્રતિદિન અનેક ક્ષત્રિયો તેઓની પાસે ધનુર્વેદ વિદ્યા શિખવા માટે આવતા હતા.

**'ततो निषादराज्यस्य हिरण्यधनुषः सुतः ।**
**एकलव्यो महाराज द्रोणमभ्याजगाम ह ॥**
**न स तं प्रतिजग्राह नैषादिरिति चिन्तयन् ।**
**शिष्यं धनुषि धर्मज्ञस्तेषामेवान्ववेक्षया ॥**
**स तु द्रोणस्य शिरसा पादौ गृह्य परन्तपः ।**
**अरण्यमनुसम्प्राप्य कृत्वा द्रोणं महीमयम् ॥**
**तस्मिन्नाचार्य्यं वृत्तिञ्च परमामास्थितस्तदा ।**
**इष्वस्त्रेयोगमातस्थे परं नियममास्थितः ॥**
**परया श्रद्धयोपेतो योगेन परमेण च ।**
**विमोक्षादानसन्धाने लघुत्वं परमाप सः ॥ ३५ ॥**

महाभारत आदिपर्व अध्याय १३४

આ અધ્યાયના ૩૦ શ્લોકોમાં એકલવ્યના ચરિત્રનું વર્ણન છે જયારે દ્રોણાચાર્યની પ્રશંસા દૂર-દૂર સુધી ફેલાઈ ગઈ હતી તો એક દિવસ નિષદરાજ હિરણ્યધનુષનો પુત્ર એકલવ્ય દ્રોણની પાસે ધનુર્વિદ્યા શીખવા માટે આવ્યો. દ્રોણાચાર્યે તેને શુદ્રજાતિનો જાણીને ધનુર્વેદની શિક્ષા ન આપી ત્યારે તે મનમાં દ્રોણાચાર્યને ગુરૂ માનીને અને તેઓના ચરણસ્પર્શ કરીને વનમાં ચાલ્યો ગયો અને ત્યાં દ્રોણાચાર્યની એક માટીની

મૂર્તિ બનાવીને તેની સામે ધનુર્વિદ્યા શીખવા લાગ્યો શ્રદ્ધાના ભારથી ભરેલો અને ચિત્તની એકાગ્રતાના કારણે તે થોડા જ દિવસોમાં ધનુર્વિદ્યામાં સારો હોંશિયાર થઈ ગયો. એકવાર દ્રોણાચાર્યની સાથે કૌરવ અને પાંડવો શિકાર રમવા માટે વનમાં ગયા ત્યારે તેઓના કોઈની સાથે એક કુતરો પણ ગયેલો હતો તે કુતરો અહીં તહીં ફરતો જ્યાં એકલવ્ય ધનુર્વિદ્યા શીખી રહ્યો હતો ત્યાં પહોંચી ગયો અને એકલવ્યને દેખીને ભસવા લાગ્યો ત્યારે એકલવ્યે સાત બાણ એવા માર્યા (છોડ્યા) કે જેનાંથી કુતરાનું મોઢું બંધ થઈ ગયું તે કુતરો પાંડવો પાસે આવ્યો. ત્યારે પાંડવો આ અદ્‌ભુત રીતથી બાણથી મારવાવાળાની શોધ કરી તો શું દેખે છે કે એકલવ્ય પોતાની સમક્ષ એક માટીની મૂર્તિ રાખીને ધનુર્વિદ્યા શીખી રહ્યો હતો. અર્જૂને પૂછ્યું હે મહાશય ! તમો કોન છો ? એકલવ્ય પોતાનું નામ અને સરનામું બતાવ્યું અને કહ્યું કે અમો દ્રોણાચાર્યના શિષ્ય છીએ. અર્જુન દ્રોણાચાર્યની પાસે ગયો અને કહ્યું કે હે મહારાજ ! તમોએ તો કહેલું કે મારા બધા શિષ્યોમાં ધનુર્વિદ્યામાં તું ખરેખર અગ્રણી થઈશ. પરંતુ એકલવ્યને આપે મારાથી પણ સારી શિક્ષા આપી છે. દ્રોણાચાર્યે કહ્યું કે હું તો કોઈ એકલવ્યને નથી જાણતો. ચાલો દેખીયે કોણ છે ? ત્યાં પહોંચ્યા ત્યારે એકલવ્યે દ્રોણાચાર્યની ચરણરજ મસ્તક પર ધારણ કરી અને કહ્યું કે આપની મૂર્તિની પૂજા કરવાથી જ મારામાં આ યોગ્યતા પ્રાપ્ત

થઈ છે. તમો મારા ગુરુ છો દ્રોણાચાર્યે કહ્યું કે તો પછી મને ગુરુદક્ષિણા આપ એકલવ્યે કહ્યું કે તમો જે કહો તે હું આપવા તૈયાર છું ત્યારે દ્રોણાચાર્યે તેનો અંગુઠો દક્ષિણામાં માંગ્યો અને એકલવ્યએ આપી દીધો. અંગુઠો ન રહેવા ના કારણે પછીથી એકલવ્યમાં તેવી હોંશિયારી રહી નહીં અને દ્રોણાચાર્યની પ્રતિજ્ઞા પણ પૂર્ણ થઈ દેખો વાચક ! દ્રોણાચાર્યની મૂર્તિ પૂજવાથી જ ખરેખર એકલવ્ય અર્જુન કરતા ધનુર્વિદ્યામાં ઉત્કૃષ્ટ હોંશિયાર થઈ ગયો તો પછી જે લોકો દિનરાત દેવપૂજન કરશે તો તેઓના કયા મનોરથો સિદ્ધ ન થાય ! હવે વાલ્મીકીય રામાયણને પણ દેખી લો.

જે સમયે મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રજી રાવણાદિ રાક્ષસોને મારીને પુષ્પકવિમાન દ્વારા પાછા વળ્યા તે વખતે સીતાજીને રામચંદ્રજીએ જે-જે સ્થાનો હતા તે બતાવ્યા કે જ્યાં-જ્યાં અમો સીતાજીના વિયોગમાં ફરતા હતા રામચંદ્રજી કહે છે કે-

**एतत्तु दृश्यते तीर्थं सागरस्य महात्मनः ।**
**यत्र सागरमुत्तीर्य तां रात्रिमुषिता वयम् ॥**
**एष सेतुर्मया बद्धः सागरे लवणार्णवे ।**
**तव हेतोर्विशालाक्षि ! नलसेतुः सुदुष्करः ॥**
**पश्य सागरमक्षोभ्यं वैदेहि वरुणालयम् ।**
**अपारमिव गर्जन्तं शङ्खशुक्तिसमाकुलम् ॥**

हिरण्यनाभं शैलेन्द्रं काञ्चनं पश्य मैथिलि ! ।
विश्रामार्थं हनुमतो भित्त्वा सागरमुत्थितम् ।
एतत्कुक्षौ समुद्रस्य स्कन्धावारनिवेशनम् ॥
अत्र पूर्वं महादेवः प्रसादमकरोद्विभुः ।
एतत्तु दृश्यते तीर्थं सागरस्य महात्मनः ॥
सेतुबन्धमितिख्यातं त्रैलोक्येन च पूजितम् ।
एतत्पवित्रं परमं महापातकनाशनम् ॥ इति

રામચંદ્રજી કહે છે કે હે સીતે ! આ સમુદ્રનું તીર્થ છે જે જગ્યામાં અમોએ એક રાત નિવાસ કર્યો હતો આ જે (સેતુ) પુલ દેખાય છે. તે નળની સહાયતાથી તને પ્રાપ્ત કરવા માટે અમોએ બનાવેલ હતો જરા સમુદ્ર સામે તો દેખ જે વરુણ દેવનું ઘર છે જેમાં કેવા ઊંચા ઊંચા મોટા તરંગો ઉછળી રહ્યા છે. જેનું બીજું કાંઈ દેખાતું નથી વિવિધ પ્રકારના જલ જંતુઓથી ભરેલા તથા શંખ અને છીપલાઓથી યુક્ત છે આ સમુદ્રમાંથી નિકળેલો સુવર્ણમઢેલો આ પર્વતને દેખો જે હનુમાનના વિશ્રામ માટે સાગરના મધ્યભાગને ફાડીને ઉત્પન્ન થયેલો છે અહીંયા વિશ્વવ્યાપક વિભુ મહાદેવજીએ અમોને વરદાન આપેલ હતું. આ જે મહાત્મા સમુદ્રનું તીર્થ દેખાય છે. તેનું નામ સેતુબંધ છે અને ત્રણેય લોકથી પૂજિત છે આ પરમ પવિત્ર છે અને મહા અપાયને નાશ કરવાવાળા છે આ અંતિમ શ્લોકો ઉપર વાલ્મીકીય રામાયણના ટીકાકાર લખે છે કે-

"सेतोर्निर्विघ्नतासिद्ध्यै समुद्रप्रसादानन्तरं शिवस्थापनं रामेण कृतमिति गम्यते कूर्मपुराणे रामचरिते तु अत्रस्थाने स्पष्टमेव लिङ्गस्थापनमुक्तं त्वत्स्थापितलिङ्गदर्शनेन ब्रह्महत्यादि-पापक्षयो भविष्यतीति महादेववरदानं च स्पष्टमेवोक्तं, सेतुं दृष्ट्वा समुद्रस्य ब्रह्महत्यां व्यपोहतीति स्मृतेः" ॥

**અર્થ** :- સેતુ (પુલ) નિર્વિઘ્ન સમાપ્ત થાય તે માટે રામચંદ્રજી એ સમુદ્રના પ્રસાદ પછી અહીયા શિવમૂર્તિનુ સ્થાપન અને પૂજન કરેલ હતું કૂર્મપુરાણમાં તો આ પ્રકરણમાં રામચંદ્રજીનું લીંગસ્થાપન અને મહાદેવજીના વરદાનનું સ્પષ્ટ વર્ણન છે કે તમારા દ્વારા સ્થાપન કરેલ શિવમૂર્તિના દર્શન કરવાથી બ્રહ્મ ઈત્યાદિ પાપોનો નાશ થાય છે અને સ્મૃતિમાં પણ લખેલ છે કે સમુદ્રના સેતુદર્શન કરવાથી મહા પાપોના નાશ થાય છે.

મહારાજા દશરથ જે સમયે રામચંદ્રજીના વિયોગમાં મૃત્યુને વરેલા હતા ત્યારે ભરતજી પોતાના મામાના ઘરે હતા તેઓને બોલાવવા માટે દૂત મોકલ્યો હતો અને જ્યારે ભરતજી અયોધ્યાની નજદિકમાં પહોંચ્યા તો તેઓએ ઘણાં અશુભ ચિન્હો દેખ્યા તે કહે છે

"देवागाराणि शून्यानि न भान्तीह यथा पुरा ।
देवतार्चाः प्रविद्धाश्च यज्ञगोष्ठास्तथैव च" ॥

**અર્થ :-** દેવતાઓના મંદિર શૂન્યાગાર દેખાય છે આજે પહેલા જેવા શોભાયમાન હતા તેવા દેખાતા નથી પ્રતિમાઓ પૂજા રહિત થઈ રહી છે. તેની ઉપર ધૂપ-દીપ-પુષ્પાદિ ચઢેલા દેખાતા નથી યજ્ઞોના સ્થાન પણ યજ્ઞકાર્યથી રહિત છે આ બધા કાર્યોથી સ્પષ્ટ થાય છે કે મૂર્તિપૂજા સનાતન છે. ત્રેતા અને દ્વાપરયુગ સુધીનો જે ઇતિહાસ મળે છે. તેથી સ્પષ્ટ વાત પ્રગટ થાય છે કે અહીયાં મોટા મોટા દેવમંદિર હતા, જેમાં નિત્ય પૂજા થતી હતી વિદ્વાન્ પૂજા કરતા હતા. હે મહાશય ! હવે તમો થોડો વિચાર કરો કે જ્યારે તમારા પૂર્વજો પ્રતિમાનું પૂજન કરીને પ્રત્યક્ષ ફળ પ્રાપ્ત કરી ગયા છે જો તમો પણ મૂર્તિનું પૂજન કરશો તો તમારી અભિલાષા અવશ્ય ચોક્કસ પૂર્ણ તો થશે જ અને સંદેહ વિનાનું સુખ પ્રાપ્ત થશે.

**આર્ય :-** હે શ્રીમાન્ ! મૂર્તિને તો આ પ્રકારે માની લો કે આનાથી ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય છે અને આ સમજીને પરમાત્માની મૂર્તિનું સન્માન પણ કર્યું અને મસ્તક પણ ઝુકાવ્યું પરંતુ તેની ઉપર ફળ - ફુલ - કેસર - ચંદન - ધૂપ - દીપ - ચોખા અને મિઠાઈ ઇત્યાદિ ચઢાવવાથી તમને શું લાભ છે ?

**મંત્રી :-** હે મહાશયજી ! વસ્તુ વિના ભાવ આવી શકતો નથી, આથી જ પરમાત્માની મૂર્તિ પર ઉપર બતાવેલ વસ્તુઓને ચઢાવવી આવશ્યક છે અને ઉપર લખેલ વસ્તુ ચઢાવતી વખતે નીચે લખેલ ભાવના ભાવે છે.

**ફૂલ :-** ફુલ ચઢાવતી વખતે અમો આ ભાવના ભાવીએ છીએ કે હે ભગવાન ! હે પ્રભુ ! આ જે ફુલ છે તે કામદેવના બાણ (વાસનાને વધારવાવાળા છે) હું અનાદિકાળથી સાંસારિક વિષયોમાં મગ્ન છું તમો વીતરાગ છો અને તમોએ તો કામદેવને પણ પરાજય કરેલો છે એટલા માટે હું આ ફુલોને આપને અર્પણ કરીને પ્રાર્થના કરૂં છું કે આ કામદેવના બાણ "જ અમોને અનાદિકાળથી કલેશ આપી રહેલ છે" તારી ભક્તિના કારણથી આગામિ સમયમાં દુઃખ ન આપે.

**ફલ :-** હે મહાશયજી ! પરમાત્માની મૂર્તિ સમક્ષ સારા અને શુદ્ધ ફલ રાખીને અમો આ પ્રાર્થના કરીયે છીએ કે હે ભગવન્ ! મને આપની ભક્તિનું મુક્તિરૂપી ફલ પ્રાપ્ત થાઓ.

**કેસર અથવા ચંદન :-** આ પદાર્થને ચઢાવતી વખતે આ ભાવના કરીએ છીએ કે હે ભગવન્ ! જેવી રીતે આ પદાર્થની સુગંધિથી દુર્ગંધિની વાસના દૂર થાય છે તેવી રીતે તમારી ભક્તિથી વાસનાથી અમારામાં રહેલી અનાદિકાળની બૂરી વાસના દૂર થાય.

**ધૂપ :-** હે મહાશય ! ધૂપ કરતી વખતે અમો એવી ભાવના ભાવીએ છીએ કે હે પ્રભો ! જેવી રીતે ધૂપ અગ્નિમાં બળે છે. તેવી જ રીતે તમારી ભક્તિથી મારા બધા પાપો બળીને ભસ્મ થઈ જાય અને જેમ ધૂમાડાની ઉર્ધ્વગતિ થાય છે તે પ્રમાણે મારી પણ ઉર્ધ્વગતિ થાય અર્થાત્ મોક્ષ થાય.

**દીપક :-** હે મહાશયજી ! સંદેહ વગર અમો ઘીનો દીવો સળગાવીને પરમાત્માની મૂર્તિની આગળ મૂકીએ છીએ અને આનાથી આ ભાવના ભાવીએ છીએ કે હે ભગવન્ ! જેવી રીતે દીપકનો પ્રકાશ થવાથી અંધકાર દૂર થઈ જાય છે. તેવી રીતે જ ખરેખર આપની કરેલ ભક્તિથી મારા અંદરમાં પણ કેવલજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) રૂપ પ્રકાશ થાય. જેથી મારો પણ બધો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થઈ જાય.

**ચોખા :-** જેને સંસ્કૃતમાં અક્ષત કહે છે આને ચઢાવતી વખતે આ ભાવના ભાવીએ છીએ કે હે ભગવાન્ ! હે પ્રભો ! અક્ષતપૂજાથી મને પણ અક્ષય સુખની પ્રાપ્તિ થાય.

**મિઠાઈ - પકવાન :-** આ પદાર્થને ચઢાવવાથી અમો ભાવના ભાવીએ છીએ કે હે ભગવન્ ! હું અનાદિકાળથી જ આ પદાર્થોનું ભક્ષણ કરતો આવ્યો છું, પરંતુ મારી તૃપ્તિ થઈ નથી. એટલે હું આ મિઠાઈ આપને અર્પણ કરીને પાર્થના કરૂં છું કે હું પણ આપની ભક્તિના પ્રતાપથી આ પદાર્થોથી તૃપ્ત થઈ જાઉ (મુક્ત થઈ જાઉ) હે પ્રિય ! અમો અમારા બીજા હિન્દુભાઈઓની જેમ ભોગ ચઢાવતા નથી પણ ઉપર જણાવેલ આઠ પ્રકારની વસ્તુઓથી (જેમાં સંસારની બધા પ્રકારની હર્ષની સામગ્રી આવી જાય છે અને જેને અમો અષ્ટદ્રવ્ય કહીયે છીએ) પ્રભુની મૂર્તિ સમક્ષ અર્પણ કરીને ઉપર લખ્યા પ્રમાણે ભાવના ભાવીએ છીએ અથવા આ

પ્રાર્થના કરીએ છીએ કે હે પરમાત્મા ! મને સંસારની આ આઠ વસ્તુ મોહથી વશ કરી રહી છે અને તમોએ તો બધાનો ત્યાગ કર્યો છે.. આપ વીતરાગ છો. એટલે આપની ભક્તિથી મારી પણ અનાદિ મુક્તિ થાવ અને મને પણ આપ જેવી શાંતિ અને વૈરાગ્યભાવ ઉત્પન્ન થાવ, હે મહાશયજી ! આપને ખબર પડે કે આ પકવાન્ ઈત્યાદિ અમો ઈશ્વર - પ્રભુને ભોજન કરાવવા ચઢાવતા નથી, ખરેખર તો અમારી સ્વયંની ભલાઈ અને લાભ માટે અર્પણ કરીયે છીએ કે ભગવન્ ! જેવી રીતે તમોએ આ બધાનો ત્યાગ કર્યો, તે પ્રમાણે મને પણ આનાથી છોડાવીને આપ મુક્તિનું દાન આપો.

**આર્ય :-** કેમ મહાશયજી ! તમારૂં તો આ કહેવું છે કે ઈશ્વર કઈ કરી શકતો નથી અને કંઈ આપી શકતો નથી તો પછી આ પ્રાર્થના કરવી કે હે ઈશ્વર ! અમોને મુક્તિ આપ અમારા દુઃખ દૂર કર ઈત્યાદિ... બધુ ફોગટ છે.

**મંત્રી :-** હે મહાશયજી ! ઈશ્વર પરમાત્મા તો ખરેખર વીતરાગ છે. પ્રશંસા કરવાથી પ્રસન્ન અને નિંદા કરવાથી ક્રોધિત થતા નથી, ક્યારેય કોઈને કઈ આપતો નથી અને ક્યારેય કોઈની પાસે કંઈ લેતો નથી. ખરેખર તો ફક્ત આપણા ભાવથી જ ફલ પ્રાપ્ત થાય છે. એ નક્કી છે કે ખરાબ ભાવનાથી અમારી આત્મા મલિન થઈ જાય છે અને શુભ ભાવનાથી અમારા અશુભ કર્મોનો નાશ થાય છે. કારણ કે ઈશ્વરની પ્રશંસા કરવાથી અથવા તેનું ધ્યાન કરવાથી અમારા

હૃદયમાં શુદ્ધ પરિણામ આવી જાય છે. અને તેનું સારૂં ફળ અમોને મળે છે. એટલે જાણવું જોઈએ કે ઈશ્વરે જ અમોને આ પળ આપેલ છે, કારણ કે ઈશ્વર નિમિત્ત હોવાથી જ અમારા ભાવ સારા થાય છે. જે કારણથી અમોને શ્રેષ્ઠ ફળ મળે છે. હવે પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે આ શ્રેષ્ઠ ફળ ઈશ્વર નિમિત્ત હોવાના કારણે અમોને મળ્યું, આ પ્રમાણે કહેવાય છે કે આ ફળ ઈશ્વરે અમોને આપ્યું, પરંતુ તમારા ઈશ્વરની માફક પરમાત્મા જ બધુ આપે છે, ક્યારેય માની શકાતું નથી, અને અમો આ પ્રમાણે માની શકીએ, કારણ કે ઈશ્વરતો વીતરાગ છે. એઓને લેવાદેવાની કોઈ આવશ્યકતા નથી અને તેઓને પણ લેવા દેવાની ઈચ્છા હોય તો પછી તે ઈશ્વર ન રહ્યા, ત્યારે તો અમારા જેવા જ સમજવા જોઈએ, હે પાઠકગણો ! આ વિષયમાં પુસ્તક મોટા થવાના ભયથી અધિક નથી લખેલું (જો આપને સમ્યક્ પ્રકારથી સારી રીતે આ વિષયને દેખવાની ઈચ્છા હોય તો તમો "ચિકાગો પ્રશ્નોત્તર" જશવંતરાય જૈની લાહોર દ્વારા પ્રકાશિત છે તેઓ પાસેથી મંગાવી વાંચી લો.[૧]

હે પ્યારે બંધુ ! હજુ એક વાત હું તમોને બીજી સંભળાવું છું જે સમજવા લાયક છે. સ્મરણમાં રાખવું જોઈએ કે જિનેશ્વર દેવની મૂર્તિ હંમેશા રાગ-દ્વેષથી અલગ છે અને અન્ય મતાનુયાયિઓની મૂર્તિઓ સાંસારિક વિષયયુક્ત દેખાય

---

૧.આ પુસ્તકને જીરા જિલ્લા ફિરોજપુર નિવાસી લાલા રાધામલના પુત્ર લાલા નત્થુરામજીએ ઉર્દુમાં છપાવેલ છે. ઉર્દુ જાણવાવાળા મંગાવીને વાંચી શકે છે.

છે કોઈની મૂર્તિની સાથે સ્ત્રીની મૂર્તિ હોય છે કોઈની મૂર્તિના હાથમાં શસ્ત્ર છે કોઈની મૂર્તિના હાથમાં જપમાલા છે કોઈની મૂર્તિના હાથમાં કમંડલુ છે અને કોઈ મૂર્તિ બળદ પર આરૂઢ છે અને કોઈ ગરૂડ પર ઈત્યાદિ.... ઈત્યાદિ....

આ બધી અવસ્થા સાંસારિક છે. જેમાં મનુષ્યો અનાદિકાળથી જ હંમેશા તેમાં લાગેલા છે, પરંતુ મુક્તિનો માર્ગ સાંસારિક દશાઓમાં લાગી રહેવાથી નથી મળતો, ખરેખર તો તેનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. એટલા માટે જ મસ્જિદ અને મંદિર ઈત્યાદિમાં સાંસારિક દશાથી પ્રતિકૂલ સમજાવવાવાળાના કારણો હોય તે આવશ્યક છે. જેમકે જૈન ધર્માવલંબિયોની મૂર્તિઓ શાંત - દાંત - નિર્વિકારી - સ્ત્રી રહિત નિઃસ્પૃહ કોઈવાહનના વિના રાગ દ્વેષથી વિમુખ હોય છે આ વાત શંકારહિત છે કે જેવો કોઈ હોય છે તો તેઓની મૂર્તિ પણ તે પ્રમાણે જ થયા કરતી હોય છે, વિચાર કરવો જોઈએ કે જેની મૂર્તિની સાથે સ્ત્રીની પ્રતિમા હોય તો તે ચોક્કસ કામી હોવો જોઈએ. વર્તમાનકાળમાં કોઈ ગુરુ અથવા ફકીર થઈને સ્ત્રીને સાથે રાખે તો લોકો તેને સારો સમજતા નથી તો પછી જો પરમેશ્વર થઈને સ્ત્રીને સાથે રાખે તો તે વીતરાગ-પરમાત્મા કેવી રીતે હોઈ શકે ? ક્યારેય હોઈ શકે નહીં, અને જેની પાસે ચક્ર - ત્રિશૂલ - ધનુર્બાણ તલવાર ઈત્યાદિ શસ્ત્ર હોય તો ચોક્કસ તેને કોઈ લાભ હશે અથવા કોઈ શત્રુને મારવાનો સંકલ્પ હશે.

કારણ કે આવશ્યકતા વિના શસ્ત્રોને રાખવા તે મૂર્ખતાને પ્રગટ કરવા જેવું છે, એમ કહેવાય કે તે સ્વયંનું મહત્ત્વ દેખાડવા માટે શસ્ત્ર રાખે છે. તો પછી તે ઈશ્વર પરમાત્મા ખરેખર ન હોઈ શકે. કારણ કે ઈશ્વરને દર્શનીયતા અને મહત્ત્વની કોઈ આવશ્યક્તા નથી, એટલા માટે જ જે મૂર્તિની સાથે શસ્ત્ર હોય તે પૂજન કરવા માટે અયોગ્ય ઠરે છે. અને જેના હાથમાં માળા છે તે બીજા કોઈનો જાપ કરવો હશે. પરંતુ ઈશ્વર પરમાત્માને કોનો જાપ કરવો હશે કારણ કે આનાંથી મોટો બીજો કોઈ છે નહીં, કે તેનો તે જાપ કરે, એટલા માટે જ માળાવાળી મૂર્તિ પણ પૂજાને યોગ્ય નથી અને જે મૂર્તિને વાહન છે તે પણ બીજાને દુઃખ આપે છે. પરંતુ ઈશ્વર પરમાત્મા તો દયાળુ છે. કોઈને દુઃખ આપતા નથી, તેથી વાહન પર સવારી કરેલી મૂર્તિ પણ પૂજાને યોગ્ય નથી, જેની પાસે કમંડલુ છે તે પણ કોઈ આવશ્યકતાને માટે જ હશે, પરંતુ ઈશ્વર પરમાત્માને કોઈની પણ આવશ્યક્તા છે નહીં, એટલે કમંડલુવાળી મૂર્તિ પણ પૂજાને યોગ્ય નથી અંતમાં સભાએ વિચાર કરવો જોઈએ કે શું આવી મૂર્તિઓ દેખીને ધ્યાન અને ભાવ શુદ્ધ થઈ શકે ? ક્યારેય નહી પણ આવી મૂર્તિઓ દેખીને તો તેઓનો ઈતિહાસ સ્મરણમાં આવી જાય છે કે તેઓએ આવા આવા કાર્ય કરેલ હતા, એટલે આવી મૂર્તિઓની પૂજા ક્યારેય પણ ન કરવી જોઈએ પૂજા માટે શાંત નિર્વિકાર મૂર્તિ હોવી જોઈએ હવે અમો એક

શ્લોક લખીએ છીએ બુદ્ધિમાન વર્ગ આ શ્લોકના અર્થથી પરિણામ કાઢી શકે છે જે આ પ્રમાણે છે.

**"स्त्रीसंगः काममाचष्टे द्वेषं चायुधसंग्रहः ।**
**व्यामोहं चाक्षसूत्रादि-रशौचञ्च कमण्डलुः"॥**

**અર્થ :-** આનો અર્થ તે છે કે સ્ત્રીની જે સંગતિ છે તે કામનું ચિન્હ છે અને જો શસ્ત્ર છે તે દ્વેષનું ચિન્હ છે અને જો જપમાળા છે તો લોકોને વ્યામોહ (મોહ પમાડનાર)નું ચિન્હ છે અને જો કમંડલુ છે તો તે અપવિત્રતાનું ચિન્હ છે. એટલે મૂર્તિ શાંત-દાંત નિર્વિકાર હોવી જોઈએ અને આવી જ મૂર્તિનો સ્વીકાર કરવો જોઈએ. આ પ્રમાણેની સારી વાત સાંભળીને અને જવાબ આપવાને અસમર્થ હોવાથી બધા બોલતા બંધ થઈ ગયા. મંત્રી રાજાની તરફ દૃષ્ટિ રાખીને બોલ્યા કે હે મહારાજ ! હવે તો આપને સારી રીતે ખ્યાલ આવી ગયો હશે કે મૂર્તિપૂજાથી કોઈ મત ખાલી નથી.

રાજા સાહેબે કહ્યું કે હે બુદ્ધિશાળી ! મંત્રીશ્વર આ વાત સદૈવ સત્ય છે મને તો સારી રીતે પાકી ખાતરી થઈ ગઈ છે. પણ ખરેખર બીજા મંત્રીએ ફોગટ મારા વિચારો બદલી નાંખ્યા હતા. પરંતુ હવે મને ખ્યાલ આવી ગયો કે "જે મૂર્તિઓ અમોને કોઈ લાભ આપી શકતી નથી" તે સત્ય નથી હું તમોને હૃદયથી ધન્યવાદ આપું છું કે તમોએ સન્માર્ગથી ભૂલેલા મને સારા માર્ગ પર લાવ્યા, સમય ઘણો થઈ ગયો છે એટલે સભા સમાપ્ત કરવામાં આવે છે અને

સભાજનો પોત-પોતાના ઘરે જાય અને સભાનું વિસર્જન કરી દો રાતના જયારે રાજાજી સૂઈ ગયા તો નિદ્રામાં મૂર્તિના જ સ્વપ્ન આવવા લાગ્યા, અને જયારે જાગ્યા તો પણ તેઓને એવો ખ્યાલ થતો હતો કે ક્યારે પ્રાતઃકાલ (સવાર) થાય અને હું જિનેશ્વરપ્રભુની ઉપાસના પૂજા કરૂં જયારે સવાર થઈ રાજાજી નિદ્રાથી વિમુક્ત થયા અને ઝડપથી શૌચ-સ્નાનાદિ કરીને અષ્ટદ્રવ્ય લઈને જિનેશ્વર દેવની પૂજા ભક્તિમાં પ્રવૃતશીલ થયા.

હે સજ્જન પુરૂષો ! આ દષ્ટાંતને સાંભળવાથી તમોને સારી રીતે વિશ્વાસ થઈ ગયો કે મૂર્તિપૂજાથી કોઈ પણ મત ખાલી નથી કલ્યાણ સાધવું છે તો જિજ્ઞાસુ એવા રાજાની માફક જો તમારે આત્મકલ્યાણ કરવાવાળી જિનમૂર્તિનું અવશ્ય પૂજન કરવું જોઈએ.

હે વાચકગણ ! હવે હું લેખને સમાપ્ત કરૂં છું કારણ કે બુદ્ધિમાનોને તો આટલું કહેવુ ઘણું છે અને સાથે પ્રાર્થના કરૂં છું કે મારો આ લેખ કોઈ ભાગ્યશાળીને ન રૂચે અથવા આનાંથી કંઈક અપ્રસન્નતા થાય તો તેઓ પાસે હું ક્ષમા માંગુ છું.

કહ્યું છે કે :-

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥**

ॐ શાંતિ : શાંતિ: શાંતિ

● ● ●

# પરિશિષ્ટ

**जम्माभिसेयनिक्खमणचरणनाणुप्पपायनिव्वाणे ।**

**दियलोअभवणमंदरनंदीसरभोमनगरेसुं ॥ ३३४ ॥**

**अट्ठावयमुज्जिंते गयग्गपयए य धम्मचक्के य ।**

**पासं रहावत्तनगं चमरुप्पायं च वंदामि ॥ ३३५ ॥**

**ભાવાર્થ :-** તીર્થંકરોની જન્મભૂમિ, વિહાર, ચારિત્ર, જ્ઞાનોત્પત્તિ અને નિર્વાણસ્થાનોમાં તથા દેવલોકના ભવનમાં, મેરૂપર્વત ઉપર, નંદીશ્વર દ્વીપમાં, પાતાલમાં તથા નગરોમાં, અષ્ટાપદ, ગિરનાર, ગજાગ્રપદ અને ધર્મચક્રના સ્થાનોમાં તથા જ્યાં પાર્શ્વનાથ ભગવાનનો ધરણેન્દ્ર દેવે મહિમા કરેલ તે સ્થાનમાં તથા રથાવર્ત પર્વતમાં, ચમરેન્દ્રદેવે કરેલ ઉત્પાતના સ્થાનમાં રહેલા ચૈત્યોને હું વંદન કરૂં છું. ॥ ૩૩૪-૩૫॥

**गुणमाहप्पं इसिनामकित्तण सुरनरिंदपूयो य ।**

**पोराणचेइयाणि य इय एसा दंसणे होई ॥ ३३७ ॥**

**ભાવર્થ :-** આચાર્યપદના ગુણોના માહાત્મ્યનું વર્ણન, મહર્ષિયોના નામનું કીર્તન, દેવતા અને ઈન્દ્રોએ તીર્થંકરોની કરેલ પૂજાનું કથન અને પ્રાચીન ચૈત્યો (પ્રભુ પ્રતિમાઓ)ની પૂજા આદિ કરવાથી દર્શન (સમકિત)ની શુદ્ધિ થાય છે.

॥૩૩૭॥ (આચારાંગ શ્રુ. ૨, ચૂ.૩ ભાવનાખ્ય નિર્યુક્તિ દર્શન ભાવના)

पीतीय दोण्ह दूओ पुच्छणमभयस्स पत्थवे सोउ । तेणावि सम्मदिट्ठित्ति होज्ज पडिमारहंमि गया ॥ दट्ठुं संबुद्धो रक्खिआय ॥

व्याख्या-अन्यदाऽऽर्द्रकपित्रा जनहस्तेन राजगृहे श्रेणिकराज्ञः प्राभृतं प्रेषितं । आर्द्रकुमारेण श्रेणिकसुताया-भयकुमाराय स्नेहकरणार्थं प्राभृतं तस्यैव हस्तेन प्रेषितं, जनो राजगृहे गत्वा श्रेणिकराज्ञः प्राभृतानि निवेदितवान् सम्मानितश्च राज्ञा आर्द्रकप्रहितानि चाभयकुमाराय दत्तवान्, कथितानि स्नेहोत्पादकानि वचनान्यभयेनाऽचिन्ति नूनमसौ भव्यः स्यादासन्नसिद्धिको यो मया सार्धं प्रीतिमिच्छतीति, ततोऽभयेन प्रथमजिनप्रतिमा बहुप्राभृतयुतार्द्रकुमाराय प्रहिता, इदं प्राभृतमेकान्ते निरूपणीयमित्युक्तं जनस्य, सोऽप्यार्द्रकपुरं गत्वा यथोक्तं कथयित्वा प्राभृतमार्पयत्, प्रतिमां निरूपयतः कुमारस्य जातिस्मरणमुत्पन्नं, धर्मे प्रतिबुद्धमना अभयं स्मरन् वैराग्यात् कामभोगेष्वनासक्तस्तिष्ठति, पित्रा ज्ञातं मा क्वचिदसौ यायादिति पञ्चशतसुभटैर्नित्यं रक्ष्यत इत्यादि ।

**ભાવાર્થ :-** એક દિવસ આર્દ્રકુમારના પિતાએ એક દૂતની સાથે શ્રેણિકરાજાને આર્દ્રકુમારે અભયકુમારને ભેટ મોકલી ત્યારે અભયકુમારે વિચાર્યું કે આ અવશ્ય ભવ્ય અથવા નજદિકમાં જ સિદ્ધગતિને પામવાવાળો હોવો જોઈએ જેથી

અભયકુમારે જિનેશ્વરદેવની પ્રતિમાની સાથે ઘણી ભેટો મોકલી પ્રતિમા દેખીને આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને વૈરાગ્ય થવાથી કામભોગ વિષયોમાં અનાસક્ત (રાગવગરનો) થયો જેથી તેના પિતા આર્દ્રકુમારની પાંચસો સૈનિકથી રક્ષા કરાવવા લાગ્યા (શ્રી સૂત્રકૃતાંગ શ્રુત સ્કંધ૨, અ.૬)

**तेसिणं पेच्छाघरमंडवाणं पुरओ चत्तारि मणिपेढिताओ पण्णत्ताओ तासिणं मणिपेढियाणं, उवरि चत्तारि २ चेतितथूभा पण्णत्ता तासिणं चेतितथूभाणं पत्तेयं २ चउदिसि चत्तारिमणिपेढियातो पण्ण० तासिणं मणिपेढिताणं उवरि चत्तारि जिणपडिमाओ सव्वरयणामईतो सपलियंक-णिसन्नाओ थूभाभिमुहाओ चिट्ठंति तं जहा रिसभा, वद्धमाणा, चंदाणणा, वारिसेणा तेसिणं चेतितथूभाणं पुरतो चत्तारि मणिपेढिताओ पण्ण० तासिणं मणिपेढिताणं उवरि चत्तारि चेतितरुक्खा पण्ण०**

**ભાવાર્થ :-** તે પ્રેક્ષાગૃહના મંડપની આગળ ચાર મણિપીઠ છે તે મણિપીઠોની ઉપર ચૈત્યસ્તંભ છે તે ચૈત્યસ્તંભોની ઉપર પ્રત્યેક પ્રત્યેક ચાર દિશામાં ચાર મણિપીઠ છે તે મણિપીઠ ઉપર ચાર જિનેશ્વર પ્રભુની પ્રતિમા (મૂર્તિઓ) છે. તે કેવી છે તે દેખાડે છે બધી રત્નમય પર્યંકાસનમાં બેઠેલી સ્તંભના સામે મુખવાળી તે આ પ્રમાણે શાશ્વત જિનેશ્વર કહેલા છે આ બતાવે છે ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન, વારિષેણ (ઇતિ સ્થાનાંગ સૂત્ર-૪ સ્થાનાધ્યયન ઉદ્દેશ ૨, સૂત્ર ૩૦૭)

**सोहम्मे कप्पे सुहम्माए सभाए माणवए चेइयक्खंभे हेट्ठा उवरिं च अद्धतेरस २ जोयणाणि वज्जेत्ता मज्झे पणतीसजोयणेसु वइरामएसु गोलवट्टसमुग्गएसु जिणस-कहाओ पन्नताओ ॥**

**ભાવર્થ :-** સૌધર્મ દેવલોકની સુધર્માસભામાં માણવક નામના ચૈત્યસ્તંભની ઉપર તથા નીચે સાડાબાર યોજન છોડીને મધ્યના પાંત્રીશ યોજનમાં વજ્રમય ગોળ (વર્તુલાકાર) ડબ્બિયોમાં જિનેશ્વર પ્રભુની દાઢાઓ છે.

ભગવાનના નિર્વાણ પછી તે સમયે દેવતાઓ પૂજન કરવા માટે લઈ જાય છે આથી આ પ્રમાણે સિદ્ધ થાય છે કે ભગવાનની દાઢા પણ પૂજનીય છે તો મૂર્તિપૂજા માટે શંકાઓ શા માટે ? (સમવાયાંગ સૂત્ર-૩૫)

**एवमेव असुरकुमारा वि देवा णण्णत्थ अरिहंते वा अरिहंतचेइआणि वा अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पोत्ति ॥ १४२ ॥**

**ભાવાર્થ :-** હે ગૌતમ ! કોઈ નિર્બળ પણ બળવાનનું શરણું લઈને ઈષ્ટ સિદ્ધિ કરી શકે છે. આ પ્રમાણે અસુરકુમારના દેવ પણ અરિહંત ભગવાનના ચૈત્ય-મૂર્તિ (મંદિર) ભાવિતાત્મા સાધુ (અણગાર)ની નિશ્રાથી ઉર્ધ્વ (વૈમાનિક દેવોના સ્થાનમાં) જઈ શકે છે. નિશ્રા વિના નહીં (ભગવત્રી સૂત્ર શતક ૩, ઉદ્દેશ-૨, સૂત્ર ૧૪૨)

**नो खलु विसए चमरस्स असुरिंदस्स असुररन्नो अप्पणो णिस्साए उड्ढं उवयित्ता जाव सोहम्भो कप्पो । णण्णत्थ अरिहंते वा अरिहंतचेइयाणि वा अणगारे वा भावियप्पणो णिस्साए उड्ढं उप्पयंति जाव सोहम्भो कप्पो ॥ १४४ ॥**

**ભાવાર્થ :-** સૌધર્મેન્દ્ર વિચાર કરે છે કે ચમરેન્દ્ર અસુરેન્દ્ર અસુરરાજા સ્વયંની નિશ્રાથી ઉપર આવવા માટે અસમર્થ છે પરંતુ અરિહંત, અરિહંતના ચૈત્ય અથવા ભાવિતાત્મા અણગારની સહાયતાથી જ ઉપર આવી શકે છે.

જેથી જિનેશ્વર ભગવાનના મંદિર મૂર્તિઓ પૂજનીય છે તેમ માનવુ જ જોઈએ, એ પ્રમાણે સ્પષ્ટ દેખાય છે તેનો નિષેધ કરવો ફક્ત કદાગ્રહણા જ છે. (ભગવતી શતક-૩, ઉદ્દેશ-૨ સૂત્ર-૧૪૪)

**पभूणं भंते चमरे असुरिंदे... दिव्वाइं भोग भोगाइं भुंजमाणे विहरित्तए ? णो इणट्ठे समट्ठे से केणट्ठेणं भंते एवं वुच्चइ णो पभू जाव विहरंतए ? गोयमा ! चमरस्सणं असुरिंदस्स.... चमरचंचाए रायहाणिए सभाए सुहम्माए माणवए चेईयखंभे वइरामएसु गोलवट्ट समुग्गएसु बहुइओ जिण सक्कहाओ सन्निक्खिताओ चिट्ठंति जाओणं चमरस्स.... अन्नेसिं च बहुणं असुरकुमाराणं देवाणं देवीणय अच्चणिज्जाओ वंदणिज्जाओ, नमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ सम्माणणिज्जाओ कल्लाणं मंगलं**

**देवयं चेइयं पज्जुवासणिज्जाओ भवंति से तेणट्ठेणं अज्जो एवं वुच्चइ णो पभू जाव विहरित्तए ।**

**ભાવાર્થ :-** શ્રી ગૌતમસ્વામીજી પ્રશ્ન કરે છે કે હે ભગવન્ ! ચમર અસુર દેવોનો ઈન્દ્ર દેવ સંબંધી ભોગોને ભોગવતો થકો ફરવા માટે સમર્થ છે ? સમર્થ (સારો) નથી એ ક્યા કારણથી કહો છો ? હે ગૌતમ ! ચમરેન્દ્ર, અસુરેન્દ્ર ચમર ચંચાની રાજધાનીમાં સુધર્મા નામની સભામાં માણવક ચૈત્ય સ્તંભમાં વજ્રમય ગોળ વર્તુળાકાર દાબડામાં (ડબ્બી) જિનેશ્વર પ્રભુની ઘણી દાઢાઓ સ્થાપના કરેલી છે. જે દાઢાઓ ચમરેન્દ્ર સહિત અન્ય અસુરકુમાર દેવ-દેવીઓને પૂજા - વંદન-નમસ્કાર - વિલેપન - સત્કાર કરવા તથા સન્માન કરવા યોગ્ય કલ્યાણકારી - મંગલકારી દેવસંબંધી ચૈત્ય અર્થાત્ જિનપ્રતિમાની સમાન સેવા કરવા યોગ્ય છે. એટલે હે આર્ય ! આ પ્રમાણે કહેવાય છે. (ભગવતી શતક ૧૦, ઉદ્દેશ-૫, સૂત્ર-૪૦૫)

**जंघाचारस्स णं भंते तिरियं केवईए गति विसए पन्नत्ता? गोयमा ! से णं इत्तो एगेणं उप्पाएणं रुअगरवे दीवे समोसरणं करेइ तहिं चेईआइं वंदइ वंदइत्ता तओ-पडिनियत्तमाणे बीइएणं उप्पाएणं णंदीसरे दीवे समोसरणं करेइ तहिं चेइआइं वंदइ वंदइत्ता इहमागच्छइ इह चेईआई वंदइ जंघाचारस्सणं गोयमा ! तिरयं एवईए गतिविसए पन्नत्ता ॥**

**ભાવાર્થ :-** હે ભગવંત ! જંઘાચારણ મુનિઓનો તીર્ચ્છીગતિનો વિષય કેટલો છે ? હે ગૌતમ ! તે મુનિ એક ઉત્પાતથી રૂચકવર દ્વીપમાં સમવસરણ કરે છે. ત્યાં ચૈત્યો (મંદિરમાં બિરાજમાન જિનેશ્વર ભગવાનો)ને વંદન કરે છે. હે ગૌતમ ! જંઘાચારણ મુનિઓની તીર્ચ્છી ગતિ આટલી છે.

આ પ્રમાણે ઉર્ધ્વગતિ વિષયક પ્રશ્ન ગૌતમસ્વામી કરે છે તે પાઠ પણ ત્યાં તે પાઠની સાથે આપેલ છે તેમાં પણ જિનેશ્વર ભગવાનની મૂર્તિને વંદન કરે છે. (ભગવતી શતક-૨૦, ઉદ્દેશ-૯, સૂત્ર ૬૮૩)

**एहिइणं देवाणुप्पिया ! कल्लं इहं महामाहणे उप्पन्न-नाणदंसणधरे तीयपडुपन्नमणागयजाणए अरहा जिणे केवली सव्वण्णू सव्वदरिसि तेल्लोक्कवंदियमहियपूइए सदेवमणुयासुरस्स लोगस्स अच्चणिज्जे वन्दणिज्जे सक्कारणिज्जे संमाणणिज्जे कल्लाणं मङ्गलं देवयं चेइयं जाव पज्जुवासणिज्जे ।**

**ભાવાર્થ :-** હે દેવાનુપ્રિય ! સવારના અહીયા મોટા અહિંસક ઉત્પન્ન થયા. જ્ઞાન-દર્શનને ધારણ કરવાવાળા, ભૂત - વર્તમાન અને ભવિષ્યને જાણવાવાળા અરિહંત, જિનકેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી અને ત્રણલોકથી પૂજાયેલ, લોકોને પૂજાને યોગ્ય વંદન કરવા યોગ્ય, સત્કાર સન્માન કરવા યોગ્ય એવા (વીરભગવાન) આવશે. તેઓની કલ્યાણકારી દેવતા (જિનેશ્વર ભગવાન)ની ચૈત્યની સમાન પરિઉપાસના તથા પૂજા કરવી (ઉપાસક દશાંગ અ ૭, સૂત્ર-૨)

**अह केरिसए पुण आहारए वयमिणं ! जेसे उवहीभत्तपाणे संगहदाणकुसले अच्चंत बाल १ दुब्बल २ गिलाण ३ वुड्ढ ४ खवगे ५ पवत्त ६ आयरिय ७ उवज्झाय ८ सेहे ९ साहम्मिए १० तवसी ११ कुल १२ गण १३ संघ १४ चेईयट्ठे १५ निज्जरट्ठीवेयावच्चे अणिस्सियं दसविहं बहुविहं पकरेइ ॥**

**ભાવાર્થ :-** હે ભગવંત ! કયો સાધુ ત્રીજા વ્રતને આરાધે ? જે સાધુ ઉપધિ અને ભાત-પાણીને લેવામાં અને આપવામાં હોંશિયાર હોય, અત્યંત બાલ, દુર્બલ, ગ્લાન, વૃદ્ધ, ક્ષપક, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાય, શિક્ષક, સાધર્મિક, તપસ્વી, કુલ, ગણ, સંઘ, ચૈત્ય (જિન પ્રતિમા)ની અનિશ્રિત રૂપથી વૈયાવચ્ચ કરે.

આ પાઠમાં પણ આ બતાવેલ છે કે જિનેશ્વર ભગવાનની મૂર્તિને નહીં માનવાવાળા શાસ્ત્રથી અજ્ઞાત છે અને અર્થવગરના કદાગ્રહમાં ફસાયેલા છે અને જિનેશ્વર સંબંધી ચૈત્યોને બતાવવા આદિ આશ્રવ નથી એ સ્પષ્ટ સિદ્ધ છે આથી હઠાગ્રહને છોડવો જોઈએ. (પ્રશ્ન વ્યાકરણ, સંવર દ્વાર-૩)

**सामिणा पुव्वं वागरियं अणागए गोयमसामिम्मि जह जो अट्ठापदं विलग्गइ चेइयाणि य वंदई धरणिगोयरो सो तेणेव भवग्गहणेणं सिज्जति, तं च देवा अन्नमन्नस्स कहिंति जहाकिर धरणिगोयरो अट्ठावयं जो विलग्गति सो तेणेव भवेण सिज्जइ ततो गोयमसामि चिंतइ जह अट्ठावयं**

**वच्चेज्जा ततो सामि तस्स हिययाकूतं जाणिउण तावसाय संबुज्झिहिन्तित्ति भगवया भणितो वच्च गोयम ! अट्ठावयं चेइयं वंदेउं ताहे भगवं गोयमो हट्ठतुट्ठो भगवं वंदित्ता गतो अट्ठावयं चेइयाणि वंदित्ता उत्तरपुरच्छिमे दिसिभाए पुढवीसीलावट्ठए असोगवरपादवस्स अहे तं रयणिं वासाए उवागतो ततो भगवं बिइयदिवसे चेइयाणि वंदित्ता पच्चोरुहइ ॥**

**ભાવાર્થ :-** જ્યારે ગૌતમસ્વામી નહીં આવેલા ત્યારે મહાવીર સ્વામી ભગવાને કહેલ જો કોઈ ભૂમિચર (મનુષ્ય) અષ્ટાપદ પર્વત પર ચઢી જાય અને ચૈત્યો (જિનપ્રતિમાઓ)ને વંદન કરે તો તે ભવમાં સિદ્ધ અર્થાત્ મોક્ષગમનને પ્રાપ્ત કરે છે. આ વાતને જ્યારે દેવતાઓ પરસ્પર કહેતા હતા કે જે ભૂમિચર અષ્ટાપદ પર્વતની ઉપર ચઢી જાય તો તે ભવમાં જ સિદ્ધ થશે. ત્યારે એ વાતને સાંભળીને ગૌતમસ્વામી વિચાર કરે છે કે હું અષ્ટાપદગિરિ ઉપર જાઉં ત્યારે વીરભગવાન તેઓના હૃદયના વિચાર જાણીને તાપસો બોધ પામશે. આમ સમજીને પ્રભુ બોલ્યા, અષ્ટાપદ પર્વત ઉપર ચૈત્યો (જિનેશ્વર પ્રભુ)ના વંદન માટે જાવો. આથી ખુશ થયેલા ગૌતમસ્વામી પ્રભુ મહાવીરસ્વામીને વંદન કરીને અષ્ટાપદ ઉપર ગયા ચૈત્યોને વંદન કરીને ઉત્તર-પશ્ચિમદિશા (ઈશાનખૂણા)માં પૃથ્વીના વિશાલ પટ્ટ ઉપર અશોકવૃક્ષની નીચે રાત્રિ વિશ્રામ

કરીને બીજે દિવસે ચૈત્યોને (પ્રભુને) વંદન કરીને નીચે આવ્યા (આવશ્યકસૂત્ર - પૃષ્ઠ-૨૮૭)

**थुभसयभाउआणं चउवीसं चेव जिणहरे कासी ।**
**सव्वजिणाणं पडिमा वण्णपमाणेहिं निअएहिं ॥६७॥**

**અર્થ :-** સો (૧૦૦) ભાઈઓના સ્તૂપ અને ચોવીશ જિનમંદિર બનાવ્યા, બધા જિનેશ્વર પ્રભુ જે જે વર્ણવાળા છે તે અને તેમની કાયાના પ્રમાણવાળી પ્રતિમાઓ બનાવી.

**तत्तो य पुरिमताले वग्गुरइसाण अच्चए पडिमा ।**
**मल्लीजिणाण पडिमा उण्णाएवंसी बहुगोट्ठी ॥४९०॥**

પછીથી પ્રભુ પુરિમતાલ નામના નગરમાં આવે છે. ત્યાં વગ્ગુર નામના શેઠ છે તેની ભદ્રા નામની પત્ની છે એક દિવસ વગ્ગુર શેઠ શકટમુખ નામના ઉદ્યાનમાં ગોષ્ઠી માટે ગયેલા ત્યાં જીર્ણ મંદિર દેખે છે તેમાં મલ્લિનાથ ભગવાનની મૂર્તિ છે તેને નમસ્કાર કરે છે તેનો જિર્ણોદ્ધાર કરાવીને હંમેશા ત્રણ કાળ સેવા-પૂજા કરે છે. પર્વોમાં વિશેષ ત્યાં રહીને ભક્તિ કરે છે આ પ્રમાણે તે શ્રાવક થયો. (આવશ્યક નિર્યુક્તિ)

**ताहे संवेग मावन्नो भणति संदिसह इयाणि किं करेमि? भणति वद्धमाणसामिस्स पडिमं करेहि ततो ते सम्मत्तबीयं होहित्ति ॥**

**અર્થ :-** વિદ્યુત્માલી દેવ અચ્યુતેન્દ્રને પૂછે છે કે હવે શું શું કરવાનું ? અચ્યુતેન્દ્ર કહે છે કે શ્રી વર્ધમાનસ્વામીની પ્રતિમા બનાવો, તેનાંથી તને સમ્યક્ત્વ પ્રાપ્ત થશે.

**अंतेउरे चेईयघरं कारियं पभावई ण्हाया तिसंज्झं अच्चेई ।**

**અર્થ :-** વિદ્યુત્માલીએ બનાવેલી મૂર્તિ પ્રભાવતીને મળે છે, પ્રભાવતીએ અન્તઃપુરમાં ચૈત્યગૃહ બનાવડાવ્યું અને પ્રભાવતી સ્નાનાદિ કરીને શ્રી વર્ધમાન સ્વામીની ત્રિકાળ પૂજા કરે છે. (- આવશ્યક. પૃ. ૨૯૮)

**इओय गंधारओ सावगो सव्वाओ जम्मभूमिओ वंदित्ता वेयड्ड कणगपडिमाउ सुणेत्ता उववासेण ठिओ जई वा मओ दिठ्ठाओ वा देवयाए दंसियाओ तुठ्ठाय सव्वकामियाणं गुलियाणं सयं देति ततो णींतो सुणेइ वीतभए जिणपडिमा गोसीसचंदणमई तं वंदिउं एइ वंदति ।**

**અર્થ :-** ત્યારબાદ ગંધારક શ્રાવક બધી જન્મભૂમિઓને વંદન કરીને ત્યાં રહ્યો. પ્રસન્ન થયેલ દેવતાઓએ તેને દર્શન કરાવ્યા અને તેની બધી ઈચ્છાઓને પૂર્ણ કરવાવાળી સો (૧૦૦) ગુટીકાઓ આપી, પછીથી તે સાંભળે છે વીતભય પત્તનમાં ગોશીર્ષચંદનની જિનપ્રતિમા છે અને તે વંદન કરવા ત્યાં આવે છે અને વંદન કરે છે.

**सोय सेणियस्स सोवण्णियाण जवाणमट्ठसतं करेइ चेइयरयणियाए परिवाडिए सेणिओ कारेइ तिसंज्झं ।**

તે સોની શ્રેણિકરાજાના કહેવાથી સોનાના એકસો આઠ જવલા બનાવે છે અને તે બધા જવોને શ્રેણિકરાજા ચૈત્યની પૂજામાં પ્રભુજીની આગળ સ્વસ્તિક કરવામાં વાપરતા હતા.

**सिज्जंभवं गणहरं जिणपडिमा दंसणेण पडिबुद्धं ।**

શય્યંભવ આચાર્ય જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધિત થયા (દશ. વૈ નિર્યુક્તિ)

**तेणं कालेणं तेणं समएणं जाव तुंगीयानयरीए बहवे समणोवासगा परिवसंति संखे सयए सियप्पवाणे रिसीदत्ते दमगे पुक्खली निबद्धे सुपइट्ठे भाणुदत्ते सोमिले नरवम्मे आणंदकामदेवाइणो अन्नत्थगामे परिवसंति अड्ढा दित्ता विच्छिन्न विपुलवाहणा जाव लद्धट्ठा गहियट्ठा चाउदसट्ठमुदिट्ठ पुण्णमासिणीसु पडिपुण्णं पोसहपालेमाणा निग्गंथाण निग्गंथिण य फासु एसणिज्जेणं असणादि पडिलाभेमाणा चेइयालएसु तिसंज्झं चंदणपुप्फधूववत्थाइहिं अच्चणं कुणमाणा जाव जिणहरे विहरंति से तेणट्ठेणं गोयमा जो जिणपडिमं पुएइ सो नरो सम्मदिट्ठी जाणियव्वो जो जिणपडिमं न पुएइ सो मिच्छदिट्ठी जाणियव्वो मिच्छदिट्ठिस्स नाणं न हवइ चरणं न हवइ मुक्खं न हवइ सम्मदिट्ठिस्स नाणं चरणं मुक्खं च हवइ से तेणट्ठेण गोयमा सम्मदिट्ठिसड्ढेहिं जिणपडिमाणं सुगंधपुप्फ-चंदणविलेवणेहिं पूया कायव्वा ।**

**ભાવાર્થ :-** તે કાળ અને તે સમયમાં તુંગીયાનગરીમાં ઘણાં શ્રાવકો (શ્રમણોપાસક) રહેતા હતા. શંખ, શતક, સિત પ્રવાલૂ, ઋષિદત્ત, દનક, પુષ્કલી, નિબદ્ધ, સુપ્રતિષ્ઠ, ભાનુદત્ત, સોમિલ, નરવર્મ, આણંદ અને કામદેવ આદિ

બીજા બીજા ગામોમાં રહેતા હતા. ધનાઢ્ય-તેજસ્વી અને વિશાળ બળ અને વાહનવાળા હતા તથા સૂત્રોના અર્થને જાણતા હતા. ચૌદશ - આઠમ - પૂનમ - અમાવાસ્યાના દિવસોમાં સંપૂર્ણ પૌષધવ્રતને પાલતા થકા સાધુ - સાધ્વીઓને પ્રાસુક - (કલ્પનીય) દોષરહિત ભોજન આદિ વ્હોરાવતા હતા, પરમાત્માના જિનાલયોમાં ત્રણકાળ ચંદન-પુષ્પ-ધૂપ અને વસ્ત્રથી પૂજા કરતા થકા જિનમંદિરમાં રહેતા હતા એટલે જ હે ગૌતમ ? જે મનુષ્ય જિનપ્રતિમાઓની પૂજા કરે છે તેઓને સમકિતદૃષ્ટિ સમજવા જે પ્રભુપૂજા નથી કરતા તેઓને મિથ્યાદૃષ્ટિ સમજવા મિથ્યાદૃષ્ટિને જ્ઞાન હોતું નથી ચારિત્ર હોતું નથી અને મોક્ષ પણ હોતો નથી સમકિત દૃષ્ટિને જ્ઞાન - ચારિત્ર - મોક્ષ હોય છે એ કારણથી હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિએ જિનપ્રતિમાની પૂજા સુગંધી ચંદન-ધૂપ-વિલેપન આદિથી કરવી જોઈએ.

**काउंपि जिणायणेहिं मंडियं सयलमेइणीवट्टं । दाणाइ चउक्केण वि सुद्ठु विगच्छिज्ज अच्चुअयं ण परउ गोयमगिहित्ति ।**

જિનેશ્વર ભગવાનના મંદિરોથી સમસ્ત પૃથ્વીને શોભાયમાન કરીને તથા દાન આદિ ચાર પ્રકારના ધર્મનું સારી રીતે સેવન કરીને શ્રાવક બારમાં દેવલોક સુધી જઈ શકે છે. હે ગૌતમ ! તેની ઉપર જઈ શકતો નથી.

**तिलोगमहियधम्मतित्थकराणं जगगुरुणं भावच्चण दव्वच्चणभेदेण दुहच्चणं भणियं भावच्चणं चारित्ताणुठाण कठुग्गघोरतवचरणंदव्वच्चणविरहिया विरयसीलपूयासक्कार-दाणादी ता गोयमाणं एसत्थे परमत्थे तं जहा भावच्चण-मुग्गविहारयाय दव्वच्चणं तु जिणपूया पढमा जइण दोन्निवि विहीण पढमञ्चिय पसत्था ।**

ત્રણ લોકથી પૂજિત, ત્રણ જગતના ગુરુ એવા ધર્મતીર્થંકરનું દ્રવ્યપૂજન અને ભાવપૂજન એમ બે ભેદથી પૂજન કહેલું છે. ચારિત્રના અનુષ્ઠાનના કષ્ટ અને ઘોર તપનું આચરણ તે ભાવાર્ચન કહેવાય છે. દ્રવ્યાર્ચન જિનેશ્વરપ્રભુની મૂર્તિપૂજા, મુનિવરોને ભાવપૂજા અને ગૃહસ્થોને દ્રવ્ય અને ભાવપૂજા પ્રશસ્ત છે.

**तस्स णं सिद्धायतणस्स णं बहु समरमणिज्जस्स भूमिभागस्स बहुमज्झदेसभाए एत्थणं महं एगे देवच्छंदए पण्णत्ते पंचधणुसयाइ आयामविक्खंभेणं साइरेगाइं पंचधणुसयाइं उड्ढं उच्चत्तेणं सव्वरयणामए एत्थणं अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेहप्पमाणमित्ताणं संनिखित्तं चिट्ठइ॥**

સિંદ્ધાયતનની ઘણી સુંદર એવી ભૂમિઓના મધ્યભાગમાં એક દેવચ્છંદા છે તે દેવચ્છંદાના માપના સહારા (વિષ્કભ આયામ)થી પાંચસો ધનુષ્ય લાંબો જાડો અને સાતિરેક (કંઈક અધિક) પાંચસો ધનુષ્ય ઉંચો સર્વરત્નમય છે. ત્યાં એકસોઆઠ જિનેશ્વરપ્રભુની સ્વયંના પ્રમાણવાળી પ્રતિમાઓ છે.

**तासिं उप्पिं पत्तेयं २ देवच्छंदया पण्णत्ता दो जोअणाइं आयामविक्खंभेणं साइरेगाइं दो जोअणाइं उड्ढं उच्चत्तेणं सव्वरयणामया जिणपडिमा वण्णओ जाव धूवकडुच्छुगा ।**

તે પીઠીકાની ઉપર પ્રત્યેક પ્રત્યેક દેવચ્છંદો છે અને ત્યાં બે યોજન લાંબી જાડી અને કંઈક અધિક બે યોજન ઊંચી સર્વત્નમય એવી જિનપ્રતિમાઓ છે આ પ્રમાણે ધૂપદાની સુધી વર્ણન કરવું.

**अरिहंतचेइय जणवइ विसण्णि विड्ड बहुल ।**

ચંપાપુરીનગરી, અરિહંતપ્રભુના જિનાલયો અને મનુષ્યોથી વિશાલ છે.

**अंबडस्स परिवायगस्स नो कप्पइ अण्णउत्थिए वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहियाइं अरिहंत-चेइआइं वा वंदित्तए वा नमंसित्तए वा अण्णत्थ अरिहंते वा अरिहंतचेइआइं वा ।**

અંબડ સંન્યાસીએ પ્રભુ પાસે નિયમ લીધો હતો કે મને અન્ય તીર્થિકોએ સ્વયંના દેવસ્વરૂપ માની હોય તેવી અરિહંતની મૂર્તિઓને પણ નમસ્કાર વંદન કરવું નહીં કલ્પે.

**तत्थणं देवच्छंदए अट्ठसतं जिणपडिमाणं जिणुस्सेहे पमाणमेत्ताणं संणिखित्तं चिट्ठइ ।**

સૂર્યાભ વિમાનના સિદ્ધાયતનમાં તીર્થંકરના સમાન ઊંચાઈવાળી એકસોઆઠ જિનેશ્વર પ્રભુની મૂર્તિઓ છે તથા માણવક ચૈત્યમાં તીર્થંકરોની દાઢઓ છે જે પૂજનીય છે અને

તે નિત્ય કરવા યોગ્ય કર્મ છે. જે આગળના કાળમાં કલ્યાણરૂપ છે, હિતકર છે, સુખકર છે, અંતમાં મોક્ષને આપવાવાળું છે.

**तासिणं जिणपडिमाणं उभओ पासिं पत्तेयं पत्तेयं चामरधार पडिमाओ चंदप्पहवइरवेरुलियनाणामणिकणगरयणविमलमहरिहतवणिज्जुज्जलविचित्तदंडाओ चिल्लियाओ संखककुंददगरय अमतमथितफेणपुंज सण्णिकासाओ सुहुम मरयत दीहवालाओ धवलाओ चामराओ सलीलं आहारेमाणीओ चिट्ठंति ।**

તે જિનેશ્વરપ્રભુની બંને બાજુ રહેલા ચંદ્રના જેવા કાંતિવાળા, વજ્રમય, વૈડૂર્ય આદિ વિવિધ પ્રકારના મણિઓથી યુક્ત દંડ છે જેના સૂક્ષ્મ ચાંદીમય વાળવાળા શંખ, અંકરત્ન, કંદુકાપુષ્પ, પાણીના બિંદુ, અમૃત અને મંથન થયેલ ફણાઓના સમુદાય જેવા સફેદ એવા ચમરોને ગ્રહણ કરીને આનંદપૂર્વક તે પ્રતિમાઓને (અધિષ્ઠાયક દેવ) ચામરો વીજે છે.

**तासिणं जिणपडिमाणं पुरतो अट्ठसतं घंटाणं अट्ठसतं चंदणकलसाणं एवं अट्ठसतं भिंगारगाणं.....जाव लोमहत्थ चंगेरीणं पुप्फपडलगाणं अट्ठसयं तेल्लसमुग्गाणं जाव धूवकडुच्छूयाणं संणिखित्तं पि चिट्ठंति ।**

તે જિનેશ્વર પ્રભુની પ્રતિમાની આગળ ૧૦૮ ઘંટ, ૧૦૮ ચંદનના કલશ અને ધાતુના કલશ છે, ઈત્યાદિ વિવિધ વસ્તુઓ છે જેમકે ૧૦૮ મોરપીંછી, ૧૦૮ પુષ્પની માળાઓ, અને ૧૦૮ તેલના ડાભડા અને ૧૦૮ ધૂપદાનીઓ છે.

ततेणंसे विजएदेवे चउहिं सामाणियसाहस्सीहिं जाएअण्णेहिय बहूहिं वाणमंतरेहिं देवेहिय देवीहिय सिद्धि संपरिवुडे सव्विड्ढीए सव्वजुत्तीए जाव निग्घोसणाइ खेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छत्ति २ त्ता सिद्धायतणं उप्पणुयाहिणी करेमाणे २ पुरत्थिमिल्लेणं दारेणं अणुपविसति अणुपविसित्ता जेणेव देवच्छंदए तेणेव उवागच्छंति उवागच्छित्ता आलोए जिणपडिमाणं पणामं करेति करेत्ता लोमहत्थगं गेण्हति लोमहत्थगं गेण्हित्ता जिणपडिमाओ लोमहत्थएणं पमज्जति २त्ता सुरभिणा गधोदएणं ण्हाणेति २त्ता सरसेणं गोसीसचंदणेण गाताणि अणुलिंपइ अणुलिंपेत्ता जिणपडिमाणं अहयाइं सेताइं दिव्वाइ देवदूसजुयलाइं णियंसेइ नियंसेत्ता अग्गेहिं वरेहिय गंधेहिय मल्लेहिय अच्चेति २त्ता पुप्फारुहणं गंधारुहणं मल्लारुहणं वण्णारुहणं चुण्णारुहणं आभरणारुहणं[१] करेति ।

जीवाभिगमसूत्र १४२

પછીથી તે વિજયદેવ ચાર હજાર સામાનિક દેવતાઓની સાથે તથા અન્ય ઘણાં વાણવ્યંતર દેવોથી પરિવરેલો બધી ઋદ્ધિથી વિશેષ કાંતિવાળો બધા વાજિંત્રોની સાથે જ્યાં સિદ્ધાયતન છે ત્યાં આવ્યા, ત્યાં આવીને સિદ્ધાયતનને ત્રણ પ્રદક્ષિણા આપતો એવો પૂર્વના દ્વારથી પ્રવેશ કર્યો. અને જ્યાં દેવચ્છંદા છે ત્યાં આવ્યા. જિનપ્રતિમાને દેખીને તરત

૧. આ પ્રમાણે રાયપસેણી સૂત્ર ૪૮મા સૂર્યાભદેવના અધિકારમાં છે.

જ નમસ્કાર કરે છે મોરપીંછી લે છે, મોરપીંછી લઈને જિનપ્રતિમાઓને પ્રમાર્જે છે પ્રમાર્જન કરીને સુગંધીયુક્ત જલથી સ્નાન કરાવે છે સ્નાન કરાવીને સુકોમળ સારૂં સુગંધિત વસ્ત્રથી ભગવાનના શરીરને લૂંછે છે પછી ગોશીર્ષ ચંદનનું વિલેપન કરે છે. વિલેપન કર્યા બાદ બીજામાં ઉપયોગ ન કરેલ હોય એવું અખંડ સફેદ એવી દેવદૂષ્યની જોડી ભગવાનના શરીર પર ઓઢાડે છે અને સારા સુગંધવાળી મોટી માળાઓથી ભગવાનની પૂજા કરે છે પૂજા કરી પુષ્પ ચઢાવે છે. ઇત્યાદિ..

**तत्थणं जेसे उवरिम विडिमं एत्थणं एगे महं सिद्धायतणे कोसं आयामेणं अद्धकोसं विक्खंभेणं देसूणं कोसं उड्ढं उच्चतेणंअनेकसंभसतमसन्निविट्ठे वण्णाओ । तिदिसिं तओ दारा पंचधणु सता अड्ढाइज्जं धणुसय विक्खंभा मणिपेढिया पंचधणुसत्तियादेवछंदो पंचधणुसत-विक्खंभो सातिरेगपंचधणुसतउच्चते तत्थणं देवच्छंदए अट्ठसयं जिणपडिमाणं जिणुस्सेधपमाणाणं । एवं सव्वा-सिद्धायतणवत्तव्वया भाणियव्वा जाव धूवकडुच्छुया ।**

जीवाभिगम, १५२

ત્યાં જે ઉપરની શાખા છે તેમાં એક સિદ્ધોનું નિવાસ સ્થાન છે તે એક કોશ લાંબુ અને અડધો કોશ પહોળું અને કંઈક ઓછું એક કોશ ઊંચુ છે અનેક સો સ્તંભોની ઉપર છે.

ત્રણદિશામાં ત્રણ દ્વાર છે અને પાંચસો ધનુષ્ય પ્રમાણ ઊંચાઈ, અઢીસો ધનુષ્ય પ્રમાણ પહોળાઈવાળી મણિપીઠીકા છે. તેની ઉપર પાંચસો ધનુષ્યનો દેવચ્છંદો છે પાંચસો ધનુષ્ય ઊંચા અને પાંચસો ધનુષ્ય વિસ્તારવાળા તે દેવચ્છંદામાં જિનેશ્વર ભગવાનની ઊંચાઈ પ્રમાણ જિનેશ્વરપ્રભુની એકસોઆઠ મૂર્તિઓ છે આ પ્રમાણે બધા સિદ્ધાયતન કહેવા જોઈએ. જેમકે ધૂપધાનીયાં સુધી સમજવું.

**धणिट्ठाहि सयभिसा साइ सवणो य पुण्णवसु एएसु गुरु सुसुस्सा चेइआणं च पूयणं ।** –गणिविज्जा

ધનિષ્ઠા, શતભિષક, સ્વાતિ, શ્રવણ, પુનર્વસુ આ નક્ષત્રોમાં ગુરૂની સેવા અને જિનમૂર્તિઓની પૂજા કરવી.

**नियदव्वमपुव्वजिणिंदभवण जिणबिंबवरपइट्ठासु ।**
**विअरइ पसत्थ पुत्थयसुतित्थ तित्थयरपूआसु ॥ ३१ ॥**

भत्तपइन्ना

સ્વયંના દ્રવ્યને અપૂર્વ જિનેન્દ્રના ભવનમાં, તેઓની પ્રતિમા નિર્માણ કરવામાં અને તેઓની પ્રતિષ્ઠા (સ્થાપના)માં પ્રશસ્ત ગ્રંથની રચના અથવા લખાવવા માટે, મોટા તીર્થોમાં તીર્થંકર દેવોની પૂજાને માટે સ્વદ્રવ્યનો ઉપયોગ કરે.

**सोउण तं भगवओ गच्छइ तहिं गोयमो पहिअकित्तिओ ।**
**आरुहइ तं नगवरं पडिमाओ वंदइ जिणाणं ॥**

उत्तराध्ययननि अ. १०, गाथा २९१

પ્રભુની વાત સાંભળીને વિસ્તારવાળી કીર્તિવાળા ગૌતમસ્વામી શ્રી અષ્ટાપદ પર્વત ઉપર ગયા અને જિનેશ્વર પ્રભુની પ્રતિમાઓને વંદન કર્યા.

**तिहिनक्खत्तमुहुत्तरविजोगाइयपसन्नदिवसे अप्पा वोसिरामि जिणभवणाइ पहाणखित्ते गुरुं वंदित्ता भणइ इच्छकारी तुम्हे अम्हं पंचमहव्वयाइं रायभोअणवेरमणछ्ट्ठाइ आरोवावणिया ॥** –अंगचूलिया

તિથિ, નક્ષત્ર, મૂહૂર્ત, રવિયોગ આદિ પવિત્ર દિનમાં આત્માને વોસિરાવે, તે જિનભવન આદિ વિશેષ ક્ષેત્રમાં ગુરુને વંદના કરીને કહે છે કે "હું ઈચ્છું છું" તમો મને પાંચ મહાવ્રત અને છટ્ઠુ રાત્રિભોજન વિરમણવ્રતનું આરોપણ કરાવો.

ભાગવતી દિક્ષા જેવી મુખ્ય ક્રિયા પણ જયારે જિનમંદિરમાં કરાવવા માટે શાસ્ત્રમાં આજ્ઞા હોય તો પછી પણ મૂર્તિને માનવા માટે શંકા કરવી આનાથી પછી બીજી કઈ માનસિક ખરાબ દશા હોઈ શકે ?

**तेसिट्ठमे भवे मज्झविसएसु सावयवाणीयकुलेसु पुढो पुढो समुप्पज्जिस्संति तएणं ते दुवीसवाणीयगा उम्मुक्क बालवत्था विण्णाणपरिणयमित्ता टुट्ठा धिट्ठा कुसीला परवंचना खलु कापुव्वभवमिच्छत्तभावाओ जिणमग्गपडिणीया देवगुरुनिंदणया तहा रुवाणं समणाणं माहणाणं पडिदुट्ठकारिणा जिणपण्णत्तं तत्तमन्नहा परुविणो बहूणं नरनारी सहस्साणं पुरओ नियगप्पा नियकप्पियं कुमग्ग**

**आघेवेमाणा पण्णवेमाणा जिणपडिमाणं भंजयाणं हीलंता खिसंता निंदता गरिहंता परिहवंता चेइयतीत्थाणि साहु-साहूणीय उट्‌ठावइस्संति ।** –श्री वग्गचूलीया सूत्र

ત્રેસઠમાં ભવમાં મધ્યખંડમાં શ્રાવક વાણિયાના કુલમાં અલગ અલગ ઉત્પન્ન થશે. પછીથી તે બાવીશ શ્રાવક બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને વિજ્ઞાનમાં પરિણત, દુષ્ટ, રીઢા દુરાચારી, લુચ્ચા, અવિનયી, પૂર્વભવના મિથ્યાત્વથી જિનમાર્ગના વિરુદ્ધ, દેવ-ગુરૂની નિંદા કરનારા, તે પ્રકારના શ્રમણ, બ્રાહ્મણની સાથે શત્રુતા કરવાવાળા જિનેશ્વર પ્રરૂપિત ધર્મને નહીં જાણવાવાળા, હજારો નર-નારીની આગળ કપોલકલ્પિત વાતોને કરવાવાળા, જિનપ્રતિમાનો નાશ કરવાવાળા તિરસ્કાર કરવાવાળા, તુચ્છતાકરવાવાળા, નિંદા કરવાવાળા, ગર્હા કરવાવાળા, પરિહરણ કરવાવાળા, ચૈત્ય (જિનપ્રતિમા) તીર્થ અને સાધુ-સાધ્વીને ઉઠાવશું.

**राया पुच्छइ किं मन्ने मया सम्मत्तं लद्धपुव्वं ? को अहं आसी ? ततो साहुणा आभोएउण भणिओ, सुणेहि उस्सभस्सअरहओ तित्थे साकेए नगरे धणदत्तो सत्थवाहो सावगो, तस्स नंदा भारिया, तेसिं पुत्तो सुरिंददत्तो तस्स रुद्ददत्तो बालवयंसो सो हि सुरिंददत्तो वाहणेण समुद्दमवतरिउंकामो बहुपच्चवाओ पवासोत्ति चिंतेउण रुद्ददत्तस्स हत्थे तिन्नि कोडीओ जिणाययणपूयाए उवयोगं नेयव्वाओत्ति दाउणं गओ संवहारेणं दीवंतराणि....तेणेय जं**

सुरिंददत्त निसिट्ठ चेइयट्ठाए दव्वं विणासियं तेण जिण-बिंबपूयादंसणाणं कितहियाणं भवसिद्धिआणं सम्मदंसणा सुयओहिमणपज्जवकेवलनाणनिव्वाण लाभा पडिसिद्धा इत्यादि ॥ –प्रथम अनुयोग

રાજા પૂછે છે કે હું શું માનું ? મેં સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વભવમાં કરેલ હતી ? હું કોણ હતો ? પછી સાધુજી ઉપયોગથી દેખીને બોલ્યા સાંભળો, ઋષભદેવપ્રભુના તીર્થમાં સાકેતનગરમાં સાર્થવાહ, ધનદત્ત શ્રાવકની નંદા નામની પત્ની હતી તેનો પુત્ર સુરેન્દ્રદત્ત નામનો હતો. તેને રૂદ્રદત્ત નામનો બાલમિત્ર હતો. સમુદ્રમાં વહાણ લઈને મુસાફરી કરવાની ઈચ્છાવાળા તે સુરેન્દ્રદત્ત ઘણાં વિઘ્નોથી ભરેલા એવા પ્રવાસનો વિચાર કરીને રૂદ્રદત્તના હાથમાં ત્રણ કરોડ રૂપિયા જિનેશ્વર ભગવાનની પૂજાના માટે કામમાં લેવા આ પ્રમાણે કહીને અને રૂપિયા આપીને વ્યાપારના માટે દ્વીપાન્તરે ગયો, ચૈત્યને માટે આપેલા સુરેન્દ્રદત્તના દ્રવ્યને રૂદ્રદત્તે વિનાશ કરી દીધો. આ કારણથી ભવની સિદ્ધિઓને જેણે કરી છે હિતકારી જેઓએ એવા જિનબિંબની પૂજા અને દર્શનની અંતરાયથી સમ્યગ્દર્શન, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન અને નિર્વાણના લાભોનો પ્રતિષેધ કર્યો. ઈત્યાદિ...

**-: સમાપ્ત :-**

● ● ●

## લોંકાશાહ મતના સમર્થનનું પર્યાલોચન

સત્યતાનો આદર્શ, ચારિત્રમાર્ગ પ્રદર્શક, દયાસાગર જૈન ધર્મનો સિદ્ધાંત, જિનેશ્વર પ્રભુના પ્રતિબિંબને અને તેઓના સ્તવન-પૂજનને મોટા આદર સાથે માનતા આવ્યા છે અને માની રહ્યા છે જૈનોની પ્રાચીનતાની સિદ્ધિ પણ આની ઉપર જ નભેલી છે. સેંકડો વર્ષોની પ્રાચીન પ્રતિમાઓ આ સાચા સિદ્ધાંતની સાબિતિ છે.

કાલચક્રના ઊંડા ખાડામાંથી અનેક...અનેક ભૂત ઉત્પન્ન થતા હોય છે અને માનવજીવનની માનવ પ્રકૃતિમાં કુધર્મનો પ્રચાર કરી દાનવતાની વૃદ્ધિ કરે છે. આ નિયમ મુજબ ચાલતા એવા મૂર્તિ પૂજનના સિદ્ધાંતને ઉડાડવાવાળા લોંકાશાહ નામના એક લેખ લખનારા સોળમી સદીમાં ઉત્પન્ન થયા જેનું કારણ એનો લખવાનો ધંધો બંધ થયો હોવો જોઈએ એવું મનાય છે તે જે શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓના જ્ઞાનભંડારમાં લખવાનું કામ કરતો હતો. તે અધૂરા ગ્રંથો લખી દેતો અને પૂરા પૈસા લેતો હતો આ ઢુંઢક લોકોના આદિ પુરૂષની અનીતિ હતી. કોઈકવાર પાઠ દેખવા માટે જ્ઞાનભંડારોમાંથી લોંકાશાહે લખેલ પુસ્તકો કાઢ્યા ત્યારે વચમાંથી અધૂરો ગ્રંથ મલ્યો. તે દિવસથી તેને રજા આપી

દીધી જૈનોનું હંમેશાં કામ કરવાથી અને ગુરુના સહવાસથી કંઈક અંશમાં જૈનધર્મનું થોડુંક જ્ઞાન હતું અને ટબ્બા વિગેરેને લખી શકતા હતા આ બળ ઉપર લિંબડી નરેશના મંત્રીને મળીને આ જુઠા મતનો પ્રચાર ચાલુ કર્યો. આ મતમાં કોઈ સાધુ ન હોવાથી વધારે પ્રચાર ન થયો પાછળથી આ પરંપરામાં સાધુ થવા લાગ્યા પછીથી આ પંથમાં મોઢું બાંધીને લવજી નામના ઢુંઢક સાધુ સં. ૧૭૦૯માં થયા તેનાથી ઢુંઢક પંથ ચાલ્યો અને જ્યાં સંવેગી સાધુ ન પહોંચી શકે ત્યાં ત્યાં જઈને સ્વયંના ધર્મનો પ્રચાર કરવા લાગ્યા આ પ્રકારે સનાતન પ્રભુ મૂર્તિના વિરોધમાં પ્રચાર કરવાના કારણે હજારો મનુષ્યોને ધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ કર્યા. આ લોંકાશાહની પ્રશંસામાં સેલાનાવાસી રતનલાલ દોશીએ વિ.સં. ૧૯૯૬ના વર્ષમાં "લોંકાશાહ મત સમર્થન" નામની એક પુસ્તક પ્રકાશિત કરી હતી. જેમાં લેખકે અમારા પ્રખર વિદ્વાન્ જૈન ધર્મોદ્ધારક, પંજાબમાં કુમતનો જડમૂલથી નાશ કરવાવાળા, પવિત્રતારક, જિનમૂર્તિની હજારોના દિલમાં શ્રદ્ધાને સ્થાપન કરવાવાળા ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા જેવા પવિત્રપુરૂષના માટે પણ જેમ તેમ લખવાથી પાછા પડ્યા નહીં અને તારા જેવા, માત્ર ચંદ્રમાની સામે નહીં, સૂર્યના સામે પણ સ્વંયના પ્રકાશને જાહેર કરતા એવા પોતાની રહેલી થોડી પણ જ્યોતિ (પ્રકાશ)ને ગુમાવે છે. એવું જ કાર્ય આ ભાઈ સાહેબ કરેલ છે. ક્યાં ન્યાય, વ્યાકરણ,

કાવ્ય, કોશ, છંદ તથા સિદ્ધાંતના પૂર્ણ વિદ્વાન્ અને ક્યાં "ક્યાંની ઈંટ ક્યાંનો ગારો ભાનુમતિ એ કુનબા (ભીંત) જોડી" આના જેવો સામાન્ય જાણકાર રતનલાલ ડોસી એક ઠીંગણો માણસ ઊંચા ઝાડ પરથી ફળ લેવા માટે ઊંચા હાથ કરે તેમ જ ખરેખર રતનલાલજીએ કરેલ છે. હવે અમો તેઓની પુસ્તિકાનું સમયાભાવથી સવિસ્તર નહીં પણ "સ્થાલીપુલાક" ન્યાયથી સમાલોચન કરીયે છીએ વાચક ધ્યાનથી વાંચે અને લાભ લે.

પૂર્વોક્ત પુસ્તિકામાં પેજ નં ૧થી૬ સુધીમાં સાધુના મહાવ્રત અને ગૃહસ્થોના બાર વ્રતની ચર્ચા ચલાવીને પરિણામ એ બતાવ્યું કે આમાં કયાંય મૂર્તિનું નામ પણ છે નહીં. એટલે મૂર્તિપૂજાશાસ્ત્ર સિદ્ધ નથી આનો જવાબ એટલો જ છે કે અમારા બતાવેલ પૂર્વે બધા પાઠ દેખી લે અમોને મોટો ખેદ થાય છે કે આટલા આટલા પાઠ આપવા છતાં એવું બોલી દેવાનું કે મૂર્તિપૂજા સૂત્રમાં છે નહીં આ કેવું ગાંડપણ છે આમાં તેઓનો દોષ નથી માત્ર પૂર્વમાં બાંધેલા મિથ્યાત્ત્વના સહારે તેઓની આંખો બંધ થઈ ગઈ છે અને જેવી રીતે જન્મથી આંધળો માણસ હોય અને તે કહે છે કે જગતમાં સૂર્ય નથી અથવા ઊલ્લૂ ઘુવડનો પોકાર આ પ્રમાણે જ હંમેશા છે કે સૂર્ય નથી આ પ્રમાણે તેઓનું કથન છે અને સૂત્રો બત્રીશ નથી નંદીસૂત્રમાં બત્રીશની ઉપરાંત અનેક સૂત્રોના નામ છે તે બધા સૂત્રોમાં વિસ્તારથી પ્રભુ પૂજાનું

વર્ણન છે અને બત્રીશ પણ આ ચર્ચાથી ખાલી છે જ નહીં તો પછી કેવી રીતે કહી શકે કે શાસ્ત્રોમાં પ્રભુ પૂજાના વિધાન છે જ નહીં બત્રીશ સૂત્રોમાં નવકાર ગણવાની વિધિ અને ફળ દેખાડેલ નથી વીશ વિહરમાણ જિનની ચર્ચા નથી જંબૂસ્વામીની સંપૂર્ણ ત્યાગમય ચરિત્રાવલી નથી આવી આવી અનેક વાતો નહીં હોવા છતાં પણ મનાય છે અને જે મૂર્તિપૂજાની ચર્ચા અનેક સૂત્રોમાં આવે છે તેને ઉડાડવા માંગે છે આ શું ઓછી મૂર્ખતા છે પેજ નં ૭ માં લખેલ છે કે "મૂર્તિપૂજા આગમ વિરૂદ્ધ છે આના માટે તીર્થંકરોએ સૂત્રોમાં વિધાન નથી કર્યું" આનો જવાબ પણ અમારા પૂર્વના વિશાલ લેખથી મળી જાય છે. પેજ નં ૮ થી ૧૬ સુધીમાં દ્રોપદીનું પૂજા પ્રકરણ જે શ્રી જ્ઞાતાંગસૂત્રમાં આવે છે તેની પર વિચાર ચલાવ્યો છે તે વિચારમાં ડોસીજી લખે છે કે દ્રૌપદીએ કામદેવની પૂજા કરી અમો પૂછીએ છીએકે કામદેવની પૂજામાં શું નમુત્થુણં સૂત્રનો પાઠ બોલી શકે ? નહીં તીર્થંકર પ્રભુની સ્તુતિની અદ્‌ભૂત રચનાવાળા નમુત્થુણમાં કામને જડથી ઉખાડીને નીચે પાડવાનો વિચાર છે "તિન્નાણં તારયાણં" હે પ્રભુ ! તમો તર્યા છો અને બીજાને તારો છો, એવા આપને અમારા નમસ્કાર હો, કામદેવની મૂર્તિ સમક્ષ હોય તો "ડુબ્બાંણ ડોબયાણં" આવે, અર્થાત્ તમો ડુબો અને ડુબાડો છો આગળ તેમાં "અભયદયાણં" બોહિદયાણં" અભયદાનને આપવાવાળા, બોધિ (સમકિત) આપવાવાળાને મારા નમસ્કાર

થાઓ એવુ ન બોલત પણ "પતિદયાણં" ધનદયાણં સાસુદયાણં-સસુરદયાણં" પતિ-ધન-સાસુ-સસુર આપવાવાળા તને નમસ્કાર હો આમ બોલતી હા ! મિથ્યાત્વ ! તારી અજબલીલા છે ભલભલાને તું ભૂલાવી દે છે તો પછી રતનલાલ ડોસી જેવા ભૂલામણીના ચક્કરમાં ફસાઈ જાય તો એમાં આશ્ચર્ય જ શું છે ? ગણધર મહારાજા સૂત્રની રચનામાં જિનેશ્વરની મૂર્તિ ન હોત તો "આલોએ જિણપડિમાણંપણામં કરેઈ" આ પ્રમાણે ન લખત પરંતુ "આલોએ કામપડિમાણં પણાંમ કરેઈ" આ પ્રમાણેનું જ વાક્ય લખત કારણ કે ગણધર મહારાજ જેવા ચાર જ્ઞાનના ધારક અને ચૌદપૂર્વના સ્વામી એવા ભ્રાન્ત શબ્દનો પ્રયોગ નથી કરી શકતા, કોશકાર જો ત્રણ લોકના નાથનો વાચક જિનપદને અન્યોન્ય શબ્દમાં કાવ્યકારની સુગમતા (સરળતા) માટે ભલે પ્રયોગ કરતા રહે પરંતુ ગણધર મહારાજ જિનેશ્વર પ્રભુના ચરણના અનન્ય ભક્ત છે તેઓના પવિત્ર નામનો કામના બદલામાં સીધા ગદ્યમાં ક્યારેય પણ પ્રયોગ કરી શકતા નથી.

વામમતિ સ્થાનકવાસિયોને ખરેખર કામશબ્દ પ્રયોગની તરફ મતિ પ્રવિષ્ટ (પેસેલી) હોવાના કારણે જિનમૂર્તિની શત્રુતા છે. સૂત્રમાં કોઈ ઠેકાણે કામના નામથી જિનશબ્દનો પ્રયોગ દેખાયેલ નથી તો પછી આ ઠેકાણે આવી કુકલ્પના કેમ કરી. જિનમૂર્તિના વિરોધે જ ખરેખર તેઓને ઊંધા રસ્તે ચઢાવી દીધા છે દ્રૌપદીનું મંદ (ધીમુ) નિયાણું હતું જેથી તેના

સમકિતમાં જરા પણ વાંધો નહીં આવ્યો આ વાતની સિદ્ધિ તેની જિનપૂજાની પ્રતિ પ્રીતિ હતી તે દેખાઈ રહી છે. જો તેનું નિયાણું તીવ્ર હોત તો તેને નિદાન પ્રાપ્તિના ભવમાં ચારિત્ર ઉદયમાં જ ન આવત જેમ બ્રહ્મદત્તચક્રવર્તિને, તેને પૂર્વજન્મના ભાઈએ હજારો પ્રયત્નથી સમજાવ્યા કિન્તુ તેઓ સમજયા નહીં.

આ પ્રમાણે દ્રૌપદીને પણ સંયમની પ્રાપ્તિ ક્યારેય પણ ન થાત એટલે સિદ્ધ થાય છે કે નિયાણું મંદ હતું. "અલ્પાક્ષરૈર્બહ્વર્થંસૂચયતિવેષ્ટયતીતિસૂત્રમ્" થોડા અક્ષરોમાં ઘણાં અર્થને બતાવવાળા સૂત્ર હોય છે. તેમાં એકવાર પ્રભુ પૂજાનું વર્ણન કર્યું પછી બીજીવાર તે વ્યક્તિની સાથે તે વિષયના ઉલ્લેખની જરૂર રહેતી નથી જેમ તુંગીયા નગરીના શ્રાવકોએ સાધુને એકવાર વંદના કરી એવી ચર્ચા છે તો શું આ પ્રમાણે કહેવાય કે બીજા સમયે તેઓને વંદના નહી કરી હોય ? હોય જ નહીં. પ્રાચીન પ્રતિ ઈન્દોરના ભંડારમાં અમોને કનકમલજી શ્રાવકે પાંત્રીશ વરસ પહેલા દેખાડી હતી જે વિક્રમસંવત બારસોની હતી જેમાં નમુત્થુણંનો પાઠ હતો એટલે અનેક ભંડારોમાં પ્રાચીન પ્રતિયો નમુત્થુણંસૂત્રવાળી હોય એમાં શંકા કરવી ફોગટ છે અને "જિનપડિમાણંપણામં કરેઈ"નો પાઠ આવ્યો ત્યારે તો પ્રભુપૂજાની સાથે ભાવપૂજામાં નમુત્થુણં સૂત્ર જોડેલું જ છે. એટલે શ્રી અભયદેવસૂરિમહારાજની ઓથ લઈને અને તેઓની વાતને

ન માનવી આ છે આશ્ચર્ય ? ચરિતાનુવાદની સાથે વિધિ અનુવાદ મળે ત્યારે તો ડબ્બલ બળ વધી જાય છે મૂર્તિમંડનમાં લખેલા મહાનિશિથના પાઠને વિધિ અનુવાદમાં પણ અમારા પાઠકોએ વાંચી લીધુ છે એટલે ફક્ત ચરિતાનુવાદ પર જ અમારી સિદ્ધિ નથી અને શ્રી અભયદેવસૂરિ મહારાજના "ન ચ ચરિતાનુવાદવચનાનિ" આદિ વાક્ય સંપૂર્ણ ચૈત્યવંદન કરવાનું વિધાન કરે છે ફક્ત નમુત્થુણં કરીને ઉઠી જવું આનાથી તો પ્રભુપૂજાને સાંગોપાંગ સિદ્ધ કરે છે આ વિવેચનથી આ સિદ્ધ થાય છે કે દ્રૌપદીના લગ્ન સમયમાં કરેલ પૂજન ભવોદધિતારિણી શ્રી જિનેશ્વર ભગવાનની મૂર્તિનું જ પૂજન હતું અને આ કૃત્ય ઉત્કૃષ્ટ ધર્મમય હોવાથી શ્રાવકોને હંમેશા કરવા યોગ્ય છે મુનિજનોને તે હૃદયહારિણી, ભવતારિણી જિનમૂર્તિના દર્શન અને સ્તવના રૂપ ભાવપૂજા કરવી હંમેશાને માટે ઉચિત છે.

પેજ નં ૧૯ થી ૨૧ સુધીમાં સૂર્યાભદેવના પ્રભુપૂજન ઉપર ખોટા તર્ક લગાડીને સ્વયંનો સિદ્ધાંત સાચો કર્યો છે જેનો જવાબ નીચે મુજબ છે સૂર્યાભદેવના ચરિત્રથી ચોક્કસ તીર્થંકરોની મૂર્તિપૂજા સાબિત થાય છે. તેને માનવું સમ્યક્ત્વ છે અને ન માનવું મિથ્યાત્વ છે સૂર્યાભદેવે તીર્થંકર પ્રભુની મૂર્તિની પૂજા કરી હતી. તે મૂર્તિને અન્યની માનવી તે મહામિથ્યાત્વ છે કારણ કે "ધ્રુવં દાઉ જિણવરાણં" આ પાઠથી મૂર્તિને જિનેશ્વર ભગવાન કહીને નવાજ્યા છે આનાંથી

તો જ ખરેખર "જિન પડિમા જિન સારિખી" કહેવાય છે. બીજી વસ્તુને પૂજવી તે તો તેઓના લોકાચારની વાત છે. જૈન ક્ષત્રિયલોક જિનમૂર્તિની પૂજા કરે અને પાછળથી બાર પર્વમાં સ્વયંના ખડ્ગ આદિને પણ પૂજે છે આનાથી આ કેવી રીતે સિદ્ધ થઈ શકે કે તોરણ વાવડી નાગદંતાની પૂજા કરતા પહેલાની પૂજા તીર્થંકરની હતી નહીં, આજે પણ શ્રાવકો પહેલા જિનેશ્વરપ્રભુની મૂર્તિની પૂજા કરીને પાછળથી શાસનઅધિષઠાયક આદિની પૂજા કરે છે. ધનતેરસના ધન પણ ધૂવે છે અને તેને કેસરના છાંટણા પણ કરે છે. આનાંથી શું વાંધો આવ્યો ? અને જિણ પિડમાણંનો પહેલા તો આ ઊંધો અર્થ કર્યો કે જિનનામ કામધેનું છે અહીંયા સૂર્યાભની પૂજાના અધિકારમાં તો જિણવર શબ્દ આવે છે જે ફક્ત તીર્થંકર ભગવાનનો વાચક છે. અહીંયા તમારી જે જાળ બિછાવી છે તે જામી શકે તેમ નથી, અને ચોવીશ તીર્થંકર હોય છે. અહીંયા ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન આ ચાર નામ કેમ ? આ વિષયમાં રતનલાલના જેટલા કુતર્ક છે તે અજ્ઞાનતાને લીધે નિર્માણ થયેલા છે, કારણ કે ચોવીશ તીર્થંકર અવસરર્પિણીમાં અને ચોવીશ ઉત્સર્પિણીમાં અને અનિયમિત અનેક ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં થાય છે અને તેમાં આ ચાર નામ શાશ્વત છે કોઈપણ કાળમાં આ ચાર નામો હોવાથી અર્થાત્ ચારમાંથી એકાદ નામ તો ચોવીશી આશ્રિત હોય છે. એટલે આ મૂર્તિઓ શાશ્વતી છે ને છે.

પરંતુ આ નામ પણ આની અપેક્ષાએ એ પ્રમાણે જ છે એટલે ચોવીશ તીર્થંકરના નામની આ મૂર્તિયો નહીં. પરંતુ ચાર નામની પણ હોય છે જેમ ભરતચક્રવર્તી અશાશ્વત તથા ભરતક્ષેત્ર શાશ્વત છે આવા તો અનેક દાખલાઓ હોઈ શકે છે એટલે આ વિષયમાં તમોએ જે જાળ બિછાવી છે તે નષ્ટ થઈ જાય છે અને સૂત્રમાં જિણવર શબ્દ છે તે શબ્દ પણ તેઓની જ મૂર્તિયોને સિદ્ધ કરે છે. પ્રદેશી રાજા શ્રાવક થયો એટલે જ જિનેશ્વર ભગવાનની મૂર્તિનો ઉપાસક હતો પૂજારૂપ દિવસનું કર્તવ્ય ક્યારેય પણ છોડતો નહોતો આ તો અર્થાપત્તિથી જ પ્રાપ્ત થાય છે. ગંભીરસૂત્રની રચનામાં અર્થાપત્તિથી જ પ્રાપ્ત થાય છે. ગંભીરસૂત્રની રચનામાં અર્થાપત્તિથી પ્રાપ્ત વિષયને લખે ત્યારે તો તેની ગંભીરતા જ નષ્ટ થઈ જાય છે આ વાત નહીં ભણેલા પક્ષપાતિઓને ખબર નહીં પડે તે તો તેઓના કર્મોનો જ ખરેખર દોષ છે. સૂર્યાભદેવતા વિચાર કરે છે કે "કિં મે પૂવ્વિં સેયં કિં મે પચ્છા સેયં કિં મે પૂવ્વં કરણિજ્જં, કિં મે પચ્છા કરણિજ્જં ?" આના જવાબમાં તેના સામાનિક દેવો કહે છે કે પૂર્વમાં થઈ ગયેલા અને પાછળના જિનેશ્વર પ્રભુનું પૂજન ખરેખર કરણીય છે આનાથી એ સાબિત થાય છે કે સૂર્યાભ હંમેશા પ્રભુપૂજા કરતો હતો, પૂર્વ અને પશ્ચાત્ શબ્દ સમજવામાં ગુરુગમતાની જરૂરત છે આગળ ચાલો તો સ્મૃતિ માટે ફોટો બનાવી લે તો એમાં બાધા પણ શું, આ લખવું વાસ્તવિક મૂર્ખતા છે કારણ

કે સૂર્યાભદેવે જે તીર્થંકરોની મૂર્તિઓની પૂજા કરી છે તે શાશ્વતી મૂર્તિઓ છે આ પ્રમાણે આજ સુધી ઢુંઢિયા પણ કબૂલાત કરતા આવેલા છે હવે નવા જમાનામાં રતનલાલજી નવી નવી વાતો લખે છે, તમારા ગુરુ વિહાર કરે છે નદી ઉતરે છે અથવા હોડીમાં બેસીને પાર થાય છે તેમાં પણ અસંખ્યાતા જીવ મરે છે આ બધી હિંસાને ધર્મ માનવો

અને પ્રભુપૂજાના વિધાનથી બાર કોશ દૂર રહેવું અથવા ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી આ મોટા માં મોટો તમારો મૃષાવાદ છે અને તમારા આત્માની અધઃપતન કરવાની સામગ્રી છે. શાસનદેવ સારી મતિ સમર્પણ કરે.

પેજ નં ૨૨ થી ૩૬ સુધીમાં આનંદશ્રાવકની ચર્ચા ચલાવીને ઘણી જ મનઘડંત કપોલકલ્પિત મનમાની વાતો લખી છે અને જિનમૂર્તિના વિષયમાં વેરભાવ રાખવાવાળા વૈરિશેખરે સ્વયંની મૂર્ખશેખરતા બતાવી છે જેનો જવાબ નીચે મુજબ સમજવો જોઈએ.

શરૂઆતમાં ડોશીજીએ ઉપાસકદશાંગ સૂત્રનો મૂલપાઠ લખીને તેના પર વિવેચન લખીને ઝડી વરસાવી છે.

"નો ખલુ મે ભંતે કપ્પઈ અજ્જપભઈ અન્નઉત્થિએ વા" આ આખો પાઠ અમોએ ઉપાસકદશાંગના અધિકારમાં મૂર્તિમંડન પુસ્તકમાં લખી દીધો છે. ત્યાંથી મેળવી લેવો, ફરક માત્ર તેઓના અને અમારા અર્થમાં છે. " અન્ન ઉત્થિઅ

પરિગ્ગહિયાણિ વા ચેઈયાણિ અ" પદનો અર્થ ડોશીજી અન્ય તીર્થિકે ગ્રહણ કરેલ સાધુ એ પ્રમાણે અર્થ કરે છે.

અમારો અર્થ અન્ય તીર્થિની ગ્રહણ કરેલ અરિહંત પ્રભુની મૂર્તિ તેને વંદના-નમસ્કાર નહી કરૂં, આ પ્રમાણે છે આનાથી સ્વતંત્ર આપણા વહીવટમાં રહેલા મંદિરોમાં જે ભગવાનની મૂર્તિઓ છે તે વંદનીય નમસ્કરણીય અને પૂજ્ય હોઈ શકે છે. આનાથી આનંદ શ્રાવક પ્રભુમૂર્તિની પૂજા કરતો હતો. એ પ્રમાણે સાબિત કરવા માંગીએ છીએ. ડોશીજી ચેઈય શબ્દનો અર્થ સાધુ કરે છે આ તેમનો મનોકલ્પિત અર્થ છે કોઈ શબ્દકોષમાં ચૈત્યનો અર્થ સાધુ નથી કર્યો અને ચૈત્યનો અર્થ મૂર્તિ તો જૈન અને જૈનેતરના બનેલા શબ્દકોષથી સિદ્ધ છે, શાસ્ત્રીય વિષયોમાં મનની કલ્પના કામ આવી શકે નહી અને યુક્તિથી પણ ચેઈયાણિનો અર્થ મૂર્તિ જ છે એ પ્રમાણે સિદ્ધ કરે છે તે બતાવે છે અન્યતીર્થિકે ગ્રહણ કરેલા સાધુજીને વંદના નમસ્કાર નહીં કરૂં આવા અર્થનો સમન્યવય થઈ શકતો નથી. કારણ કે અન્યતીર્થિ જૈન સાધુને ગ્રહણ કરે આનો અર્થ પકડી લે, સ્વયંના ગુરુ તરીકે માને અથવા સાધુ પદથી ભ્રષ્ટ કરી નાંખે, આ પ્રમાણે થઈ શકે છે અહીંયા વિચાર કરવાથી ખબર પડે કે મૂર્તિથી બાર કોશ દૂર ભાગવાવાળા સ્થાનકવાસિયો તરફથી કરેલો અર્થ બધી રીતે અયુક્ત છે કારણ કે પકડી લેવાથી સાધુની સાધુતા જતી નથી રહેતી જેથી તેઓ અવંદ્ય થઈ શકે અથવા તેઓને વંદન

કરવાથી મિથ્યાત્વ લાગે અને જૈનસાધુને પોતાના ગુરુ માને તો આનાથી જૈન ધર્મનું ગૌરવ છે. આનાથી તો વિશેષ પ્રકારે વંદનીય થઈ શકે છે અને છેલ્લા વિકલ્પમાં તો સાધુ આ પ્રમાણે બોલી શકતા નથી કારણકે વિદ્યમાન કાળમાં તે સાધુ છે જ નહીં.

અન્ય તીર્થીએ ગ્રહણ કરેલ અરિહંતની મૂર્તિ જે ચૈત્ય શબ્દનો સાચો અર્થ છે. આ અર્થનો સમન્વય સારી રીતે થઈ શકે છે અને આજ સુધીમાં આવા બનાવો બનતા જ આવ્યા છે પંજાબ-હોંશિયારપુરની નજદિક કાંગડામાં ઋષભદેવભગવાનની મૂર્તિને જૈનેતર લોકો પોતાના કબજામાં લઈ તેલ-સિંદૂર ચઢાવે છે, અને પોતાના દેવનું નામ આપીને પૂજા કરે છે. આવી મૂર્તિને જૈન ધર્મી માને તો જૈનેતર આ પ્રમાણે બોલે કે અમારા દેવને આ લોકો માનવા લાગ્યા ત્યારે મિથ્યાત્વ લાગવાનો સંભવ છે જૈન સાધુ સ્વયંના જૈન વેષથી જ પ્રસિદ્ધ છે. સાધુ ઉપર તેલ સિંદૂર ચઢાવીને તેઓની સૂરત (ચહેરો) બદલી શકતા પણ નથી અને ઉપરનો રંગઢંગ અંદરની સાધુતા બગાડી શકતા નથી, જૈન મૂર્તિઓને તો કોઈ ભૈરવ તરીકે, કોઈ  ક્ષેત્રપાલ તરીકે કોઈ અન્ય અને નામથી માને પૂજે એવા અનેક મિથ્યાદષ્ટિ નજરે પડે છે. અંતમાં સારાંશ તાત્પર્ય એ છે કે 'ચેઈય'નો અર્થ કોઈપણ પ્રકારે સાધુ થઈ શકતો નથી. ખરેખર અને પ્રકરણ સંગત પ્રભુમૂર્તિનો અર્થ જ સાચો અર્થ છે પ્રભુમૂર્તિની સાથે બોલવું

ચાલવું આ ઉપચારથી સિદ્ધ છે અને નૈવેદ્યમાં આહારની અસણં આદિ વસ્તુ આવી જાય છે. આથી આ વ્યવહાર મનુષ્યને આશ્રયીને જ થઈ શકે છે. આ કહીને મૂર્તિનો વિરોધ કરવો સ્વર્ગ અને મોક્ષનો જ ખરેખર વિરોધ થાય છે અથવા ચાર વસ્તુની સાથે વિધાન હોય અને તેમાં જે વસ્તુ વિધેય છે તે વિધેયનો જેની સાથે સંબંધ લાગે તેની સાથે સંબંધ લગાડી દેવામાં વાંધો આવતો નથી એટલે કે મૂર્તિવિરોધિઓની જેટલી કલ્પનાઓ છે તે બધી ફોગટ છે "અસણં-પાણં-ખાઈમં-સાઈમં વંદિત્તએ-નમંસિત્તએ" આ બધુ સંક્ષેપથી પૂજાની બધી સામગ્રીને કહી રહ્યા છે.

શ્રીવિજયાનંદસૂરીશ્વરજી ગુરૂદેવે જે વાતો સમકિત શલ્યોદ્ધારમાં લખી છે. અક્ષરશઃ સત્ય છે કારણકે ઉપાસકદશાંગના આ પાઠથી જૈન ચૈત્યની સિદ્ધ થવાથી સમવાયાંગની નોંધનો ચૈત્ય શબ્દ પણ જૈન ચૈત્ય જ સિદ્ધ થઈ ગયો પાછળથી ગૌણતાથી ભલે પક્ષના ચૈત્ય પણ લેવાય તો કોઈ વાંધો નથી. પૂજ્યપાદ ગુરુદેવ સમવાયાંગની નોંધ તરફ વધારે જોર એટલા માટે આપે છે કે આનાથી પૂજાનો વધારે વિસ્તારનું સાધન મળે છે. આનો અર્થ એ નહીં કે ઉપાસકદશાંગમાં નામ માત્ર પણ મૂર્તિનો વિષય નથી અને આ પ્રમાણે હોત તો તમો ઉપાસકદશાંગનો જ પાઠ કેમ લખતા આ પ્રમાણે બીજા સૂત્રોની નોંધના વિષયમાં પણ સમજી લેવું અંબડ સંન્યાસીએ પણ અરિહંતની મૂર્તિને જ

માન્ય રાખી છે તેથી તેની પુષ્ટિ પણ પહેલા લખેલ અંબડ શ્રાવકના અધિકારની માફક સમજી લેવું અન્યતીર્થીને વંદનાદિ નહીં કરવાના કથનમાં અન્ય તીર્થ શબ્દથી બીજાના સાધુ તો આવી જ જાય છે તેનું અલગ સૂચન કરવું વ્યર્થ છે અને અન્યતીર્થિના વંદનનો અભાવ જ પોતાના તીર્થી વંદનીય સાધુનું વંદન સિદ્ધ કરે છે તો પછી ચૈત્ય શબ્દનો અર્થ બગાડીને સાધુ એવો વિપરિત જુદો અર્થ કરવો કોઈપણ રીતે ઘટિત (યોગ્ય) નથી અને અન્યતીર્થિના ગ્રહણથી જૈનમૂર્તિને જૈનપણે માને ત્યારે તો ખરેખર પ્રશંસાને યોગ્ય છે. પરંતુ જયારે તેને ભૈરવરૂપથી માને અને અમો વંદન કરીએ ત્યારે મિથ્યાત્વની પુષ્ટિ થાય તે સ્પષ્ટપણે સાબિત થાય છે. અને ચૈત્યનો સાધુ અર્થ કરવો તે કોશ, અનુભવ અને યુક્તિથી પણ બધી રીતે બાધિત છે અને સિદ્ધાંતોમાં મૂર્તિપૂજા ક્યાંય છે નહીં. આ પ્રમાણે કહેવું તે ઘુવડ કહે કે આકાશમાં સૂર્ય નથી. તેવા કથનના જેવું છે.

પેજ નં ૩૭માં ચારણમુનિની વાત પણ એક પક્ષીય લેખ લખીને જનતાને ભ્રમમાં નાંખી દીધી છે. કારણ કે રતનલાલજી પહેલા લખે છે કે આ તો શક્તિની વાત છે. અર્થાત્ કોઈ આવતું જતું નથી જો આ વાત સાચી હોય તો "તહિં ચેઈઆઈ વંદઈ" ત્યાં ચૈત્યવંદન કરે છે અને ચૈત્યવંદન કરીને અહીંયા આવે છે એવું લખેલું ન હોત, પરંતુ જઈ શકે, આવી શકે, પ્રભુ વંદન કરી શકે આ પ્રમાણે લખેલુ

હોત એટલે આ શક્તિ માત્રથી કલ્પના કરવી જુઠ્ઠી છે. "ચેઈયાઈં વંદઈ" બંને શબ્દો સ્તુત્યર્થ હોઈ શકે જ નહીં કારણ કે એક કર્મ છે અને બીજી ક્રિયા છે એટલે કે ચેઈયાઈં અરિહંતનામૂર્તિને, આ કર્મ છે. અને વંદઈ આની સ્તવનાત્મક ક્રિયા છે આનાથી સ્પષ્ટ સાબિત થાય છે કે જંઘાચારણ-વિદ્યાચારણ મહામુનિઓએ પણ ભગવાનની મૂર્તિઓને દર્શન-નમન-સ્તવન કર્યા છે જે મોટા ખરેખર હીનભાગી ભારે કર્મી જીવ હોય છે તે જ પ્રભુમૂર્તિની નિન્દાગર્હા કરે છે. તે સ્થાનની આલોચનાનો ભાવ ઈરિયાવહીયા જ છે. તે ગુરુગમથી લેવાય તો જ ખ્યાલ આવશે કે આલોચના તો ગોચરી લઈને આવેલા ને પણ છે. તેથી આ અકર્તવ્ય થઈ જતું નથી તે પ્રમાણે જિનમૂર્તિના ચૈત્યવંદન પછી ઉપાશ્રયમાં આવીને ઈરિયાવહી કરવા પડે છે. આનાથી ચૈત્યવંદન દોષિત થતું નથી.

પેજ નં ૩૮થી૪૪ સુધી ચમરેન્દ્ર અને તુંગીયા નગરીનો વિષય લીધેલો છે તેમાં પણ મનથી ઉપજાવી કાઢેલી વાતો ઓછી થતી નથી.

ચમરેન્દ્રએ મૂર્તિનું શરણું લીધું એવું કોઈ બોલતું નથી ફોગટમાં રતનલાલજીએ કાગળો કાળા કર્યા છે. જુઠ્ઠા આરોપોનો આ જ જવાબ હોઈ શકે છે. આ વાત જ અમો મૂર્તિપૂજકોને માન્ય નથી. અમો પણ છદ્મસ્થાવસ્થામાં રહેલા મહાવીર પ્રભુનું શરણું સ્વીકારીએ છીએ. આનાથી મૂર્તિની

માન્યતામાં કોઈપણ પ્રકારનો વાંધો આવતો નથી. મૂર્તિ સ્વયંપરાધીન છે. આતતાયી (ગુંડો) પુરૂષ તેનો નાશ કરી નાંખે છે તો તે અમારૂ રક્ષણ શું કરી શકે ? આનો જવાબ આટલો જ બસ છે કે તમારા ગુરુઓના પેટ તમો જ ભરો છો કે બીજા કોમના મનુષ્યો ભરે છે. અને આતતાયી (ગુંડો) પણ નાક-કાન કાપી નાંખે છે અને મારી પણ નાંખે છે તો પછી આવા ગુરુ તમારૂં શું કલ્યાણ કરી શકે ! કિન્તુ આ વાતો હોવા છતાં પણ ગુરુથી કલ્યાણ થાય છે. તો પછી પ્રભુની મૂર્તિ જરૂરથી કલ્યાણ કરી શકે છે અને તે ચાર શરણ જે લેવાય છે. તેમાંથી અરિહંતના શરણમાં દાખલ કરી શકાય છે. કારણકે તે પણ નિક્ષેપાથી અરિહંત જ છે. તુંગીયાનગરીના શ્રાવકોનો અધિકાર શ્રી ભગવતીસૂત્રના બીજા શતકમાં આવે છે. આમાં "કયબલિકમ્મા" શબ્દનો અર્થ કરેલ છે. પૂજા કરવી, જેઓએ આનાથી મૂર્તિઓની (પ્રભુની) પૂજા કરવાવાળા એમ સિદ્ધ થાય છે. આ વાત રતનલાલજીને ઠીક લાગતી નથી. કારણકે તેઓ માટે પૂજા શબ્દ દિલ ડોલાવવાળો થઈ જાય છે. પૂજા શબ્દ દેખ્યો કે ઢુંઢિયાઓનું દિલ ધ્રુજયું આ વાત રતનલાલજી અક્ષરશઃ સિદ્ધ કરે છે. અમારા પરમ ગુરુદેવ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાએ તુંગીયાનગરીના શ્રાવકોની મોટી મજબૂતી બતાવીને લખ્યું કે તેઓએ પોત-પોતાના ઘરોમાં રહેલ જિનમૂર્તિઓનું પૂજન કરેલ છે. ત્યારે રતનલાલજી કહે છે કે ગોત્ર દેવની પૂજા કરી

આ પ્રમાણે ઠસાવે છે. અમોને મોટો અફસોસ થાય છે કે આ લોકો આવી નીચી દશામાં કેમ જાય છે. ગોત્ર દેવની પૂજા કરે તો તેઓને ખુશી થાય છે અને ત્રણલોકના નાથ જિનરાજની પૂજાથી નારાજી થાય છે. બસ આ બધા પ્રકરણમાં એ વાત ઉપર જોર લગાવ્યું છે કે અન્ય દેવતાઓની પૂજા સિદ્ધ હો, અને જિનરાજની પૂજાની સિદ્ધિ ન થાઓ. હાય ! હાય ! જેઓના શાસનમાં રહેવું તેઓની જ મૂર્તિપૂજાનો દ્રોહ ? કેવો જુલમ, હરામી પામરની પૂજા કરો, એમાં હરકત નથી, ખબરદાર છે ! જિનરાજનું નામ નહીં લેવું આહ ભલા મનુષ્યો ! ત્યારે તમોને પણ કહેવું પડશે કે નરક-તિર્યંચગતિ સિવાય બીજી ગતિમાં જવા માટે નામ લેવું નહિ, અને સારી ગતિમાં જવું હોય તો પ્રભપૂજામાં દિલ દેવું. ભરતચક્રવર્તી આદિ ચક્રી-વાસુદેવ અને રાવણ આદિ પ્રતિવાસુદેવનો હિસાબ જુદો હતો. અને તુંગીયાનગરીના શ્રાવકોનો હિસાબ જુદો છે. કોઈ પણ અમારા સાધુ કુત્સિત દેવી-દેવતાઓને માનતા નથી, નાહકના ગપ્પા લગાવો નહીં પેજનં ૪૫ થી ૫૧ સુધીમાં ચૈત્ય શબ્દનાં અર્થની મગજમારી કરેલ છે. સાર કંઈ કાઢી શક્યા નહીં. ભલે ચૈત્ય શબ્દના અનેક અર્થ થાય પરંતુ સૂત્ર પાઠોમાં પ્રભુમૂર્તિના જ વિશેષ અધિકાર આવે છે. ચૈત્ય શબ્દ ફક્ત હોય તો મૂર્તિ અને વ્યંતરયક્ષ આદિ શબ્દ આદિમાં રાખેલા હોય તો તેઓની મૂર્તિઓને પણ લઈ શકીએ છીએ, બગીચાનું નામ ચૈત્ય

હોય તો જે બગીચામાં યક્ષાદિનું મંદિર હોય તે બગીચાને ચૈત્ય કહી શકીએ છીએ, અન્યને નહીં, આનાથી કોઈ અર્થ વધ્યો નહીં, વ્યાકરણ શાસ્ત્ર શિરોમણી ન્યાય વિશારદ હેમચંદ્રાચાર્ય મહારાજના કોશ અનુસાર જ અમારા પૂજ્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાએ અર્થ લખેલ છે અને આ ત્રણ અર્થના યોગથી જ અનેક અર્થ થઈ જાય તો પણ મુખ્ય આ ત્રણેય અર્થનો પ્રભાવ છે એટલે પૂજ્ય ગુરુદેવનું લખેલું બરાબર છે. સૂત્રોમાં અમુક ભગવાનના આટલા અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાન આવેલ પાઠ છે પરંતુ આટલા અવધિચૈત્યી, મનઃપર્યવચૈત્યી આવતું નથી અને ફક્ત સાધુપદના માટે ક્યાંય પણ ચૈત્ય શબ્દનો અર્થ સાધુ અને જ્ઞાન કરીને સ્થાનકવાસી લોકો પ્રભુમૂર્તિના વિરોધ કરવાના વ્યસનને પુષ્ટ કરે છે અને આભિનિવેશક મિથ્યાત્વને સિદ્ધ કરી રહ્યા છે. અન્યથા અનેક અર્થોમાં ચૈત્યશબ્દનો અર્થ પ્રભુમૂર્તિ પણ થઈ શકે છે. તેઓને કેમ માનતા નથી. કહેવું પડશે કે આભિનિવેશક મિથ્યાત્વ માનવા દેતા નથી પ્યારા ભાઈઓ ! અભિનિવેશને છોડો અને પ્રભુની આજ્ઞામાં પ્રીતિને જોડો, નાહકમાં (ફોગટમાં) આમ-તેમ કુતર્કના માર્ગમાં દોડો નહીં પેજનં ૫૨ થી ૫૭ સુધીમાં રતનલાલજીએ ટીકા, ભાષ્ય, ચૂર્ણી અને નિર્યુક્તિ માટે જેટલું જોર લાગે એટલું જોર લગાડીને તેને અપ્રમાણિક સાબિત કરવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. પરંતુ જેમ સૂર્યોદયના પ્રકાશને ઘુવડ અભાવ

સિદ્ધ કરે એવું છે. અર્થાત્ જેનો અભાવ સિદ્ધ કરવો છે તેની ઉપસ્થિતિમાં તેની આંખો જ મીંચાઈ જાય છે. તો પછી તેના નાસ્તિકત્વને કેવી રીતે દેખાડી શકે છે. આ પ્રમાણે નિર્યુક્તિના મહત્ત્વને સમજવાની આખ જ જ્યારે ખોઈ બેઠા છો તો પછી તેની સમાલોચના જ શું કરી શકે ? કેટલા વિશાળ જ્ઞાનથી નિર્યુક્તિની રચનાનું ભાન થઈ શકે છે તેઓનું જ્ઞાન નિરક્ષર ભટ્ટાચાર્યને કેવી રીતે હોઈ શકે. ફક્ત જેના દ્વારા મૂર્તિ મંદિર સિદ્ધ થાય તેઓનીજ નિંદા કરવી છે. કાંઈક તત્ત્વદષ્ટિનો વિચાર થોડો કરવાનો છે ? આહ ! હા ! હા !! એક એક પદ પર કેવો સુંદર વિચાર, કેવા નિક્ષેપ વર્ણન, કેવા સૂત્રરહસ્યનો વિસ્તાર, શ્રુતકેવલીઓ સિવાય આવી ગંભીરરચના કોણ કરી શકે અને કહી શકે. આવા ગ્રંથોને યુક્તિવગરના કહેવાવાળા મૂર્ખશિરોમણી જ કહી શકાય છે. શ્રેણિકમહારાજ રોજ ૧૦૮ સોનાના જવલાથી સ્વસ્તિક કાઢીને ભગવાનની અગ્રપૂજા કરતા હતા. આ લેખ પણ તેઓને અરૂચિકર લાગ્યો અને મોટી બડાઈ મારવાની ચાલુ કરી. અગડં-બગડં આડું-આવળું એવું લખ્યું કે થોડી અક્કલવાળા મનુષ્ય પણ સમજી શકે છે કે લેખકને પક્ષપાતથી આંધળાપણું આવેલ છે અને યુક્તિયુક્ત વાત પણ નથી સૂઝી. તેઓ લખે છે કે એક તરફ તો આ લોકો કોઈ પ્રકારના વિધાનવિના જ મૂર્તિપૂજા કરવાથી બારમો દેવલોક પ્રાપ્ત થાય એવું ફળનું વિધાન કરેલ છે. અને બીજી બાજુ શ્રેણિકની ૧૦૮ સોનાની

જવલાથી પૂજવાની કથા પણ કહે છે આ હિસાબથી તો શ્રેણિકને સ્વર્ગપ્રાપ્તિ થવી જ જોઈએ, જ્યારે કે સામાન્ય ચોખાથી પૂજવાવાળો પણ સ્વર્ગમાં જાય છે તો પછી સ્વર્ણ જવલાથી પૂજવાવાળો દેવલોકમાં જાય એમાં શુ આશ્ચર્ય ? પરંતુ અમારા પ્રિય પાઠક જો આગમોનું અવલોકન કરશે અથવા આ મૂર્તિપૂજક બંધુઓના માન્યતાવાળા ગ્રંથોને દેખશો તો તમે શ્રેણિકને નરકમાં જવાવાળો દેખશો. આનાથી તો આવી કથાનકની કલ્પિતતા સિદ્ધ થાય છે. હે પાઠકો ખ્યાલરાખો ! મૂર્તિપૂજા કરવાવાળો બારમો દેવલોક પ્રાપ્ત કરે આવું અમારૂં કોઈ સિદ્ધાંત વાક્ય છે નહીં, હા ! જિનમંદિરોથી મંડિત પૃથ્વી કરવાવાળો શ્રાવક બારમા દેવલોકમાં જઈ શકે છે. આનું નામ જિનપૂજા લખાય તો તેમાં કોઈ બાધ નથી, એવું અમો માનીએ છીએ, આ મધ્યમ ફળ છે. ઉત્કૃષ્ટફળમાં તો નાગકેતુ જિનેશ્વરપ્રભુી પૂજા કરતા એવા કેવલજ્ઞાન પામીને મોક્ષમાં પણ ગયેલા છે કયો એવો પદાર્થ છે કે જેને ભગવાનની સેવા ન આપી શકાય. હવે આ પ્રશ્ન રહ્યો કે સોનાના જવલાથી પૂજા કરવાવાળો શ્રેણિક નરકમાં કેમ ગયો ? રતનલાલજીને થોડી પણ જૈનસિદ્ધાંતની ખબર હોતી તો આ પ્રમાણે કીંમત વગરનું કથન નહીં કરતા, કારણકે શ્રેણિકને જૈન ધર્મની પ્રાપ્તિ પહેલા જ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલ હતું. જૈનોનો કર્મસિદ્ધાંત આ વાતને કબૂલ કરે છે કે કોઈપણ ગતિનું

આયુષ્ય બાંધી લે પછી તેઓ વિશેષ ધર્મકરણી કરે તો પણ તેનું આયુષ્ય બદલી શકાતું નથી આ વાતને સ્થાનકવાસી પણ માને છે ત્યારે આ સવાલ જ નથી થઈ શકતો કે તેઓ સ્વર્ગમાં કેમ નહીં ગયા. ડોસીજીની આ વાત તેઓમાં મોટી મૂર્ખતા સાબિત કરે છે. શ્રેણિક મહારાજની અનુપમ પ્રભુપૂજાએ તો આ અપૂર્વ ફળ ભવિષ્ય માટે નિર્માણ કરી દીધું છે કે નરકથી નીકળીને તેઓ પ્રથમ તીર્થંકર થશે, જો આયુષ્ય બંધ ન થયેલો હોત તો ક્ષાયિક સમકિતના કારણે તે જન્મમાં મોક્ષ પામત, હા! પક્ષપાત તું મોટી ખરાબ બલા છે કે હર કોઈના ગળા પકડે છે. રતનલાલને અમો પૂછીએ કે શ્રેણિકે ભગવાન મહાવીર પ્રભુની પૂરી ભક્તિ કરી છે. આ પ્રમાણે તો તમારા અનુયાયી પણ માને છે અને નરકમાં જવાવાળા પણ માને છે તો શું આનાથી સાક્ષાત્ ભગવાનની ભક્તિ પણ ખરાબ કરી કે આનાથી એની નરક ગતિ થઈ. લખતી વખતે જરા વિચાર કરવો હતો કે હું શું લખી રહ્યો છું આનાથી તો ઉલટું અમારા ગળામાં જ પડે છે. બસ-બસ તમારો દોષ નથી, મિથ્યાત્વનું આજ કામ છે કે તેઓ ઉલટું સમજાવી દે છે.

પેજ નં ૫૮ થી ૬૫ સુધીમાં મહાકલ્પના પ્રાયશ્ચિત વિધાન ઉપર ચર્ચા કરી છે. આમાં પણ અમારા વાચકોને સ્થળે સ્થળે તેઓનો પક્ષપાત અમારા નિમ્નલિખિત આ પ્રકારણના જવાબોથી જાહેર થઈ શકે છે. મહાકલ્પનું

પ્રાયશ્ચિત, પ્રભુદર્શનની સંપૂર્ણ સિદ્ધિ કરે છે. કારણ કે સાધુ થઈને જિનમંદિર દર્શન માટે ન જાય તો તેને પણ છઠ્ઠનું પ્રાયશ્ચિત આવે તો પછી ગૃહસ્થોની શું વાત કરવી ? ગૃહસ્થોનો અધિકાર દ્રવ્ય અને ભાવથી છે અને મુનિનો અધિકાર ભાવપૂજાથી છે આ વિષયમાં વિધાન જ નથી તો પ્રાયશ્ચિત શેનું ? આવી શંકા કરવાવાળા પક્ષપાતિએ ઉલ્ટા ચશ્મા પહેરેલા છે. મૂર્તિપૂજાના વિધાનનું વર્ણન અમોએ પહેલા લખેલ છે એટલે અહીંયા વિશેષ લખવાની જરૂર નથી. ભાવસ્તવ નામ ચારિત્રનું છે તેની આગળ દ્રવ્યપૂજા અનંતમાં ભાગની છે. તેમાં આશ્ચર્ય શું ? બધા જ બારવ્રત તેના અનંતમાં ભાગમાં છે. બાકી તમો દ્રવ્ય જિનપૂજા આરંભવાળી ઈત્યાદિ લખો છો તે જુઠ્ઠું છે આવા પાઠ છે જ નહીં. સાધુ પદથી ભ્રષ્ટ થયેલના દાખલા આ ચર્ચામાં અયોગ્ય છે. સાધુ-સાધુના લાયક ભાવપૂજાને છોડીને દ્રવ્યપૂજા કરીલે તો જાહેરમાં નુકશાન જ છે પરંતુ ગૃહસ્થ થઈને દ્રવ્યપૂજાને ન માને તો તે જરૂરથી દુર્લભબોધિ થાય છે. જૈન સૂત્રનું કોઈપણ પ્રકારથી પરિવર્તન માનવું એ મૂર્તિપૂજાના સિદ્ધાંતને ઉડાવાની વાત છે. ભવથી ડરતા એવા ચૈત્યવાસીઓએ મૂળસૂત્ર અને ટીકાઓ નથી બગાડી, શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો આ લેખ છે કે વિજયદાન સૂરિમહારાજે અનેકવાર જૈનસૂત્રોની પ્રતો શુદ્ધ કરી આનો અર્થ પરિવર્તન નહીં, પરંતુ ભંડારોમાં રહેલી અશુદ્ધ લિખિત સૂત્ર પ્રતિઓને સુધારવી

એવી વાત છે. કોઈ વાતનો જ્યારે હઠવાદ થઈ જાય છે ત્યારે સ્વંયની જ વાત સીધી દેખાડવા ચાહે છે પરંતુ આગળ પાછળના સંબંધને નથી દેખતા, રતનલાલજીએ આ પ્રકરણમાં બધે આ પ્રમાણે જ લખી દીધુ છે. સજ્જનોએ વિચારવું જોઈએ કે આનાં આ વિષયમાં અપ્રમાણિક લેખ પર વિશ્વાસ ન કરે.

પેજ નં ૬૬ થી ૬૮માં શાસ્ત્રનો ઉપયોગ મૂર્તિપૂજા નથી તે વિષય પર ચર્ચા ચલાવી છે અમોને આ વાતનો મોટો અફસોસ છે કે અમો શાસ્ત્રના ઉપયોગને મૂર્તિપૂજા માનીએ છીએ ક્યારે ? અને જો આ પ્રમાણે જ માનીએ છીએ તો અમારે મંદિરમાં જવાની જરૂરત જ ક્યાં રહેશે ? શાસ્ત્ર તો અમારી પાસે કાયમ જ હોય છે દેખો રતનલાલજીની હોંશિયારી (ચાલાકી) આખી ચોપડી ચાલાકીથી ભરેલી છે. ભોળા હરણીયા જેવા આની જાળમાં જરૂર ફસાઈ જાય કારણ કે, પૂર્વપક્ષ એવા ઉંધા કહેલા છે કે મૂર્તિપૂજક સમાજની માન્યતા જ ન હોય, અમો તો આ કહીએ છીએ કે તમો જડ જેવા બનીને જડ કહીને મૂર્તિ પૂજાથી હટો છો તો શાસ્ત્ર પણ જડ છે તો તેનાથી જ્ઞાન કેવી રીતે માનો છો અને જો જડ શાસ્ત્રથી જ્ઞાન થાય છે તો પછી મૂર્તિ પણ જ્ઞાનનું કારણ કેમ નહીં ? મૂર્તિને કમનસીબવાળા ન માને અને સાહિત્યને વધારે માને તો આનાથી સિદ્ધ શું થયું ? દુનિયામાં હીરા (રત્ન) ઓછા છે અને પત્થરોથી દુનિયા ભરેલી પડેલી છે.

આનાથી શું થયું મૂર્તિને નહીં, માનવાવાળાનું સાહિત્ય શ્રદ્ધાને નાશ કરવાવાળું હોવાથી મિથ્યાત્વ પ્રચાર જેટલો વધારે કરો તો તેનાથી શું ફાયદો ? એક જ ભક્ત ભગવાનની પૂજા કરીને શ્રદ્ધા દ્વારા નાગકેતુની માફક કેવલજ્ઞાન પ્રાપ્ત કરશે તો લાખો ક્રોડો મનુષ્યોનો ઉદ્ધાર કરી શકે છે દેખો ! મૂર્તિપૂજાથી કેટલો ફાયદો થાય છે આગમની માન્યતા પ્રભુઆજ્ઞાનું આરાધકપણું, માર્ગ પર કાયમ રહેવાનું, પ્રભુ દ્રોહી ન બનીને તેઓના વિશેષપ્રકારે પૂજક બનવું આ કાંઈ ઓછો લાભ છે હાં ! આ વિષયની પુષ્ટિ કરવાવાળા સાહિત્યથી ઓછો લાભ થાય છે એવું કોને કહ્યું કે ફોગટ કાગળો કાળા કરે છે પ્રભુમૂર્તિના ધ્યાન-પૂજન અને ગુણ મનનથી કેવલજ્ઞાન સુધી પહોંચી શકે છે અને આનાથી ઉલટા વિરોધ કરીને ધ્યાન કરવાવાળાનું ધ્યાન બગલા ધ્યાન હોવાથી બધા પ્રકારે અનિષ્ટ અને દુર્ગતિ આપવાવાળું ધ્યાન છે જે કોઈ શાસ્ત્રનો સત્કાર સન્માન નથી કરતા અને તેને પગ લગાડે છે ઠોકર મારે છે તેનાથી વધારે નાદાન (ઠોઠ) કોઈ હોઈ શકે ? પરંતુ કહો કે અમો આવું કરતા નથી અને પુસ્તકની આશાતનાથી ડરીને તેનો સત્કાર કરીએ છીએ તો બસ એનું નામ જ ખરેખર પૂજા છે તો પછી ઉલટા કેમ ચાલો છો ?

પેજ નં ૬૯ થી ૭૩ સુધીમાં અવલંબનનો વિષય લઈ મૂર્તિની આવશ્યક્તા નથી તેમ બતાવતા અનેક ઉલટી સુલટી

વાતો લખી દીધી છે જે વાતોને અમો પણ કબૂલ કરીએ છીએ આવી વાતો અવલંબનમાં લખીને લેખ ઉપર કલેવર વધાર્યું છે અમારે મૂર્તિમાં મૂર્તિમાન્‌ની પૂજા હોવાથી બધો જ અવલંબનનો વિષય અને મૂર્તિપૂજન અલગસિદ્ધ થતું નથી આ એ જ પ્રકરણનો જવાબ છે ભરતેશ્વર, નમિરાજ, સમુદ્રપાલ આદિ ભગવાનની મૂર્તિના આદરવાળા હતા, તેઓનું ધ્યાન શ્રદ્ધા સહિત તેઓને પાર કરી શકે છે પરંતુ પૂર્વના લેખમાં અનેક આગમો દ્વારા સાબિત કરેલ પ્રભુપૂજાને નહીં માનવાવાળા સિદ્ધાંતથી ગમે તેટલી ક્રિયા-તપ-જપ-ક્રિયાકાંડ-જ્ઞાન-ધ્યાન કરે તો પણ ‘મૂલં વિના કુતઃ શાખા’ શ્રદ્ધા વગરના મનુષ્યો પાર થઈ શકતા નથી અવલંબનનું પ્રકરણ મૂર્તિને છોડીને જીવ વગરના કલેવર જેવું છે કલેવર (શરીર)ની કિંમત જીવ સાથે છે આ પ્રમાણે અવલંબન નામના પ્રકરણમાં વર્ણિત કાર્યોની કિંમત પણ પ્રભુમૂર્તિ પૂજાની શ્રદ્ધારૂપ જીવન સાથે ખરેખર છે અમારી બુદ્ધિ પ્રભુમૂર્તિના દર્શનથી મૂર્તિમાન્ પ્રભુમાં અને તેઓના બધા ગુણોમાં વિચરી શકે છે ફક્ત મૂર્તિમાં જ અટકી જતી નથી આ વાતના અનુભવિઓને જ અનુભવ થઈ શકે છે. અનુભવ શૂન્ય રતનલાલ આ વાતને કેવી રીતે સમજી શકે. પેજ નં ૭૩ થી ૭૬માં નામસ્મરણ અને મૂર્તિપૂજાના વિષયમાં પ્રસ્તાવિકને છોડીને અગડં-બગડં, ઉલટી-સૂલટી દલીલો આપી છે. સ્થાનકવાસી લોકો અનેકવાર કહ્યા કરે છે કે પત્થરની

ગાય દૂધ આપતી નથી ત્યારે મૂર્તિપૂજકોના તરફથી તર્ક થયો કે જ્યારે પત્થરની ગાય દૂધ નથી આપતી તો "ગાય દૂધ આપ, ગાય દૂધ આપ" આવું બોલવાથી પણ દૂધ નથી મળતું તો પછી તમો પ્રભુનું નામ પણ કેમ લો છો ? સાક્ષાત્ ભગવાન તમારી આંખો સમક્ષ છે જ નહીં અને ભગવાન્ ભગવાન્ પોકારો છો, જેમ ગાયના અભાવમાં ગાય-ગાય પોકારવાથી દૂધ નથી મળતું તેમ આ પ્રમાણે તમોએ પ્રભુનું નામ લેવાથી શું ફાયદો ? પાઠકોએ વિચારવું જોઈએ કે અહીંયા દોષ ઢુંઢિયાઓનો છે કે પૂજા કરવાવાળાનો છે દોષ ઢુંઢિયાનો અને વળી માથે પડે છે મૂર્તિપૂજક પર અને લખે છે કે આ પ્રશ્નકર્તા જ કુતર્ક કરે છે અને આવો જ કુતર્ક શ્રીમાન્ લબ્ધિસૂરિજીએ કરેલ હતો જે જૈન સત્યપ્રકાશમાં પ્રગટ થઈ ગઈ છે આ મહાનુભાવોને એ પણ ખબર નથી કે કોઈ પણ સમજદાર મનુષ્ય ફોગટ પોપટ રટનરૂપ નામસ્મરણને ઉંચુ ફળ આપનાર નથી માનતા, ભાવથી જ કરેલું સ્મરણ જ ઉત્તમ કોટિનું ફળદાતા છે ઇત્યાદિ.

પહેલા તો આ કુતર્કનો પ્રશ્ન છે આ લખવું એ ગેરવ્યાજબી છે કારણ કે મૂર્તિપૂજકોનો આ પ્રશ્ન નથી પણ જવાબ છે કુતર્ક નથી પણ સુતર્ક છે પત્થરની ગાયનું દૃષ્ટાંત આપવાવાળા ઢુંઢિયા આજ સુધી આ જવાબથી ચૂપ થઈ જાય છે અને ન્યાયપ્રિય પણ ચૂપ થઈ જાય છે પરંતુ કુમાર્ગના રાગથી રક્ત થયેલા રતનલાલજી એકદમ માને એવા વ્યક્તિ

નથી. તેઓએ તો આ વિષય પર કુતર્ક લગાડી શરૂ કરીને બે પાના લખી નાંખ્યા છે તેઓ કહે છે કે ફોગટ પોપટ રટનનામ સ્મરણ ફળદાયક નથી પરંતુ ભાવયુક્ત. વાહ ? કેવી ચાલાકી કરે છે હે ભાઈ ?અમો પણ ભાવ વગરની અજ્ઞાન પૂજાને ફળદાયક ક્યારે'ય નથી માનતા, ભાવયુક્ત વીતરાગના જ્ઞાનવાળા મૂર્તિમાં મૂર્તિમાન્‌ની પૂજા સમજીને, પૂજા કરવાવાળાને જ તે પૂજા ફળદાયક માની છે નામ અને મૂર્તિ બેઉ મંજૂર હોવાથી અમારૂં કાર્ય ડબલ સિદ્ધ થશે. જેનું નામ પૂજ્ય છે. તેની મૂર્તિ પણ પૂજ્ય છે આ સીધો ન્યાય છે. પૂજામાં હિંસાનો ખ્યાલ કરી તેનો કાયદુષ્પ્રણિધાન સિદ્ધ કરશો તો નામરટણમાં પણ વાયુકાયની હિંસા હોવાથી વચનદુષ્પ્રણિધાન પણ સિદ્ધ થશે ભગવાનની આજ્ઞામાં દુષ્પ્રણિધાન છે જ નહીં અને આવું માનશો ત્યારે તો તમારા સાધુ વિહાર પણ નહીં કરી શકે. નદી પણ નહીં ઉતરી શકે, તમો વ્યાખ્યાન સાંભળતી વખતે તેઓના રાગડા (જોરથી ગાતા)ના અવાજથી કાનનો અને સ્ત્રીઓનો સમૂહ આવતા જતા દેખાવાથી નેત્રના વિષયનું પોષણ થવું, લાડુ બધાને વહેંચાય છે ત્યારે જીભના વિષયનું પોષણ, આવા અનેક સંયોગોના કારણે સ્પર્શેઇન્દ્રિયના વિષયનું પોષણ થવું સંભવ છે. કહોને ગુરુના વશથી વચનયોગથી આ બધું બન્યું ત્યારે તો વાક્‌દુષ્પ્રણિધાન મનઃદુષ્પ્રણિધાન અને ચાલીને જવામાં કાયદુષ્પ્રણિધાન હોવાથી ગુરુ પાસે જવામાં ત્યારે ઘોર પાપ

બાંધશોને ? અથવા નહીં તો, પ્રભુ મૂર્તિના શત્રુ બનીને ત્યાં શા માટે કુતર્ક કરો છો, યાદ રાખજો નામથી મૂર્તિના વધારે ગુણ છે. આ વિષય અમો આગળ લખી ગયા છીએ અને પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનો આશય (અભિપ્રાય) સમજવા માટે બીજી વાર બીજા વિદ્યાલયમાં દાખલ થવું પડશે અને દ્રવ્યસ્તવ શું છે અને ભાવસ્તવ શું છે ?

પેજ નં ૭૭-૭૮માં ભૌગોલિક નકશાનો વિષય લીધો છે. પરંતુ સ્વયંનો વિચાર બરાબર સિદ્ધ કરી શક્યા નથી વિદ્વાન્ોને તરત જ ખબર પડી જાય છે કે આનાથી તો મૂર્તિનું જ મંડન થાય છે આ વિષયમાં તો સાક્ષાત્ મહાવીરપ્રભુનું પણ જ્ઞાનપ્રદત્વનો નિષેધ દેખાય છે સમજદારને લાભ બતાવેલો છે આ વાત અમોને પણ માન્ય છે અમો પણ મૂર્તિ દ્વારા મૂર્તિમાન્ની સેવા સમજીને તેઓના ગુણોનો આદર અનુકરણમાં સાધન માનવાથી જ મૂર્તિપૂજા સફલ છે એવું માનીએ છીએ કોઈપણ સમજદાર મૂર્તિ ઉપર કુદી પડતો નથી એટલે જ આ વિષય સર્વથા જ ખરેખર અર્થ વગરનો હોવાથી ઉપેક્ષા કરવા યુક્ત છે. આ પ્રમાણે જ સ્થાપના સત્યને પણ ઊંધી રીતે જાહેર કરેલું છે કારણ કે સ્થાપના ભાવની અપેક્ષાએ કરેલી છે તેને પણ સત્ય માનવી જેમ લાકડીનો ઘોડો બનાવીને રમતા એવા બાળકોની આગળ, તારા ઘોડાને આ બાજું હટાવ એવું બોલવું જોઈએ. નહીં કે તારી લાકડીને હટાવ, અહીંયા સ્થાપના સત્યનો બરાબર

અર્થ નીકળે છે આ પ્રમાણે જેની મૂર્તિ હોય તેને માનવી અર્થાત્ મહાવીર પ્રભુની મૂર્તિને મહાવીર સમજવું આનું નામ સ્થાપના સત્ય છે અને આ સિદ્ધાંતને ઢુંઢક સમજવાળા સમજશે ત્યારે પારસ્પરિક કલહ ક્લેશ દૂર થવાથી શાસનની શોભા વધશે. અને આપનું બળ ડબલ થશે અને અમો અને તમો એક રસ્તા પર આવી જઈશું જે સીધો મુક્તિને મળે છે.

પેજ નં ૮૦-૮૧માં નામ નિક્ષેપાને અવંદનીય બતાવતા એવા ફક્ત સ્વયંની અજ્ઞાનતા સાબિત કરેલી છે. ભાવનું સ્વરૂપ દ્રવ્યનામ અને સ્થાપનામય છે. પદાર્થએ જુદો નથી એટલે જે પદાર્થ વંદનીય છે તે તેનાથી કથંચિત્ જુદા તેના પર્યાયો પણ વંદનીય હોય છે. નામપર્યાય મહાવીરના વંદનીય છે. નહીં કે કુંભારના પુત્રના, કેમ કે જેનો ભાવ વંદનીય છે. તેનું નામ વંદનીય છે એટલે જ આ વિષયના કુતર્ક બધા જ નિરર્થક છે. આ વિષયનો વિસ્તાર વિશેષાવશ્યકથી જાણી લેવા જેવો છે. પેજ નં ૮૨ થી ૮૪માં શ્રીમાન્ રતનલાલજી કહે છે. સાકરના રમકડા અમો ખાતા નથી. આવું લખીને કહે છે કે રમકડાને કોઈ ખાય અથવા તોડી નાંખે તો તે સ્થાપનાનિક્ષેપાનો ભંગકર્તા થાય છે. અમો પૂછીએ છીએ કે જ્યારે તે અચિત્ત જ છે ત્યારે લાડુ તોડો છો, રોટલી તોડો છો, તો પછી આને તોડો તો શું વાંધો ? કહેશો કે તે સ્થાપના છે એટલે નહીં તોડી શકીયે, તો તમોએ જે ઘોડા-ગાય-ભેંસ આદિના જે તે આકાર છે તેનો કાંઈને કાંઈ

રમકડા સાથેનો સંબંધ માન્યો રમકડામાં જેની આકૃતિ છે તેનો સંબંધ માનીને તેનું ભક્ષણ આદિ વ્યવહાર બંધ રાખવાથી હિંસાથી બચો છો અને સ્થાપના સત્ય માનીને પ્રભુની આજ્ઞા પાળો છો, આમ જ છે તો તમો પ્રભુની મૂર્તિમાં પણ પ્રભુનો સંબંધ માનીને તેનો પણ આદર સત્કાર કરો તો જે અંશમાં વિરાધક બનો છો, તે અંશમાં પણ આરાધક બનીને સ્વયનું કલ્યાણ કરી શકો છો. હવે બતાવો ! ત્રણ વર્ષનો કલ્લુ તેના નાના ભાઈ તમો બન્યા કે અમો ! મારા વડે લખાયેલ રમકડાની દલીલ તમોને આશ્ચર્યકારી લાગે છે આનો પણ મતલબ તમારી આંખો ઉપર પક્ષપાતના ચશ્મા પહેર્યા છે તે ઉતારી દેશો તે તમોને અમારી વાત સાચી (યથાર્થ) ખબર પડશે, કારણ કે રમકડામાં સ્થાપના સત્ય માનવાવાળાને પ્રભુમૂર્તિમાં સ્થાપના સત્ય માનવાની જરૂરત છે. અને સ્થાપના સત્યનો અર્થ આ જ થાય છે કે જેની સ્થાપના છે તેનો તેની જોડે કાંઈક સંબંધ છે અન્યથા સ્થાપના સત્ય કહી નહીં શકો. સ્થાપના સત્ય માનવું અને પૂજયની સ્થાપનાવાળાનો આદર કરવાવાળાને નાના બાળક સમજવું આ તો તમારૂં જ બાળકપણું છે. શાસનદેવ તેને દૂર કરીને તમોને યુવાનીમાં લાવે "જિણ પડિમા જિણ સારીખી" આ પ્રમાણે રાયયપસેણીનો આધાર લઈને મૂર્તિનો પૂજા-સત્કાર મનાય છે. આગમવાદ છે. માટીની રોટી અને પત્થરની બદામ આદિ ખાવાનો આગમવાદ નહીં પરંતુ અજ્ઞાનવાદ

છે. આ વાતને નહીં સમજતા એવા ફોગટમાં હઠવાદ પકડીને શા કારણથી દુર્ગતિનો રસ્તો લઈ રહ્યા છો ! પણ હવે વિચારો નહીં તો પાછળથી પસ્તાવું પડશે. શાસનદેવ સદ્‌બુદ્ધિ આપે અને તમારૂં કલ્યાણ કરે.

પેજ નં ૮૫ થી ૯૩ સુધીમાં પતિનું ચિત્ર અને સ્ત્રીનું ચિત્ર અને સાધુ આ બે વિષયો ઉપર વિવેચન કરીને ભોળી જનતાને શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવાનો પૂરો પ્રયત્ન કર્યો છે. શ્રીમાન્ રતનલાલજી લખે છે કે ચિત્રથી વિધવા બહેનો સધવાપણાનો અનુભવ કરતી હોય ત્યારે તો મૂર્તિ પૂજા પણ માનનીય હોઈ શકે છે દેખો ! કેવી પક્ષપાતવાળી વાત છે. આવી વાતોથી ભોળી જનતા શ્રદ્ધાથી ભ્રષ્ટ બને આમાં જરા પણ આશ્ચર્ય નથી. હાં કોઈ બુદ્ધિશાળી મળતો તો તરત જ કહી દેતો કે વિધવા સ્ત્રી સ્વયંના પતિનું નામ લે તો શું સધવા થઈ જશે ? કદી નહીં તો પછી પ્રભુનું નામ પણ શા માટે લો છો ? તમારી દલીલથી તો તમો જે મૂર્તિને છોડો છો તો તેઓનું નામ પણ છોડી દેવું પડે કારણ કે નામ લેવાની સાથે પણ પ્રભુ હાજર થતા નથી, આનાથી તો તમારે મુંગા જ બનીને બેસવું પડશે, ક્યારેક કહેશો કે તમો પૂજા કરો છો અમો નામની પૂજા તો નથી કરતા ને ? આ કથન પણ ફોગટ છે કારણ કે "મહાવીરાય નમો નમઃ" ઈત્યાદિ નામના જાપમાં નમો નમઃનું યોજવું પણ પૂજા જ છે કદી કહેશો કે ફક્ત નામને માનવાથી અમો ફાયદો નથી સમજતા સાથે ભાવને

પણ લઈએ છીએ તો અમો પણ મૂર્તિમાં ભાવના આરોપથી જ ખરેખર ફલ સમજીએ છીએ ન કે મૂર્તિથી આ વાત તો ઉભયને માટે સમાન છે આગળ ચાલીને લખે છે કે સ્ત્રીના ચિત્રથી કામ (વિકાર) જાગ્રત થાય છે તે પ્રકારે જ પ્રભુમૂર્તિ જોવાથી વૈરાગ્ય પ્રાપ્ત કરવો અસંગત છે આ કહેવું પણ ઠીક નથી કારણ કે પ્રભુમૂર્તિથી અનંત આત્માઓ વૈરાગ્ય પ્રાપ્ત કરીને મુક્તિપુરીમાં બિરાજમાન થઈ ગયેલા છે. શ્રી શય્યંભવસૂરિ, શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિથી વિરક્ત થયા નાગકેતુઓ જિનમૂર્તિની પૂજા કરતા કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું લાખો મૂર્તિપૂજકોનો અને અમારો આ અનુભવ પ્રમાણ છે કે પ્રભુમૂર્તિથી અમોને જરૂર જરૂરથી અત્યંત વૈરાગ્ય પ્રાપ્ત થાય છે માત્ર તમારો દૃષ્ટિ વિરોધ તમોને આ અનુભવથી વંચિત રાખે છે આમાં દોષ કોનો ? હાં સ્ત્રીચિત્ર અથવા સ્ત્રીનિરીક્ષણથી જેટલો કામવિકાર જલ્દીથી અને સ્પષ્ટ પણે ઉત્પન્ન થાય છે તેટલો સ્પષ્ટ અને શીઘ્ર નથી થતો, પરંતુ થાય છે ખરો અને આવા ભાવવાળાની સંખ્યા પણ ઓછી હોય છે કારણ કે વૈરાગ્ય થવો ક્ષયોપશમની વસ્તુ છે અને કામવિકાર ઔદાયિકભાવની વસ્તુ છે આ બંનેની પ્રાપ્તિમાં સમાનતા હોઈ શકતી નથી. આમ તો દુનિયાદારીની વાતોમાં સંબંધ જેટલો વિષય ભાવમાં ફસાવે છે. તેટલો મુનિઓની દેશનાથી વૈરાગ્ય નથી આવતો અને આવે તો હજારોમાં કોઈ કોઈને જ, તો શું પછી દેશના સાંભળવી છોડી દેવી ?

કદી નહી, તો પછી પ્રભુમૂર્તિ દર્શનના વિરોધી કેમ બનો છો ? ભવભીરુ (ભવથી ડરો) બનો અને બીજા ભવોમાં શું હાલ આપણા થશે એ વિચાર કરો, ફોગટમાં મૂર્તિને તોડો છો એટલે આ બધાનો વૈરાગ્યજનક નથી આદિ કુતર્ક લગાડીને સ્વયંના આત્માને શું કામ દુર્ગતિમાં પડવા દો છો ? શું રાગ ઉત્પન્ન કરવાવાળી સ્ત્રીની મૂર્તિઓને અને સ્ત્રીઓને તોડવાવાળા, ફોડવાવાળા અને જીવથી મારી નાંખવાવાળા નથી મળતા શું ? મળે છે તો પછી તેનો રાગ પેદા કરવો તો સંશય વગર માની લીધો છે તેનો બચાવ કેવી રીતે કરશો ? શું તેનો બચાવ છે તો પછી પ્રભુમૂર્તિને તોડવા-ફોડવાવાળા આપત્તિનો પણ બચાવ જરૂર છે ભક્તોને વૈરાગ્ય પેદા કરે છે. અભક્તોને રોષ, આમાં તમારૂં જ ખરેખર ઉદાહરણ બસ છે. કોઈપણ વસ્તુ એક જ ધર્મવાલી હોઈ શકતી નથી.

પેજ નં ૯૪ થી ૯૭માં હુંડી અને નોટનો ભાવ નિક્ષેપ લખીને સ્વયંની બુદ્ધિની કિંમત કરી છે. અનુયોગદ્વારસૂત્રના જાણકાર અક્ષર અને કાગળના સંયોગથી રૂપિયાની સ્થાપના જ મનાશે, ભાવ ક્યારેય કહી શકાતો નથી. રૂપિયાના હિસાબથી તે બંને સ્થાપના છે અને હુંડી અને નોટના રૂપમાં તે ભાવ છે આ ભેદને સમજ્યા સિવાય કોઈના સંશયનો છેદ કરવા તૈયાર થઈ જવું તે મૂર્ખાઈ છે.

પેજ નં ૯૮માં પરોક્ષવંદના પ્રકરણમાં આડું-અવળું ખંડન કરેલું છે પેજ નં ૯૯-૧૦૦માં સ્થાપનાનું ખંડન કરેલું છે,

આ પણ એક પ્રકારનો ઉન્માદ જ ખરેખર છે પહેલા તો સ્થાપના સત્યનો સ્વીકાર કર્યો છે. અને અહીં આવીને ફરી જાય છે. "ગુરુ વિરહમ્મિ ગુરુ ઠવણા" આ પૂર્વધરોના વચનોનું અનાદિકાળથી આદર કરવાનું ચાલે છે માત્ર મૂર્તિનિંદક લોપવાવાળાઓએ જ ખરેખર આનો લોપ કર્યો છે આ વિષયમાં વિશેષ લખવું એ પિષ્ટપેષણ કરવા જેવું છે.

પેજ નં ૧૦૧ થી ૧૦૩ સુધીમાં દ્રવ્યનિક્ષેપને અવંદનીય સિદ્ધ કરવા માટે દલીલો આપી છે તે પણ પોકળ જ ખરેખર છે કારણ કે તીર્થંકર ભગવાનની દાઢાઓની પણ પૂજા થાય છે અને ભગવાન જન્મે ત્યારે તીર્થંકર દ્રવ્યનિક્ષેપ જ છે. મેરૂપર્વત ઉપર ચોસઠ ઈન્દ્રો મળીને અસંખ્ય દેવોની સાથે પૂજા-સ્તવના અને ભક્તિભાવના કરીને સ્વયંનું કલ્યાણ કરે છે. ભરત મહારાજા એ મરિચિને ભવિષ્યના તીર્થંકર સમજીને વંદન કરેલું હતું. આવી સેંકડો વાતો પ્રભુના દ્રવ્યનિક્ષેપની વંદનીયતા બતાવે છે. તીર્થંકરોના જનક-જનની (પિતા-માતા)ને પણ ઈન્દ્રાદિ નમે છે આ વાતોથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે દ્રવ્યનિક્ષેપ જરૂરથી વંદનીય છે અને તીર્થંકરોના ચારેય નિક્ષેપા પૂજનીય છે. સાધુના ભાવનિક્ષેપ જ વંદનીય છે ત્યાં સાધુ અથવા બીજા હાલી-મવાલીના દાખલા આપવા ફોગટ છે. જિતાચાર શબ્દ લખીને અમારો છેડો છોડવા માંગો છો. પરંતુ છૂટી નહીં શકો, જિતાચારનો અર્થ કોઈ પણ પ્રકારે વિધિથી કમજોર નથી. પરંતુ મજબૂત વિધિનું

નામ છે એટલે દ્રવ્યનિક્ષેપ પણ સ્થાપનાનિક્ષેપની જેમજ સર્વથા માન્ય છે.

પેજ નં ૧૦૪ થી ૧૦૬ સુધીમાં ચતુર્વિંશતિસ્તવ અને દ્રવ્યનિક્ષેપના વિષયમાં લખે છે કે પ્રથમ જિનેશ્વરના શાસન આશ્રિત સંઘ આજની જેમ જ ચતુર્વિંશતિ સ્તવ કહેતા હતા આમાં કોઈ પ્રમાણ નથી, અમો પૂછીએ છીએ કે, નહીં કહેતા હતા તો તેમાં શું પ્રમાણ છે ? જયારે છ આવશ્યકમાં બીજું આવશ્યક ચઉવિસત્થો છે તો શું ૠષભદેવના સાધુને એકસત્થા, અજિતનાથજીના સંઘને બે સત્થા, સંભવનાથના સંઘને ત્રણ સત્થા કેવું ગડ-બડ અધ્યાય થઈ જશે ? હા ! અજ્ઞાનતાની પણ કંઈક સીમા છે ? છ આવશ્યકના નામ બધા તીર્થંકરના શાસનમાં એક સરખા જ હોવા જોઈએ આવા અજ્ઞાન લીલાધારીઓએ તો તેને બદલવાનો પ્રયાસ કર્યો છે, જેટલા થયા એટલાના જ નામ લેવાથી ૠષભદેવજીના સમયમાં ઉસભં અને અજિતનાથના વખતમાં ઉસભમજિઅં આ પ્રમાણે લોગસ્સનો પાઠ એક કડીનો, પાછળથી બે કડીનો પછીથી ત્રણ કડીનો કેવી પક્ષપાતતા ? સ્વયંની વાતની સિદ્ધિને માટે કેવી કેવી ખોટી કલ્પનાઓ ઊભી કરે છે તેઓને પૂછવાવાળા કોઈ એમ પૂછે કે હમણાં તો એક પણ ભાવ તીર્થંકર નથી, કારણ કે બધા સિદ્ધ થયેલા છે તો પછી લોગસ્સને જ ખરેખર ઉડાડી દેવો જોઈએ, ભૂતકાળમાં થયેલા જ નથી. તેનાથી દ્રવ્યથી તો આ કાળમાં

થઈ ગયા એટલે દ્રવ્ય. સમવસરણમાં બિરાજમાન થઈને દેશના આપતા હોય ત્યારે જ ભાવ કહી શકાય છે કારણ કે "ભાવ જિણા સમવસરણત્થા" આ પ્રમાણે પાઠ છે સિદ્ધિપુરીમાં ક્યાં સમવસરણ છે ? ઢુંઢિયાઓને આવી કુટેવ પડી ગઈ છે કે જ્યાં તેઓને વાંધો આવે ત્યાં તરત જ ખોટી કલ્પનાઓ ઊભી કરી દે. જેમ સિદ્ધોમાં પણ ભાવ અરિહંતની ખોટી સિદ્ધિ કરીને સ્વયંનો ઉલટો વિચાર સીધો કરે છે પરંતુ શાસ્ત્ર સિદ્ધાંતના જાણકાર તેઓના સાધુ પણ સમજી ગયા છે કે રતનલાલે આ ખોટી સિદ્ધિ કરી છે.

પેજ નં ૧૦૭ થી૧૧૦ સુધીમાં ભરતજીએ મરિચિને વંદન કર્યું આ વિષયને જુઠ્ઠો સિદ્ધ કરવાની કોશિશ કરી છે તે સૂર્ય ઉપર ધૂળ નાંખવાની કોશિશ જેવી કોશિશ છે. અર્થાત્ આવા ઉંધા લેખ લખવાથી સ્વયંના આત્માને મલિન કર્યો છે મરિચિના વંદનનો વિષય ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાં હોય ત્યારે તો લેખકની વાત ઠીક હતી પરંતુ નિર્યુક્તિઓમાં તથા વસુદેવહિંડીમાં જે આચાર્ય હેમચંદ્રાચાર્ય મહારાજથી સેંકડો વર્ષ પહેલાના છે. તેમાં આ વર્ણન આવે છે રતનલાલજીનો તો આ સિદ્ધાંત છે કે "માર બુધા કર સીધું" તમારા જુના લોકો પણ આ ભરતજીના વંદનનો પૂર્વમાં સ્વીકાર કરતા હતા પણ મૂર્તિપૂજકોના તરફથી આ દલીલથી મૂર્તિપૂજા સાબિત કરવા લાગ્યા ત્યારથી ઊંધા રસ્તે ચાલવા લાગ્યા છે ભરતજીની ભાવના ઋષભદેવ ભગવાન પાસેથી

સાંભળીને વંદન કરવા માટેની થઈ. આથી નેમિનાથ ભગવાન પાસેથી સાંભળીને બીજાને કૃષ્ણવંદનની કેમ નહીં થઈ ? આ પ્રશ્ન થઈ શકતો નથી રામચંદ્રને ભાઈનું કાલ્પનિક મરણ સાંભળીને લક્ષ્મણજીનું મરણ થયુ અને હજારો સ્વયંના ભાઈઓનું સાચું મરણ દેખીને પણ અન્યનું મરણ કેમ નથી થતું, કહેવું પડશે કે ભાવોની ભિન્નતા ત્યારે તો ઉપરમાં પણ આ સમજવું જોઈએ દ્રવ્ય અને ભાવમાં ભેદ નહીં માનવાવાળા કોઈ ઉલ્લુને કપડા અને દોરો, પાષાણ ટુકડો અને મૂર્તિ આદિ દૃષ્ટાંત સંભળાવીને ભલે તમો લોકોને ધોખામાં નાખી શકો પરંતુ તેઓના ભેદને સમજવાવાળા વિદ્વાનોની આગળ આ દાખલો અજ્ઞાનતાની લીલા હોય તેમ ખ્યાલ આવે છે સિદ્ધ થયેલા તીર્થંકર અને દ્રવ્ય નિક્ષેપાનો સામાન્ય જવાબ પહેલાના કથનમાં આવી ગયો છે કારણ કે સિદ્ધ પણ ભાવ અરિહંત હોય ત્યારે તો બે પદ જુદા માનવાની જ શું જરૂરત ? અને કોઈ સિદ્ધાંતથી પરિચિત મનુષ્ય આ કહી શકે જ નહીં કે સિદ્ધભાવ અરિહંત છે એથી દ્રવ્ય અરિહંત કહેવું પડશે. કારણ કે તીર્થંકરનો ભાવી પર્યાય સિદ્ધ અવસ્થા અને સિદ્ધ ભગવાનના ભૂત પર્યાય તીર્થંકર આ પ્રકારના સ્વરૂપમાં ભેદને ગ્રહણ કરવાવાળા સિદ્ધાંતવાદી, સિદ્ધાવસ્થામાં હોવામાં તીર્થંકરને દ્રવ્યનિક્ષેપ સંદેહ વગર સ્વીકારી શકે છે. માત્ર અજ્ઞાની જ ઉલ્ટી-સુલ્ટી વાતો બનાવીને નિક્ષેપના સ્વરૂપને વિપરિત વર્ણનથી સ્વીકારે છે દૃષ્ટાંત પણ

યુવરાજ, રાજા, યતિ, ગૃહસ્થી આદિના વિપરીત જ સ્વરૂપથી ઉલ્લેખ કર્યા છે જે સર્વથા ઉપેક્ષણીય છે.

પેજ નં ૧૧૧ થી ૧૧૪ સુધીમાં સાધુના મડદાને બહુમાન નામના પ્રકરણમાં પણ પ્રથમ (યદ્વા-તદ્વા) જેમ તેમ લખીને પછી પાછળથી લખે છે કે તે મડદાનો થોડા સમય પહેલા એક ઉચ્ચ આત્માથી સંબંધ રહેલો હતો તે આત્માનો જ બહુમાનના કારણે શરીરથી તે નીકળી ગયા બાદ પણ મદડાનું બહુમાન થાય છે. અહીયાં વાચક વર્ગે વિચારવું જોઈએ કે કેવી ચાલાકીથી સ્વયંનો બચાવ કરે છે જીવ નીકળી ગયા બાદ મડદાનું માન કહી શકાય છે તેમાં ચેતન હતું, ત્યારે હતું, હમણાં શું ? આ એક જુઠો બચાવ અને ચાલાકી જ છે કે અન્ય બીજું. ખાય છે જડ, પીવે છે જડ, સુવે છે જડ વસ્તુમાં, રૂદન કરે છે જડની પાછળ અને કહે છે કે અમો જડને નથી માનતા માત્ર મૂર્ખતા છે કે બીજું કંઈ ? યાદ રાખજો ભાવનિક્ષેપ દ્રવ્યાદિથી વિહીન બની શકતું નથી. શું વસ્તુ સ્વયંના સ્વરૂપ સિવાય રહી શકે છે ? ભાવથી વંદનના સમયમાં પણ નામ દ્રવ્ય સ્થાપના વંદનીય થઈ જાય છે એટલે તીર્થપતિના દ્રવ્યનિક્ષેપ હંમેશા વંદનીય છે ફક્ત અજ્ઞાની લોકોનું આ કથન છે કે તીર્થંકરોના પણ ફક્ત ભાવ જ વંદનીય છે પરંતુ આ ખરેખર જુઠ્ઠુ છે. પ્રભુના ચારેય નિક્ષેપા વંદનીય હોવા એ શાસ્ત્રસિદ્ધ છે.

પેજ નં ૧૧૫ થી ૧૨૦ સુધીમાં શું જિનમૂર્તિ જિનેશ્વર સમાન છે ? આ વિષયની ચર્ચામાં પણ સંપૂર્ણ અજ્ઞાનતા પ્રદર્શિત કરી છે ક્યાં શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ અને ક્યાં રતનલાલ, આ વાતનો ખ્યાલ તો તેને આવી શકે છે જે બંને ને જાણે છે એક તરફ હાથી અને બીજી બાજુ સસલું હોય એટલું અંતર છે. શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે "કલ્લાણં મંગલં દેવયં ચેઈયં" આ વાક્યનો જે અર્થ લખેલ છે તે અર્થમાં શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ જેવા પ્રખર વિદ્વાન્ નિષ્પક્ષ ટીકાકારોની સંમતિ છે અને હમણાં પણ નિષ્પક્ષ વિદ્વાન્‌ની સલાહ લેવાય તો તે જ અર્થ સાચો સાબિત થશે. રતનલાલજીનો લખેલ અર્થ તો બિલકુલ જુઠ્ઠો સાબિત થશે. આગળ વાંચો "ચૈત્યં સુપ્રસન્નમનો હેતુત્વાત્" આ લાઈનથી અર્થ બદલવા માંગે છે. પરંતુ બદલી શકતા નથી આથી તમારો જ્ઞાનવંત અર્થ સિદ્ધ કરવાનો જુઠ્ઠો મનોરથ સફળ થાય એ પ્રમાણે નહીં. અહીં તો અર્થ નીકળે છે કે પ્રભુમૂર્તિને ચૈત્ય કેમ કહેવાય ? તેમાં પ્રસન્ન મનનો હેતુ બતાવ્યો છે. આ વાતને રતનલાલજી સમજ્યાં નહીં અથવા તો ઈરાદાપૂર્વક ઉલ્ટો રસ્તો પકડ્યો છે. રતનલાલજીએ આ પ્રકરણમાં જે દાખલા આપી ને લેખનું કલેવર વધાર્યું છે તેના સન્નિપાતથી બડબડ કરતા એવા મનુષ્યને બકવાદ જેવો બકવાદ જ અમોને ખ્યાલ (ખબર) પડે છે ત્યાં અમો શું વધારે લખી શકીએ. રૂબરૂમાં મળીયે તો

જરૂરથી તેની મૂર્ખતા તેના ગળે ઉતારવાનો પ્રયત્ન કરાય આમની જેમ અમો અર્થ વગરનો લેખ વધારીને કાગળ કાળા કરવાનું નથી ઈચ્છતા.

પેજ નં ૧૨૧-૧૨૨માં સમવસરણ અને મૂર્તિના વિષયમાં ફક્ત નાસ્તિકતા જ બતાવી છે અમોએ આજ સુધી ભગવાનના ચાર રૂપ પણ નથી માનતા, અમોએ રતનલાલજીના આ પુસ્તકમાં આ વાત દેખી એટલે અમારે નાસ્તિક શબ્દનો પ્રયોગ કરવો પડ્યો છે. શ્રી હરિભદ્રીય આવશ્યક સૂત્રમાં ખાસ દેવતા પ્રભુના ત્રણ રૂપ બનાવે છે. આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. પ્રભુના સૂત્ર સિદ્ધ અતિશય ઉડી જાય. ભગવાનનો મહિમા જતો રહે અનાદિની રીતિ-નીતિ નાશ થઈ જાય, ઇતિહાસમાંથી જૈનોની પ્રાચીનતા નષ્ટ થતી હોય તો ભલે થાય પરંતુ મૂર્તિ નહીં માનવાનું ગધેડાનું પૂંછડું પકડ્યું છે. આ તેમની પક્કડ ન છૂટે, બસ આ એક સિદ્ધાંત રતનલાલજીએ પકડ્યો છે જ્યાં મૂર્તિ સિદ્ધિનો પ્રસંગ આવે ત્યાં તરત જ કહી દે છે કે આ વાત આગમમાં છે નહી આનું કોઈ પ્રમાણ નથી. જેમ દર્પણમાં મોઢું દેખાય છે, તેમ સમવસરણમાં કોઈ ચીજ હશે, જેથી ચાર મોઢા દેખાય, ચાર રૂપ નહીં, ચાર રૂપ માને તો મૂર્તિ પૂજાની વાત ગળે પડી જાય એટલે રૂપ નહીં, પરંતુ મોઢા હતા આ પ્રમાણે બોલવાવાળાને એટલું પણ ભાન નથી કે ધડ સિવાય મોઢું કેવી રીતે હોઈ શકે, રાવણની વાત અહીયાં લાગુ ન થઈ

શકે એ એક લાઈનની વાત છે અહીંયા ચારે દિશામાં દેખાય છે તેની વાત છે આમાં ખાંચખૂચની કોઈ વાત લાગુ પડતી નથી કારણ કે ચારે દિશામાં એક તરફના મુખ જેવું બીજા માણસોને દેખાય એ ચાર રૂપ સિવાય શક્ય નથી, ભામંડલથી પણ દેખવાની શક્યતા નથી ભામંડલથી એક મુખ દેખવામાં પણ પાછળ બેસવાવાળાને આવરણ થાય છે અને તીર્થંકરના સમવસરણમાં ચારે બાજુ સભા બેસે છે જેમાં વિદિશા પણ ખાલી હોતી નથી, હવે ચાર મુખ સિવાય સાંભળવાવાળાને કેવી રીતે આનંદ આવી શકે આ બધી વાતોનો વિચાર કર્યા સિવાય જ રતનલાલજી એ ગપ્પા લગાવી દીધા છે. જે સર્વથા વિધિને પ્રતિકૂલ છે.

પેજ નં ૧૨૩ થી ૧૨૭માં શું પુષ્પોથી પૂજા પુષ્પોની દયા છે ? આ વિષયમાં રતનલાલજી લખે છે કે જે લોકો હિંસા કરીને તેમાં ધર્મ માને છે તેઓને યજ્ઞમાં થતી હિંસાને હેય કહેવાનો શું અધિકાર છે ? અહિયાં રતનલાલજીનો પક્ષપાતનો પારો ૧૦૮ ડિગ્રી ચઢી ગયો છે. એવું દેખાઈ રહ્યું છે ક્યાં તે પુષ્પ અને ક્યાં અગ્નિમાં નાંખતા એવા તડપતા એવા પંચેન્દ્રિય જીવ, ભગવાન પર જે પુષ્પ ચઢાવાય છે. તેની દયાનો ખ્યાલ તો ત્યારે આવે કે જ્યારે પક્ષપાતનો ઉછાળતો એવો પારો નીચે ઉતરે અમારા વાચકવર્ગને ખ્યાલ રહે કે અમારે ત્યાં અખંડ ફૂલ ચઢાવવાની વિધિ છે. તેની માળા પણ વિવેકથી દોરાની ગાંઠ આપીને બનાવવી જોઈએ.

પરંતુ સોયથી છેદીને નહીં, દેખો તે ફૂલ કોઈ ભોગીની પાસે પહોંચી જાય તો ત્યારે આગમાં નાંખીને તેનું અત્તર કાઢે છે. ભગવાનની ભક્તિમાં મંદિરની શીતલ છાયામાં અખંડપણે પ્રભુના ગળામાં માર્બલની શીતલ મૂર્તિ પર આરૂઢ થઈ જાય, ક્યાં આગમાં બળવું ? અને ક્યાં ભગવાનના કંઠ ઉપર અથવા મુગટ ઉપર અવ્યાબાધ રહેવું ? બેવકુફ થી બેવકુફ પણ સમજી શકે છે કે પુષ્પોની પ્રભુ પૂજા દ્વારા પૂરી દયા થઈ છે અથવા અત્તર ન પણ કાઢે તો પણ ભોગી તેને સુંઘશે, મસળશે, માળા બનાવીને ગળામાં નાંખીને ઉંઘમાં તેને દબાવીને પીડિત કરશે. આ બધા દુઃખોથી બચી ગયેલા ફૂલની દયા ન માનવી અને યજ્ઞમાં હોમાતા જાનવરોની બલિની ઉપમા લગાવવી તે પૂરેપૂરી નાલાયકીનું કામ છે, હા ! મિથ્યાત્વ ! તું પ્રાણીઓની દૃષ્ટિને કેવી બદલી નાંખે છે જેને ઘોડા પણ ગધેડા દેખાય છે. યજ્ઞના બહાર હિંસાના ત્યાગી હોય તે પણ જીવોને યજ્ઞમાં હોમવાના સિદ્ધાંતવાળા છે તેઓનું ત્યાગી સંન્યાસી પણ યજ્ઞમાં તૈયાર કરેલ માંસ ન ખાય તો કેટલાક જન્મો સુધી તેને જાનવરનો અવતાર લેવો પડે છે અને મૂર્તિપૂજા કરવાવાળાને આ માન્યતા નહીં, સાધુ થયા બાદ તે પૂજાનો સર્વથા નિષેધ છે. શ્રાવકની છેલ્લી પ્રતિમા વહન કરવાવાળા સાધુની માફક ભગવાનની મૂર્તિના દર્શન-વંદન-નમનથી પ્રસન્ન રહે છે, દ્રવ્યપૂજા નથી કરતા અહીં આ વિચારવું જોઈએ કે વૈદિક હિંસા અને પૂજાની

હિંસામાં આકાશ-પાતાળનો ફરક છે. આ વાત રતનલાલજીને મિથ્યાત્વનું પડલ છે. માટે દેખી શકતા નથી આમાં કોનો દોષ ? તેઓના કર્મનો જ દોષ છે. જે જિનેન્દ્રપૂજાની સ્વરૂપ હિંસાને અનુબંધ હિંસાની સાથે જોડી દે છે. ક્યાં ગધેડો અને ક્યાં ઐરાવત હાથી જ્યાં બુદ્ધિ ઉપર પક્ષનો પડદો પડેલો હોય તો ત્યાં આ ભાન નથી રહેતું કે મારા લેખથી સંપૂર્ણ અસત્યનું પોષણ થઈ રહ્યું છે અને હું આવી જુઠ્ઠી વાતોથી રસાતલ (પૃથ્વીઅંદર)માં જતો રહું છું શું તમારા ગુરુ વિહાર નથી કરતા ? શું તેમાં વાયુ-જલ આદિની હિંસા થાય છે કે નહીં ? તમો એમ કહો કે ત્યાં તો આજ્ઞા છે માટે પાપ નહીં, તો સમજવું જોઈએ કે પ્રભુપૂજાને માટે પણ બૃહત્ભાષ્ય, મહાનિશીથ આદિ અનેક સૂત્રોની શ્રાવકોને માટે દ્રવ્યભાવ અને સાધુને માટે ભાવપૂજાની આજ્ઞા છે "આણાએ ધમ્મો" વાક્ય સમજવાવાળાને પ્રથમ આજ્ઞાનો (પરિસ્ફોટ) વિસ્તાર કરવો જોઈએ તમારા ગુરુ તો વાયુ અને જલ આદિના અસંખ્ય જીવને મારવાવાળા છે. અને પુષ્પમાં તો "એગ શરીરે એગો જીવો"ના હિસાબથી પચાસ-સો-બસો આદિ પર્યાપ્તિની ગણત્રી થશે. અને તમારા ગુરુઓએ કરેલી હિંસા અસીમિત (સીમા વગરની) છે. વાયુ જલાદિના અસંખ્યાત પર્યાપ્તાનો વિનાશ છે. તમો ત્યાં ધર્મ માનો છો, તો અહીયાં કેમ નહી ? અને અહીં નહી તો ત્યાં કેવી રીતે ? અને યજ્ઞનું દૃષ્ટાંત ત્યાં કેમ નહીં ?

પેજ નં ૧૨૮ થી ૧૩૨ સુધીમાં "કિત્તિય વંદિય મહિયા"નો વિષય લઈને મનઃ કલ્પિત અર્થ કર્યો છે. મહિયાનો અર્થ મન દ્વારા પૂજા કરવી એમ લખ્યું છે પુષ્પથી પૂજાનો અર્થ કરવામાં શાસ્ત્રનો સહારો હતો તે પણ ગુમાવી દીધો અને મિથ્યાત્વની પુષ્ટિ કરી છે. મહિયાનો અર્થ મૂર્તિની નજદિક નહીં જવું આ પ્રમાણે કર્યો હોત તો પણ તેઓને કોણ રોકવાવાળું હતું ? વીતરાગની પુષ્પાદિથી પૂજા કેમ ? તેઓ તો વીતરાગ છે તો પછી તેઓને મંદિરમાં પણ કેમ રાખવાના ? તેઓએ તો ઘર પણ છોડી દીધું હતું જંગલમાં રહેતા હતા અને તેઓની દેવતાઓ સમવસરણથી ભક્તિ કેમ કરતા હતા ? તેઓને રત્ન-કનક-ચાંદિના ગઢ કેમ ? ભામંડલ કેમ ? આ બધાથી વીતરાગતામાં વાંધો નથી આવતો તો પછી પુષ્પ પૂજાથી ક્યાંથી વાંધો આવશે, અને એક યોજન ભૂમિના મેદાનમાં ઝાડઝુડ આદિને કાપીને સાફ કરવામાં અનુબંધ હિંસા થતી નથી કારણ કે જો હિંસા થતી હોત તો સ્વયં વીતરાગ પાપકારી સમવસરણને મંજુર જ ન કરતે, પરંતુ મંજુર કર્યું છે અને આ ભક્તિને મુક્તિ આપવાવાળી કહી છે એટલે સમવસરણની રચના શુભકારિણી છે. ત્યારે પ્રભુપૂજાના શત્રુ ધર્મના નાશક, મૂર્તિ ઉત્થાપકોને પૂજામાં શું વાંધો લાગે છે ? કે પાનાભરીને પાના કાળા કરી નાખ્યા છે શ્રી વિજયાનંદસૂરીશ્વર એવા ધન્યનામના વચનમાં જરા પણ વિરોધ નથી જીવ અદત્ત સંસારના કાર્યમાં લાગે છે ન કે

પ્રભુપૂજા રૂપ પ્રભુની આજ્ઞા પાલનમાં અને જો આ પ્રકારે હિંસા અને જીવ અદત્ત લાગતું હોય તો ત્યારે તો તમારા ગુરુઓને પણ વિહાર કરવાથી વાયુ-જલાદિના અસંખ્ય અને અનંત જીવોની હિંસા અને તે તે જીવોના અદત્ત દેહના નાશથી અદત્ત લાગશે એમ કે ત્યાં નહીં તો અહીયાં પણ નહીં, મહિયા શબ્દનો અર્થ પુષ્પથી પૂજિત હોય તો પણ સાધુને દ્રવ્યપૂજાની અનુમોદનામાં વાંધો નહીં, કારણ કે કાઉસગ્ગમાં પૂઅણવત્તિઆએ પાઠ બોલીને કાઉસગ્ગ કરીએ છીએ ત્યાં પણ પૂજાની અનુમોદના જ અર્થ છે. કરવું નહીં, કરાવવું નહીં અને અનુમોદના નહીં, અહીયાં પણ બધા પાપોને માટે આ નિયમ છે સમકિતની કરણીરૂપ, પ્રભુપૂજાની અનુમોદનાની આજ્ઞા છે. શ્રાવકને કરવું, કરાવવું અને અનુમોદનાની આજ્ઞા છે. સાધુને ત્યાં ત્રિકરણથી નહીં, અનુમોદના ખુલ્લી છે જે તે પણ બંધ થઈ જાય તો સમકિતને પણ ગુમાવી બેસે છે તો પછી "મૂલં વિના કુતઃ શાખા"ના નિયમથી ચારિત્રથી પણ ભ્રષ્ટ થઈ જાય છે. શ્રદ્ધા વિનાનાને ચારિત્ર હોઈ શકતુ જ નથી તો પછી બધા લાભ નાશ થાય છે એટલે "કિત્તિય વંદિયમહિયા"ના અર્થમાં પણ ધોખાબાજી છે અને લાખો જીવોને શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવાવાળુ આ પ્રકરણ પણ જુઠ્ઠી વાતોથી ભરેલું પડ્યું છે શ્રદ્ધાલુ સજ્જનો માટે સર્વથા સામાન્ય છે.

પેજ નં ૧૩૩ થી ૧૩૫ સુધીમાં જિનેશ્વરપ્રભુએ પ્રરૂપેલ ક્રિયાઓને આવશ્યક બતાવી છે એવી રીતે પ્રભુપૂજા આવશ્યક

છે. શ્રાવકોને બંને પ્રકારની પૂજા અને સાધુઓને ભાવપૂજા અવશ્ય કર્તવ્ય છે. જેમાં પહેલા હિંસા દેખાય છે. પરંતુ અનંત જીવોની તેમાં સદાને માટે દયા હોય છે. કારણ કે સમકિતદાતા આ પૂજન ઓછા સમયમાં મુક્તિને આપનારૂ થઈ જાય છે અને મોક્ષમાં ષડ્જીવનિકાયનો સર્વથા આરંભ-સમારંભ અને સંકલ્પ હટી જવાથી અનંત લાભ થઈ જાય છે.

પેજ નં ૧૩૬-૧૩૭માં લખેલી વાતો એક તરફી છે અને તેનો જવાબ પહેલા આવી ગયો છે. પિષ્ટપેષણ નથી કરતા પણ આટલું લખવું બસ છે કે સાંસારિક કાર્યનો મોહ જનક આરંભ છે અને પ્રભુ પૂજામાં ધર્મજનક છે કોઈપણ વ્યાપારીને વ્યાપારમાં પહેલા રકમ રોકવી જ પડે છે. પરંતુ લાભ કઈ ગુણો અધિક થવાથી રકમ રોકવી એ સફળ કહેવાય છે. એવી રીતે પૂજામાં અનર્ગલ (ઘણાં) લાભના કારણે થોડો આરંભ કરવો પડે છે અને આ છોડી દેવાથી શ્રદ્ધા ભ્રષ્ટ બનીને સ્વયંની કલ્પનાથી પાળેલ દયા સંસારના ઊંડા ખાડામાં ધકેલે છે. ગૃહસ્થ સંબંધી હિંસા સંપૂર્ણ નુકશાનવાળું સ્થાન છે. અને ધર્મમાર્ગમાં કરેલી ક્રિયા મોક્ષ સુધી પહોંચાડવાવાળી છે. સૂક્ષ્મ વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે સ્વયંના ભોગના કારણે અનંતજીવોનો નાશ કરવાવાળા, ભગવાનની પુષ્પાદિ અષ્ટદ્રવ્યથી પૂજા કરવામાં ભડકે છે (ડરે છે) તે પૂરા અજ્ઞાની છે. અને અનાદિથી

ચાલી આવતા જિનેશ્વર ભગવાનના સત્ય માર્ગના લોપક છે. અને સ્વયંના આત્માનું અધઃપતન કરવાવાળા છે તેઓને ઢુંઢિયા ધર્મ છોડીને તેરાપંથી બનવામાં વાંધો આવે છે તે લોકો તો તમારાથી પણ વધારે દયા-દયા પોકારે છે પરંતુ કહો કે તેઓ એ દયાનું સ્વરૂપ નથી સમજ્યા તો તમો પણ ક્યાં સમજ્યાં છો ? તેઓએ દયાના નામથી દયા-દાન છોડી અને તમોએ પ્રભુપૂજા છોડી અમોને તો "રબને મિલાઈ જોડી એક આંધળો એક કોડી" કુદરતે મીલાયી જોડી એક આંધળો અને એક પાંગળો (ધનવગરનો) જેવો આ મામલો દેખાય છે.

ડોકટર અથવા ખૂની, ન્યાયાધીશ અથવા અન્યાય પ્રવર્તક નામના બે વિષયને લખીને માત્ર સન્નિપાતમાં મનુષ્ય બકવાદ કરે એ પ્રમાણે જ બકવાદ કરેલો છે. બંને પ્રકરણો અનભિજ્ઞતા ઉપર મોટું દુઃખ થયું કોઈ શાસ્ત્રજ્ઞ, મૂર્તિપૂજક, ડૉક્ટર અને ન્યાયાધીશનો દાખલો આપી જ ન શકે તો પછી આવા કલ્પિત પ્રશ્ન ઊભા કરીને જવાબ આપવા માંડવો અને આવી બનાવટી (ખોટી) વાતો બનાવીને સ્વયંના મિથ્યાત્વો-દયરૂપ સન્નિપાત જાહેર કરવાથી શું ફાયદો ? હાં ! મૂર્તિપૂજકના મન્તવ્ય અનુસાર પ્રશ્ન લખેલા હોત તો તેઓના જવાબ પાછળના પ્રકરણોની માફક જરૂર આપત, પરંતુ આ બંને પ્રકરણોમાં કલ્પનાના કાગળના ઘોડા દોડાવ્યા છે. એટલે "બાશદ ખામોશી જાહિલે જવાબ" ખામોશી રાખવી જવાબ

ન આપવો એવી કહેવતના અનુસાર તે પ્રકરણોને ઉપેક્ષણીય (છોડવા યોગ્ય) સમજીએ છીએ.

પેજ નં ૧૪૬ થી ૧૭૯ સુધીમાં શું ૩૨ મૂળમૂત્રના બહારનું સાહિત્ય માન્ય છે ? આ વિષયમાં સ્વયંનો આ આશય જાહેર કર્યો છે કે અમારી શ્રદ્ધા અનુસાર અગ્યાર અંગ અને બીજા એકવીશસૂત્ર એમ બત્રીશ સૂત્ર જ પૂર્ણરૂપથી વીતરાગના વચનોથી અબાધિત છે. અહીંયા અમો સજ્જનોને જાણ કરવા માંગીએ છીએ કે આ પણ તેઓનું કહેવું વ્યર્થ (ફોગટ) છે. બત્રીશસૂત્રમાં જ્યાં જ્યાં મૂર્તિની સિદ્ધિ છે ત્યાં ત્યાં અગડં બગડં આમ-તેમ જ અર્થ કરે છે અને સ્વંયની અભિનિવેશિકતા જાહેર કરે છે. બત્રીશને માનીએ છીએ એમ કહેવું અને બત્રીશની અંદર નંદીસૂત્રમાં લખેલા નામવાળા સૂત્ર હયાત હોવા છતાં પણ ન માનવા અહીયાં સ્પષ્ટ ચોરી પકડાઈ જાય છે કે નવો કુપંથ ચલાવવો હતો એટલા માટે બીજા-બીજા સૂત્રોને છોડીને બત્રીશસૂત્ર માનવાની હઠ પકડવી અને તે સૂત્રોની ટીકા નિર્યુક્તિયો મૂર્તિપૂજાના વિષયને પુષ્ટ કરવાવાળી જે તેઓના જન્મના કેટલી સદીયો પહેલાની ટીકા આદિ બનેલી છે. તેને પણ અપ્રમાણિક કહેવી જે આ જૈનમતમાં કુલિંગધારી ઢુંઢિયાઓની નાલાયકતા છે. શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વજી મહારાજ ટીકાઓનો વિચ્છેદ, શ્રી દેવર્દ્ધિગણિ મહારાજની સમય સત્તામાં ટીકાઓ હતી તે અપેક્ષાથી કહે છે પરંતુ તમારા સમૂર્ચ્છિમ મતથી તો કેટલાય

સદીયો પહેલાની આ બધી ટીકાઓ છે તેને કેમ છોડી ? કહેવું પડશે તમારા કુમતની જડ ઉપાડવાવાળી આ ટીકાઓ હતી એટલે જ તમો અપ્રમાણિક કહો તમારી આ વાતને તમારા અનુયાયી સિવાય કોણ માની શકે છે.

પૂ. શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે સંઘની વ્યવસ્થા કેવી હોવી જોઈએ આ વિષયમાં જે કાંઈ સામગ્રી બતાવી છે. તે પૂર્વ શાસ્ત્રાનુસાર છે. આમાં તમો એ ઈન્દ્રિયનું પોષણ માન્યું એ તમારી દુર્બુદ્ધિ છે. સાધર્મિકબંધુઓની ભક્તિ કરવામાં ઈન્દ્રિયપુષ્ટિ દેખાઈ અને રૂપિયાનો દુર્વ્યય બતાવ્યો આ પક્ષપાત નથી તો બીજું શું છે ? તમારા મતમાં દયા પાળવાવાળાને માલ-મસાલા ખવડાવો છો ત્યાં પાંચ ઈન્દ્રિયનું પોષણ અને રૂપિયાનો દુર્વ્યય નથી ? અને મૂર્તિ પૂજકો સંઘ વગેરે કાઢે તે દુર્વ્યય, ધિક્કાર છે. આવી અજ્ઞાનતાને, કોઈ શ્રાવક વિવેકી, ગુરુભક્તિ કરવાની ઈચ્છા કરે, તેઓની વૈયાવચ્ચ કરે તો તેમાં શ્રાવકનું કલ્યાણ છે. તેમાં તમારૂ કેમ પેટ દુખે છે. કોઈ વાયડગચ્છના જિનદત્તસૂરી જેવું ઇચ્છે તેવું કંઈક લખે આમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સકલ સંઘની જવાબદારી નથી તે વ્યક્તિગત વિષય છે તમારા કોઈ વિશિષ્ટ સભામાં રાગડા તાણીને શૃંગાર રસ પોષણ કરીને ધર્મથી વિરૂદ્ધ કામાદિની પુષ્ટિ કરતો એવો સ્ત્રીઓનો ગુરુ બનીને મનથી જેવું ઈચ્છે તેવું વર્તન ચલાવે તો તમારો સમાજ પતિત છે તેમ કહેવાશે ખરૂં ? પરમપૂજ્ય પૂર્ણત્યાગી સ્વનામધન્ય કુમારપાલ ભૂપાલ પ્રતિબોધક,

શાસનશિરતાજ શ્રીમદ્હેમચંદ્રાચાર્યમહારાજજીના માટે પણ તમારી પાપિની જીભ ખરાબ કહેવામાં રોકાતી નથી ત્યારે તો ઘણો જ મોટો ખેદ અમોને થાય છે. અને કહેવું પડશે કે મિથ્યાત્વથી વ્યાપ્ત થયેલી તમારી આત્માઓ નગ્ન તાંડવનૃત્ય કરી રહી છે. અને જ્યાં સુધી મિથ્યાત્વથી મરી રહી છે. ત્યાં સુધી તમોને અમારા સાચા ચરિત્ર, રાસ, કલ્પસૂત્રની મહિમા પવિત્રતા અને સાચી જિનવાણી કુમારપાળની પૂજાનું ફળ આદિ જીવન ઔષધિ કેવી રીતે બચાવી શકે? શ્રી વજ્રસ્વામી મહારાજ દ્વારા પુષ્પ લાવવાથી કેટલો મોટો લાભ થયો છે. એક બુદ્ધ ધર્માનુયાયી રાજા વિશાલ પ્રજાની સાથે જૈન ધર્મી બની જાય છે. આ પ્રકારનો લાભ મળવાવાળો હોય અને તેમના જેવી શક્તિ હોય તો અમો પણ પુષ્પ લાવવાને માટે તૈયાર છીએ જો તૈયાર ન રહીએ તો તમારા જેવા ધર્મભ્રષ્ટ અમો પણ કહેવડાવીયે. હાં પૂજા નથી કરી શકતા જેમ તમો બતાવી રહ્યા છો, કારણ કે શ્રી વજ્રસ્વામીમહારાજે પૂજા નથી કરી આ અજ્ઞાનીઓને ફૂલનું નામ આવે છે અને કાંટા ઉભા થઈ જાય છે. ઇન્દ્રશર્મા બ્રાહ્મણે ભગવાનની અચિત્તફૂલથી પૂજા કરી આ પ્રમાણે શ્રી હેમચંદ્રાચાર્યે મહાવીરચરિત્રમાં લખ્યું છે. આ દેખીને રતનલાલજીને પેટ દુઃખે છે. પરંતુ તેઓને ખબર જ ક્યાં છે કે સમવસરણમાં ઢીંચણ-ઢીંચણ સુધી ફૂલો દેવતાઓ વરસાવે છે અને તમો લોકો તેને અચિત્ત કહો છો, આ પણ કહેવું તે સૂત્ર વિરૂદ્ધ છે કારણ કે સૂત્રમાં "જલથી જન્મ પામેલા, સ્થળથી

જન્મ પામેલા" આ પ્રમાણે લખેલ છે. વૈક્રિય હોય તે પ્રમાણે નથી લખેલ તમો અને તમારા ગુરુ "પાણીથી અને સ્થળથી જન્મેલા જેમ કે ફૂલ" આ પ્રમાણે ખોટો અર્થ કરીને સૂત્રાર્થના ચોર બને છે કારણ કે "ઈવ" શબ્દ તો જલજ સ્થલજમાં પડેલો છે જ નહિ તો પછી "જેવો" શબ્દ ક્યાંથી ઘુસાડે છે બસ-બસ આવા ઉત્સૂત્ર પ્રરૂપણાના પાપકર્મથી તમારી બુદ્ધિ નાશ અને ભ્રષ્ટ થઈ ગઈ છે એટલે અષ્ટાપદ, ગિરનાર, શત્રુંજય આદિ બધા તીર્થોના શત્રુ બનો તો આશ્ચર્ય જ શું છે ? આવા પાપિઓને માટે પવિત્ર તીર્થની ભાવના ક્યાંથી થઈ શકે છે તમારા ગપ્પીદાસ ગુરુના કાન ભંભેરણીથી તમોને બધા જ ગપ્પીદાસ છે તેવો ખ્યાલ આવે છે કેવલીઓને સ્નાન કરાવવા માટે શત્રુંજી નદી ઈન્દ્ર લાવેલા છે. આવી અમારી માન્યતા નથી. તો પછી લાંબી લચક મશ્કરીથી કાગળ કાળા કરવા નિરર્થક જ છે. કેવલી સ્નાન કરી શકતા જ નથી અને કેવલીનો સિદ્ધ અર્થ કરીને તમોએ સ્વયંની પૂરેપૂરી અજ્ઞાનતા સાબિત કરી છે.

શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ માટે લખ્યું છે કે જેઓએ અગ્યાર અંગ અનેકવાર શુદ્ધ કર્યાં. બિચારા રતનલાલ આ મહારાજની હિન્દી લાઈનનો અર્થ પણ ન સમજી શક્યા અને લખી નાખ્યું કે વિજયદાનસૂરિજીએ ઈચ્છિત પરિવર્તન કર્યું કેવો અન્યાય ! વિજયદાનસૂરીશ્વરજી મહારાજ જેવા પરમત્યાગી, પાપભીરુ એક અક્ષરનો પણ ફેરફાર કરવા માટે તૈયાર થઈ

શકે ખરા ? ક્યારેય નહીં, હાં ઢુંઢિયાઓએ મૂર્તિ ઉત્થાપન કરવા માટે કેટલાય પાઠોના ફેરફાર કરી દીધા છે. કોઈ ઠેકાણે હડતાલ પર ઉતરીને પાઠ બગાડી નાખ્યાં છે ''યાદશી દષ્ટિસ્તાદશી સૃષ્ટિઃ''ના નિયમ અનુસાર રતનલાલજીએ સમજ્યા વગર મહાપુરૂષ શ્રીમદ્વિજયદાનસૂરીશ્વરજી મહારાજને માટે ઊંધી કલમ ચલાવી છે. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના લખવાનો મતલબ આ છે કે અનેકવાર લહીયાઓએ લખેલી પ્રતો ભંડારોથી કાઢી દષ્ટિગોચર કરી અને તેમાં કોઈ ઠેકાણે બિંદિ, માત્રા આદિ રહી ગયા હોય અથવા કોઈ અક્ષર રહી ગયો હોય તો તેને બીજી શુદ્ધ પ્રતિના અનુસાર સુધારી, મતલબ આ છે કે તેઓનું જીવન શાસ્ત્રના અધ્યયન સંશોધનમાં જ જતું હતું, અનેકવાર અગ્યાર અંગના સંશોધન કરવાનો કેટલો ઉંધો અર્થ લગાડ્યો છે. આનાંથી ભવ્ય જીવોએ વિચારવું જોઈએ કે રતનલાલજીએ આ પુસ્તકમાં કેવી ઊંધી ગંગા વહાવી છે. આ પ્રકારના શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ ઉપર વિદ્વાન મુનિ દર્શનવિજય ઉપર તથા મુનિશ્રી ન્યાયવિજય ઉપર જે આક્ષેપો લખેલા છે. બધા જ જુઠ્ઠા છે. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના લખેલા પાઠોની અમો પ્રતિ અક્ષરશઃ સિદ્ધિ કરવા માટે તૈયાર છીએ પરંતુ પુસ્તકની મોટાઈ જાડાઈ ફોગટની વધારવા માગતા નથી. એટલે જ અમોએ પહેલેથી જ સ્થાલીપુલાકન્યાયથી જ આનું ખંડન કરવાની પ્રતિજ્ઞા કરી છે. શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી મહારાજને પંજાબના અનેક નગરોમાં ઢુંઢિયાઓને

જડમૂળથી ઉખેડી નાંખ્યા જેથી ઈર્ષ્યાલુ બનીને તેઓ માટે જુઠ્ઠા આક્ષેપ આપી રહ્યા છો, બધા નકામા છે તેઓએ બીજી જગ્યાએથી પાઠ લીધા, તમો પણ બીજી જગ્યાએથી લઈ રહ્યા છો, એટલે તમો પણ જુઠ્ઠા છો કે શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી મહારાજ !

પ્રિય વાંચકો ! તમોને જાણ થાય કે આ પ્રમાણે ૧૮૦ પેજની પુસ્તકની સમાપ્તિ સુધી પિષ્ટપેષણ જુઠ્ઠી કલ્પના, ગ્રંથના આશયને સમજ્યા સિવાય સંઘ પટ્ટક, યોગશાસ્ત્ર, જૈન તત્વાદર્શ આદિ ગ્રંથોના નામ લખીને જે કંઈ લખ્યું છે સર્વથા પ્રકારે જુઠ્ઠાથી જ પુસ્તક ભર્યું છે અને અમો પહેલા જ અનેક સૂત્રોના પાઠોથી મૂર્તિપૂજા સિદ્ધ કરી ચૂક્યા છીએ.

"પંડિત બેચરદાસ આમ લખે છે તેમ લખે છે" આ કથનથી તમારી ઈચ્છા સફલ થઈ શકતી નથી કેમ કે તમારા જ સ્થાનકવાસી મુનિ પંચક જે ૩૫-૩૫ વર્ષોના દીક્ષિત તમારા કુપંથને છોડીને "મૂર્તિ બત્રીશ સૂત્રમાં છે. ઢુંઢિયા જુઠ્ઠા અર્થ કરે છે. આ પ્રમાણે કહે છે અને મૂર્તિપૂજક શ્વેતાંબર ધર્મનું શરણું લે છે આ વાતને કેમ ભૂલી જાવ છો ? બસ....બસ...શાસનદેવ તમોને સદ્‌બુદ્ધિ સમર્પણ કરે અને મુનિપંચકની માફક તમારી પણ કુમતિ ટળે..

**સમાપ્તમ્**

● ● ●


## પ્રશસ્તિ

પૂ. ન્યાયમ્ભોનિધિ શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજી મ.સાની
પરંપરામાં આવેલા પૂ. તપાગચ્છાચાર્ય કમલ-લબ્ધિ-
ભુવનતિલક-ભદ્રંકર અરૂણપ્રભસૂરિજી મ.સાના શિષ્ય ગણિ
વિક્રમસેનવિજયે સ્વર્ગસ્થ ગુરૂદેવોના દિવ્યાશિષ તથા
પૂ. આચાર્યપુણ્યાનંદ, મહાસેનસૂરિ મ.ના શુભાશિષ વડે
જામનગરે વિ.સં. ૨૦૬૯, આસો સુ. ૧૫
પૂ. કવિકુલકીરિટ આ. શ્રી લબ્ધિસૂરિજી મ.સાએ લખેલ
મૂર્તિમંડન હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ
પ્રારંભી વિ.સં.૨૦૭૧ ચૈત્ર સુદ-૧૩ ભરૂચતીર્થે
સમાપ્ત કર્યો.

શુભંભવતુ

• • •









# 50


સં.૨૦૧૭ સં.૨૦૬૭

**સ્વર્ગારોહણ**

**અર્ધશતાબ્દિ**
**સુવર્ણ વર્ષ**







## શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્યસદનના ઉપયોગી પ્રકાશનો

**અભ્યાસુ પૂ. સાધુ-સાધ્વી મ.સા.ને આ પ્રકાશનો ભેટ મળશે.**

| | |
|---|---|
| અધ્યાત્મસાર | - સંસ્કૃત ટીકા |
| અધ્યાત્મોપનિષત્ | - સંસ્કૃત ટીકા |
| વિજયોલ્લાસમહાકાવ્ય | - સંસ્કૃત ટીકા |
| લલિતવિસ્તરા | - સંસ્કૃત ટીકા |
| લલિતવિસ્તરા | - ગુજરાતી અનુવાદ |
| ઉત્તરાધ્યયનસૂત્ર | - મૂળ તથા ગુજરાતી અનુવાદ |
| દશવૈકાલિક સૂત્ર | - મૂળ તથા ગુજરાતી અનુવાદ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | - ગુજરાતી અનુવાદ |
| સ્તુતિતરંગિણી | - (ભાગ : ૧-૨-૩) |
| આચારાંગ સૂત્ર | - મૂળ તથા ગુજરાતી અનુવાદ (ભા. ૧-૨) |
| બારસાસૂત્ર | - મૂળ ફોટા સહ (પ્રતાકારે) |
| બારસાસૂત્ર | - ગુજરાતી અનુવાદ (પ્રતાકારે) |
| કલ્પસૂત્ર | - ચિત્રસંપૂટ |
| તત્ત્વન્યાયવિભાકર | - (ભાગ : ૧-૨) |
| મૂર્તિમંડન | - હિન્દી-ગુજરાતી |
| દયાનંદકુતર્કતિમિરતરણી | |
| નૂતન સ્તવનાવલિ | |
| પર્યુષણા અષ્ટાહ્નિકા | - ગુજરાતી અનુવાદ (પ્રત) |
| લબ્ધિદેવવંદનમાળા | |
| શાંતસુધારસ ભાવના | - સંસ્કૃત ગેય-કાવ્ય અન્વયાર્થ સહ |
| શ્રી નવસ્મરણ ગૌતમસ્વામી રાસ | (પ્રત) |
| શ્રી કલ્પસૂત્ર ખીમશાહી | - ગુજરાતી (પ્રત) |

પ્રાપ્તિસ્થાન : **શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**
રાજેશભાઈ નટવરલાલ શાહ, બજારમાં, છાણી-૩૯૧૭૪૦. ગુજરાત

Serving JinShasan
164554
gyanmandir@kobatirth.org

Printing by : kirit graphics-09898490091